દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 2 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 January 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# નવા વર્ષે ગુજરાતના ૨૬ આઈએએસ અધિકારીને પ્રમોશન મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નવા વર્ષની શરૂઆત સાથે આઈએએસ અધિકારીની બઢતીના પણ ઓર્ડર થયા હતા. બુધવાર (૧ જાન્યુઆરી)ના દિવસે ૨૬ આઈએએસ અધિકારીને પ્રમોશન મળ્યું હતું. જેમાં ૨૦૧૨ અને ૨૦૨૧ની બેચના આઈએએસ અધિકારીઓનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે રાજ્ય સરકારના વર્ષ ૨૦૧૨ની બેચના ૧૭ આઈએએસ અધિકારીઓના સિલેક્શન ગ્રેડને મંજૂરી આપી હતી. જેમાં ૮ કલેક્ટર, ૨ ડીડીઓ અને એક મ્યુનિસિપલ કમિશનર સહિત કુલ ૧૭ અધિકારીઓને પે મેટ્રિક્સ ૧૩નો લાભ આપવામાં આવ્યો હતો. આ સિવાય અન્ય ૯ આઈએએસ અધિકારીઓને સિનિયોરીટીમાં વધારો કરવામાં આવ્યો હતો.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ પરિપત્રમાં વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૨૧ બેચના અધિકારીઓના ગ્રેડમાં વધારો કરવામાં આવ્યો હતો. જેમાં વર્ષ ૨૦૧૨ની બેચના ૧૭ આઈએએસ અધિકારીઓના ગ્રેડ પેમાં વધારો કરવામાં આવ્યો હતો. જેમાં આ અધિકારીઓને લેવલ ૧૩ માં પે માં રૂપિયા ૧,૨૩,૧૦૦ થી ૨,૧૫,૯૦૦ સુધીનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૨૧ની બેચના ૯ આઈએએસ અધિકારીઓના ગ્રેડ પે માં વધારો ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં લેવલ ૧૧ પ્રમાણે આ અધિકારીઓના પે માં ૬૭,૨૦૦ થી ૨,૦૮, ૭૦૦ સુધીનો વધારો કરવામાં આવ્યો હતો.

૨૦૧૨ની બેચના જે આઈએએસ અધિકારીને બઢતી મળી તેમાં (૧) અમૃતેશ ઔરંગાબાદકરની એએમસીના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે બઢતી (૨) અમિત અરોરાની કલેક્ટર કચ્છ-ભુજ તરીકે બઢતી (૩) દિગ્વિજયસિંહ જાડેજાની ગીર સોમનાથના કલેક્ટર તરીકે બઢતી (૪) ગૌરાંગ મકવાણાની ભરૂચના કલેક્ટર તરીકે બઢતી (૫) તુષાર સુમેરાની રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તરીકે બઢતી (૬) સંજય કે. મોદી નર્મદા કલેક્ટર તરીકે બઢતી (૭) રાજેશ એમ. તન્ના સુરેન્દ્રનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી (૮) એ. બી. પટેલ ગાંધીનગર જોઇન્ટ ચીફ ઇલેક્ટોરલ ઓફિસર તરીકે બઢતી (૯) કે. સી. સંપત સુરેન્દ્રનગર કલેક્ટર તરીકે બઢતી (૧૦) એમ. કે. દવે ગાંધીનગર કલેક્ટર તરીકે બઢતી (૧૧) પ્રવીણ કુમાર ડી. પૈસાનાની કૃષિ, કિસાન કલ્યાણ અને સહકાર વિભાગના જોઇન્ટ સેક્રેટરી તરીકે બઢતી (૧૨) નૈમેશ એન. દવેની વલસાડ કલેક્ટર તરીકે બઢતી (૧૩) વી. એન. શાહની તાપી-વ્યારાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી (૧૪) એસ. કે. પ્રજાપતિની કચ્છ-ભુજ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી (૧૫) એસ. ડી. ધાનાણીની પોરબંદરના કલેક્ટર તરીકે બઢતી (૧૬) કિરણ ઝવેરીની મોરબી કલેક્ટર તરીકે બઢતી આપવામાં આવી હતી.

તે જ પ્રકારે ૨૦૨૧ની બેચના આઈએએસ અધિકારીની બઢતી કરાઈ હતી. જેમાં (૧) કાર્તિક જીવાણીની બનાસકાંઠાના સુઇગામના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે બઢતી (૨) જયંતસિંહ રાઠોરની સુરેન્દ્રનગરના પાટડીના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે બઢતી (૩) પ્રણવ વિજયવર્ગીયની પંચમહાલ-ગોધરાના શહેરાના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે બઢતી (૪) કલ્પેશ કુમાર શર્માની સુરેન્દ્રનગરના ચોટીલાના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે બઢતી (૫) નિશા, ગુજરાત લાઇવલી હૂડ પ્રમોશન કંપની લિ.ના જોઇન્ટ એમ.ડી તરીકે બઢતી (૬) અંચુ વિલ્સનની ખેડાના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે બઢતી (૭) સુનીલની કચ્છના અંજારના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે બઢતી (૮) આનંદ અશોક પાટીલની મહિસાગરના લુણાવાડાના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે બઢતી (૯) દેવેન્દ્ર પ્રકાશ મીણાને અરવલ્લીના મોડાસાના આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે બઢતી આપવામાં આવી હતી. ■

# ગુજરાત ગેસ કંપનીએ સીએનજી ગેસમાં કિલોએ દોઢ રૂપિયો વધાર્યો

## ૬ મહિનામાં ચોથી વખત વધારો ઝીંક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કાળઝાળ મોંઘવારીથી ત્રસ્ત લોકોને પડતા પર પાટું મારતા હોય તેમ ગુજરાત ગેસ કંપનીએ સીએનજી ગેસમાં પ્રતિ કિલોએ દોઢ રૂપિયો વધાર્યો ઝીંક્યો હતો. નવા વર્ષના પહેલા જ દિવસે સીએનજી ભરાવતા લોકો પર ગુજરાત ગેસ કંપનીએ દોઢ રૂપિયાનો વધારો કર્યો હતો. આ નવો ભાવ વધારો ૧ જાન્યુઆરીથી જ અમલી બનતાં વાહનચાલકોમાં રોષ વ્યાપી ગયો હતો, કારણ કે ગયા વર્ષે જ ત્રણ મહિનામાં સતત એક-એક રૂપિયાનો વધારો આવ્યો ને નવા વર્ષે પણ ફરી દોઢ રૂપિયા વધારવાની જાહેરાત થતાં લોકો પર ભારણ વધ્યું છે.

ગુજરાત ગેસ કંપનીએ છેલ્લા ૬ મહિનામાં જ સીએનજીમાં કિલોદીઠ ભાવમાં ૫ રૂપિયાનો વધારો કરાયો છે. રાજ્યમાં લાખોની સંખ્યામાં કાર અને રિક્ષા સીએનજી વાહનનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે કિલોદીઠ સીએનજીના ભાવમાં દોઢ રૂપિયા વધારો કરવામાં આવતાં હવે ૭૯.૨૬ પર પહોંચી ગયો છે. ભાવવધારા પહેલાં જૂનો ભાવ ૭૭.૨૭ રૂપિયા હતો. જો સીએનજી ગેસના ભાવમાં આવી રીતે જ વધારો થતો રહેશે તો વાહનચાલકો પેટ્રોલ અથવા ડીઝલ વાહનો તરફ વળશે અને પ્રદૂષણ વધશે. ■

# ગુજરાત સરકારે ૨૩ આઈપીએસ અધિકારીના પ્રમોશનના ઓર્ડર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે ૩૧ ડિસેમ્બરની મોડી રાત્રે ૨૩ આઈપીએસ અધિકારીના પ્રમોશનના ઓર્ડર કર્યા હતા. અધિકારીઓના ગ્રેડ અને પગાર ધોરણમાં વધારો કરવામાં આવ્યો હતો. પોલીસ ભરતી બોર્ડનાં ડિરેક્ટર જનરલ નીરજા ગુટરુને ડીજીપી કક્ષાએ પ્રમોશન અપાયું હતું. ગૃહ વિભાગનાં સચિવ નિપુણા તોરવણેને અગ્ર સચિવ સમકક્ષ બઢતી મળી હતી. આ દરમિયાન સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ કક્ષાના અધિકારીઓને તેમના ઉપલા સંવર્ગમાં બઢતી આપવામાં આવી હતી.

જે આઈપીએસ અધિકારીઓને પ્રમોશનનો લાભ મળ્યો હતો તેમાં ૧. નીરજા ગોટરુ, એડીજીપી, પોલીસ ભરતી બોર્ડ ડીજીપી, પોલીસ ભરતી બોર્ડ ૨. નિપુણા તોરવણે, સચિવ, ગૃહ એડીજીપી, ગૃહ ૩. હિતેશ જોયસર, એસપી, સુરત ગ્રામ્ય ડીઆઈજી, સુરત ગ્રામ્ય, ૪. તરુણ દુગ્ગલ, એસપી, મહેસાણા ડીઆઈજી, મહેસાણા, ૫. ચૈતન્ય માંડલિક, એસપી, સીઆઈડી ક્રાઇમ ડીઆઈજી, સીઆઈડી ક્રાઇમ ૬. સરોજકુમારી, એસપી, પશ્ચિમ રેલવે ડીઆઈજી, પશ્ચિમ રેલવે ૭. આર. વી. ચુડાસમા, કમાન્ડન્ટ, એસઆરપીએફ, ગ્રુપ-૯, વડોદરા ડીઆઈજી, એસઆરપીએફ, ગ્રુપ-૯, વડોદરા, ૮. આર. પી. બારોટ, ડીસીપી, ઝોન-૫, સુરત એડિ. કમિશનર, ઝોન-૫, સુરત, ૯. ડો. જી. એ. પંડ્યા, એસપી, સુરેન્દ્રનગર ડીઆઈજી, સુરેન્દ્રનગર, ૧૦. રાજન સુસરા, એસપી, મરિન ટાસ્ક ફોર્સ કમાન્ડર, હજીરા ડીઆઈજી, મરિન ટાસ્ક ફોર્સ કમાન્ડર, હજીરા, ૧૧. સુધા પાંડે, કમાન્ડન્ટ, એસઆરપીએફ, ગ્રુપ-૧૩, રાજકોટ ડીઆઈજી, એસઆરપીએફ, ગ્રુપ-૧૩, રાજકોટ, ૧૨. સુજાતા મજમુદાર, ડે. ડિરેક્ટર, સ્ટેટ પોલીસ એકેડેમી જોઈન્ટ ડિરેક્ટર, સ્ટેટ પોલીસ એકેડેમીમાં પ્રમોશન થયું હતું.

તે જ પ્રકારે સિલેક્શન ગ્રેડનો લાભ : ૧. સુધીર દેસાઈ, એસપી, ઇન્ટેલિજન્સ, ગાંધીનગર, ૨.બલરામ મીણા, ડીસીપી ઝોન-૧, અમદાવાદ, ૩. ડો. કરણરાજ વાઘેલા, એસપી, વલસાડ, ૪. એસ. વી. પરમાર, ડીસીપી ઝોન-૧, રાજકોટ સિટી, ૫. એ. એમ. મુનિયા, કમાન્ડન્ટ, એસઆરપીએફ ગ્રુપ-૫, ગોધરાનો સમાવેશ થાય છે. ■

# થર્ટી ફર્સ્ટની રાત્રે પોલીસનો સપાટો: રાજ્યમાં ૫૦૦થી વધુ પીધેલા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નવા વર્ષની ઉજવણી માટે યુવાનોમાં થનગનાટ જોવા મળ્યો હતો, જોકે પોલીસે પણ સમગ્ર રાજ્યમાં દારૂ પીધેલા લોકોને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. રાજ્યમાં થર્ટી ફર્સ્ટની નાઇટ દરમિયાન પોલીસે સપાટો બોલાવ્યો હતો. અમદાવાદમાં એક જ રાત્રીના ૨૦૦થી વધુ દારૂડિયા ઝડપાયા હતા. વલસાડના ચાર પોલીસ સ્ટેશનમાં પીધેલા કુલ ૨૫૦થી વધુ દારૂડિયા ઝડપાયા હતા. વાપી ટાઉન પોલીસમાં સૌથી વધુ ૧૪૦ કેસ નોંધાયા છે. પારડી પોલીસે ૪૦, વલસાડ ગ્રામ્ય પોલીસે ૩૬ દારૂડિયાને દબોચ્યા હતા. વલસાડ સિટી પોલીસે ૩૦ પીધેલાઓને ઝડપી પાડ્યા છે. અરવલ્લી જિલ્લામાં દારૂ પીધેલા ૪૮ લોકોની અટકાયત કરવામાં આવી હતી, તદુપરાંત શામળાજી, ભિલોડા સહિત જિલ્લાનાં ૧૨ પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓએ ૩૧મીની નાઇટ દરમિયાન સઘન કાર્યવાહી કરતાં અનેક પીધેલાને ઝડપ્યા હતા. અમદાવાદની સોલા સિવિલ હૉસ્પિટલમાં જ ૧૦૦થી વધુ શંકાસ્પદ દારૂડિયાઓનું મૅડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

ગુજરાત-રાજસ્થાન બોર્ડર પરથી અનેકને દારૂ સાથે ઝડપી લેવાયા હતા. તાપી પોલીસે થર્ટી ફર્સ્ટના દારૂ પીનારા લોકો સામે કાર્યવાહી કરી હતી. તાપી જિલ્લા પોલીસે એક જ રાત્રીના ૪૮ દારૂ પીનારાની અટકાયત કરી હતી. વ્યારા પોલીસે ૨૫, સોનગઢ પોલીસે ૧૮ નશાખોરને ઝડપી લીધા હતા. ઉકાઈ પોલીસે બે, કાકરાપાર પોલીસે બે અને ઉચ્છલ પોલીસે એકને ઝડપી લીધો છે. ગીર સોમનાથ પોલીસે પણ થર્ટી ફર્સ્ટના સ્પેશિયલ ડ્રાઈવ યોજી સમગ્ર જિલ્લામાંથી ૩૯ પીધેલાને ઝડપી પાડ્યા હતા. નશો કરી વાહન હંકારતા ૬૨ વિરુદ્ધ પોલીસે કાર્યવાહી કરી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે ૩૧ ડિસેમ્બર ડાન્સ પાર્ટી સાથે દારૂનું દૂષણ પણ રાજ્યભરમાં વધી જાય છે. જેને પગલે પોલીસે રાજ્યભરમાં સઘન ચેકિંગ શરૂ કર્યું હતું. આ ઉપરાંત અમદાવાદ પોલીસે સિંધુ ભવન પાસેથી ૩૧મીની રાત્રે ડ્રગ્સનો જથ્થો ઝડપ્યો હતો, તે મામલે બોડકદેવમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓએ દારૂની મહેફિલ માણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: થર્ટી ફર્સ્ટની રાત્રે સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ મહેફિલ માણી રહ્યા હતા ત્યારે જ રેડ પાડવામાં આવી હતી, જો કે રેડ પડી હોવાની જાણ થતાં જ ત્રણ વિદ્યાર્થી નાસી ગયા હતા. જ્યારે એક વિદ્યાર્થીને ઝડપી લેવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ રજિસ્ટ્રાર અને કુલપતિ ઘટના સ્થળે સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલયમાં પહોંચ્યા હતાં. વર્તમાન વિદ્યાર્થીઓ અને સસ્પેન્ડ થયેલા કેટલાક વિદ્યાર્થીઓ સાથે મળીને દારૂની પાર્ટી કરી રહ્યા હતા. યુનિવર્સિટી વિરુદ્ધ આચરણ માટે સસ્પેન્ડ કરાયેલ એક વિદ્યાર્થી પણ તે સમયે હાજર હતો. બધાએ મળીને દારૂની પાર્ટી યોજી હતી.

આ અંગેની જાણ થતાં જ સ્થળ પર પહોંચી ગયા હતા. બંધ રૂમમાં વિદ્યાર્થીઓ પાર્ટી કરી રહ્યા હતા, ત્યાં તપાસ કરવામાં આવી હતી. એક વિદ્યાર્થી ઝડપાઈ ગયો હતો, જ્યારે અન્ય ત્રણ વિદ્યાર્થીઓ રૂમની બહારથી અથવા બાલ્કનીમાંથી કૂદીને નાસી ગયા હતા. હોસ્ટેલના વોર્ડન ડો. ભરત ઠાકરે ફરિયાદમાં લખાવ્યું હતું કે, માહિતી મળી, ત્યારે સિક્યુરિટી ગાર્ડ મેહુલ મોદી સાથે હોસ્ટેલના રૂમમાં ગયા હતા. તે વખતે ચાર વિદ્યાર્થીઓ અંદર દારૂની મહેફિલ માણી રહ્યા હતા. પરંતુ ત્રણ વિદ્યાર્થીઓ ત્યાંથી ભાગી છુટવામાં સફળ રહ્યા, જેમાંથી મનોજ તિવારી અને અન્ય બે વિદ્યાર્થીઓ ભાગી છુટ્યા હતા, જ્યારે અભિજીત ઝડપાઈ ગયો હતો. હોસ્ટેલના પહેલા માળે આવેલી રૂમની બાલ્કનીમાંથી કૂદનાર વિદ્યાર્થી સસ્પેન્ડડ છે. પોલીસે આ ત્રણ વિદ્યાર્થીઓની શોધખોળ શરૂ કરી છે. ■

# અમદાવાદમાં રિક્ષાઓમાં ડિજિટલ મીટર ફરજિયાત

## પોલીસ કમિશનરના જાહેરનામાનો કડક અમલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ફરતી રિક્ષાઓમાં ડિજિટલ મીટર લગાવવાનું ફરજિયાત કરતું જાહેરનામું અમદાવાદ પોલીસ કમિશનરે બહાર પાડ્યું હતું. આ જાહેરનામાનો ૧ જાન્યુઆરી ૨૦૨૫થી અમલ થશે. રિક્ષાચાલકોના ઉગ્ર વિરોધ છતાં આ જાહેરનામાનો કડક અમલ કરવામાં આવશે. જે રિક્ષાઓમાં મીટર લગાવ્યાં નહીં હોય તેવા રિક્ષાચાલકો સામે કાર્યવાહી પણ કરવામાં આવશે સાથે સાથે રિક્ષામાં જરૂરી તમામ ડૉક્યુમેન્ટ્સ રાખવાં પડશે.

પોલીસ કમિશનરના જાહેરનામાનો રિક્ષાચાલકોએ વિરોધ કર્યો હતો, રિક્ષાચાલકોએ વિરોધ કરતાં જણાવ્યું હતું કે, ધંધા પડતા મૂકીને મીટર લગાવવા લાઈનમાં ઊભા રહેવું પડે છે. બીજી તરફ પોલીસ ઓલા, ઉબેર, રેપિડોવાળા સામે કંઈ કરતા નથી તેવા આક્ષેપ રિક્ષાચાલકોએ કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ડિજિટલ મીટર અંગે રિક્ષાચાલકોને ૧૫ દિવસ પહેલાં જ સૂચના અપાઈ હતી. અગાઉ રિક્ષાચાલકો મીટર વગર જ ઉચ્ચક ભાડાં સાથે મુસાફરોને સવારી કરાવતા હતા, પરંતુ હવે તેની સામે પોલીસ દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૨૫થી કાર્યવાહી થશે. તેથી દરેક રિક્ષાચાલકે મીટર લગાવવું જ પડશે. બીજી તરફ શહેરમાં ફરતી કેટલી રિક્ષાઓમાં મીટર લગાવવામાં આવ્યું નથી તેના કોઈ ચોક્કસ આંકડા પણ આરટીઓ પાસે નથી. કારણકે રિક્ષા જેવાં વાહનોમાં દર વર્ષે આરટીઓ પાસેથી ફિટનેસ સર્ટિફિકેટ લેવું જરૂરી છે, પરંતુ કેટલાક રિક્ષાચાલકો ગેરરીતિ કરે છે જેમાં જ્યારે ફિટનેસ કરવાની હોય ત્યારે મીટર લગાવી દેતા હોય છે અને ત્યાર બાદ રિક્ષામાંથી મીટર હટાવી લે છે. ■

# વર્ષ ૨૦૨૪માં અમદાવાદ-સુરત ઍરપૉર્ટ પરથી ₹. ૬૬ કરોડનું ૯૩ કિલોગ્રામ સોનું ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા એક વર્ષ (૨૦૨૪) દરમિયાન અમદાવાદ-સુરત ઍરપૉર્ટ પર સોનાની તસ્કરી વધી હતી. મળતી વિગતો મુજબ વર્ષ ૨૦૨૪માં ડીઆરઆઈએ કુલ ૬૬ કરોડ રૂપિયાનું ૯૩ કિલોગ્રામ ગોલ્ડ જપ્ત કર્યું હતું. વર્ષ દરમિયાન અમદાવાદ ડીઆરઆઈના અધિકારીઓએ દાણચોરીનું સોનું ઝડપવા માટે કેટલાંક દિલધડક ઑપરેશન પણ કર્યાં હતાં. આ પૈકીના એક કેસમાં તો એકસાથે ૪૮ કિલો સોનું ઝડપ્યું હતું. અમદાવાદના ઇન્ટરનેશનલ ઍરપૉર્ટ ઉપર અબુધાબીથી ૨૪ મેના રોજ બે પેસેન્જર ગોલ્ડ પેસ્ટ લઈને આવ્યા હતા. તેઓએ આ ગોલ્ડ અંડર ગારમેન્ટમાં છુપાવી દીધું હતું. ડીઆરઆઈના અધિકારીઓને જાણ થતાં તેઓએ તાત્કાલિક તેમનો પીછો કર્યો હતો. બંને ઍરપૉર્ટ સર્કલ નજીક એક હોટલમાં ગયા હતા. આ હોટલમાં અગાઉથી જ ચેન્નાઈની ગૅંગના કેરિયરો ફ્લાઇટ અને વંદે માતરમ એક્સપ્રેસના માધ્યમથી સવારે જ અમદાવાદ પહોંચી ગયા હતા.

અધિકારીઓ પહોંચ્યા ત્યારે માલની ડિલિવરી અપાતી હતી તેથી ડીઆરઆઈની ટીમે ગોલ્ડ લઈને આવનારા અને લેનાર મળીને કુલ ૧૦ લોકોની ધરપકડ કરીને ૧૦.૩૨ કિલોગ્રામ ગોલ્ડ જપ્ત કર્યું હતું. આ ગોલ્ડની કિંમત ૧૦ કરોડ ૩૨ લાખ થતી હતી.

તે જ પ્રકારે એપ્રિલ મહિનામાં સુરતમાં એક જ્વેલર્સને ત્યાં દરોડા પાડીને ૧૦ કરોડનું ૧૮ કિલો ગોલ્ડ જપ્ત કર્યું હતું. આ સોનું શારજાહથી આવેલા બે પેસેન્જરે ડિલિવર કર્યું હતું. આ બંને પેસેન્જરો દુબઈથી ગોલ્ડ લઈને શારજાહ અને ત્યાંથી સુરત ઍરપૉર્ટ આવ્યા હતા. આ ઉપરાંત જુલાઈ મહિનામાં શારજાહથી સુરત આવેલા ૪૮ કિલો ગોલ્ડ સાથે ત્રણ લોકોને ઝડપી લીધા હતા, જેની કિંમત ૨૫ કરોડ હતી.

ડીઆરઆઈએને નવેમ્બર મહિનામાં એક મહિલા પાસેથી ગોલ્ડ અને ૧૪૦૦ સિગારેટ મળી આવી હતી. ડિસેમ્બર મહિનામાં દુબઈથી આવેલી એક મહિલા પાસેથી કીમતી ઘડિયાળો મળી હતી, સુરત ઍરપૉર્ટ ઉપર પણ એક મહિલા પાસેથી બે કરોડનું ગોલ્ડ પકડાયું હતું. ડીઆરઆઈની ટીમે ૨૫ ડિસેમ્બરના રોજ બેંગકોકથી આવેલા પેસેન્જરના સામાનમાંથી ૨.૩૫ કરોડનું ત્રણ કિલોગ્રામ ગોલ્ડ જપ્ત કર્યું હતું. આ ગોલ્ડ ઍર કોમ્પ્રેસરની અંદર લગાવવામાં આવેલા પિસ્ટનમાં કન્સિલ કરીને છુપાવવામાં આવ્યું હતું.

# સુરતના હજીરાની સ્ટીલ કંપનીમાં ભીષણ આગ: ૪ કામદારો ભડથું થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના હજીરામાં વર્ષના અંતિમ દિવસે મોડી સાંજે આગની દુર્ઘટના સર્જાતાં ચાર કર્મચારીઓનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે એક કર્મચારી ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હજીરા ખાતે આવેલી આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ કંપનીના કોરેક્સ-૨ પ્લાન્ટમાં મંગળવારે સાંજે ભયાનક આગની ઘટના બની હતી. ચારેયના મૃતદેહો એટલી હદે બળી ગયા હતા કે, તેમની ઓળખ કરવી મુશ્કેલ બની હતી. મૃતકોની ઓળખ માટે ડીએનએ રિપોર્ટ કરવા પડશે. મૃતકોના પરિવારજનો હૉસ્પિટલ પર આવી પહોંચ્યા હતા અને રોષ વ્યક્ત કરતાં જોવા મળ્યા હતા.

મંગળવારેની સાંજે ૬ વાગ્યાના અરસામાં આ દુર્ઘટના બની હોવા છતાં મૃતકોના પરિવારજનોને મોડી રાત્રે જાણ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો. કંપનીના કોરેક્સ-૨ પ્લાન્ટમાં ભયાનક આગની ઘટના બની હતી. આ સમયે નજીકમાં કામ કરી રહેલા પાંચ કામદારો ગંભીર રીતે દાઝી ગયા હતા જેમાં ધવલ પટેલ, ગણેશ પટેલ, જીજ્ઞેસ પારેખ અને સંદિપ પટેલ નામના ચાર કામદારોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે એક કામદારને સારવાર માટે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, સુરતના હજીરામાં એએમએનએસ કંપનીના કોરેક્સ-૨ પ્લાન્ટમાં એક પાઈપલાઈનમાં રો મટીરિયલનું ટેમ્પરેચર વધુ હોય છે. તેમાં બ્લાસ્ટ થતાં લિફ્ટમાં ચાર લોકો હતા તેના મોત નીપજ્યાં હતાં. તમામ મૃતદેહોને પીએમ માટે રાખવામાં આવ્યા છે. ડીએનએ રિપોર્ટ બાદ તમામના પરિવારજનોને મૃતદેહ સોંપવામાં આવશે. સેફ્ટી રિલેટેડ જે ઓપિનિયન જોઈશે તે બોલાવીને લેવાશે અને આગળની કાર્યવાહી કરાશે.

# કોસંબામાં જવાબદારીમાં નિષ્ક્રિયતા દાખવનારા પીઆઈ અને પીએસઆઈ સહિત છ પોલીસકર્મીઓ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દારૂની હેરાફેરીને અટકાવવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ સક્રિય થઈ ગઈ છે. કોસંબામાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર એસએમસીની ટીમે બે દિવસ અગાઉ દરોડા પાડી ૩.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દરમિયાન સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાતાં અનેક સવાલો ઊઠ્યા હતા. જેથી જવાબદારીમાં નિષ્ક્રિયતા દાખવવા બદલ કોસંબા પોલીસ સ્ટેશન અને પાલોદચોકીના પીઆઈ અને પીએસઆઈ સહિત ૬ પોલીસકર્મીને સસ્પેન્ડ કરી દેવાયા હતા.

ગાંધીનગરથી સ્ટેટ મોનિટરિંગ સેલે બાતમીના આધારે કોસંબા પોલીસ મથક અને પાલોદ ચોકીની હદમાં આવેલા વાલેસા ગામમાં કીમ ખાડીના કિનારે ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડા પાડ્યા હતા. તે દરમિયાન દારૂનો વેપાર કરનારા ચાર શખ્સોને ૩.૯૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. આ દરોડા દરમિયાન સ્થાનિક પોલીસની જવાબદારીમાં નિષ્ક્રિયતા દેખાતાં કોસંબા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.કે. સ્વામી અને પાલોદ પોલીસચોકીના પીએસઆઈ આર. એમ. કોટવાલ, એક હેડ કૉન્સ્ટેબલ અમરતભાઈ તેમ જ ત્રણ પોલીસ કૉન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવાતાં પોલીસતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો.

બે દિવસ પહેલાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા બાતમીને આધારે દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન ખાડીકાંઠે ભાગદોડ પણ મચી હતી. દારૂનો વેપાર કરનારા ચાર શખસોને ૩.૯૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. આ દેશી દારૂના કેસમાં ૬ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરાતાં કોસંબા સહિત માંગરોળ તાલુકામાં તેમ જ પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો અને સુરત જિલ્લા પોલીસ બેડામાં પણ નારાજગી જોવા મળી હતી. ■

# વેપારીને લૂંટનાર ત્રણ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: હરિયાણાના બહાદુર ગઢના જજ્જર ગામમાં ડ્રીલ મશીનનો વેપાર કરનારા વેપારીને સ્થાનિક ઠગ ટોળકીએ બમણા પૈસા મેળવવાની લાલચમાં અંજાર બોલાવીને ધોળા દિવસે જાહેર રસ્તા પર ક્રિકેટ બેટ વડે જીવલેણ હુમલો કરીને આચરેલી ત્રણ લાખની લૂંટના ચકચારી ગુનામાં પોલીસે ભુજના કનૈયાબે ગામના સૂત્રધાર જમનશા ભચલશા શેખ (ઉં.વ.૨૩), નાસિરશા ભચલશા શેખ (ઉં.વ.૨૨) અને અબ્દુલ રઝાક જેથડા (ગરાસીયા) (૩૪), રહે. વીડી બગીચો, અંજાર)ની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ગુનાનો માસ્ટરમાઈન્ડ જમનશા શેખ હોવાનું બહાર આવ્યું હતું. ■

# ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓનું એક્રેડિટેશન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વર્ષ ૨૦૦૯થી ચાલતા ગુણોત્સવમાં શિક્ષણમાં બદલાતા પ્રવાહોનો સમાવેશ કરી વર્ષ ૨૦૧૯થી ગુણોત્સવ ૨.૦ એટલે કે સ્કૂલ એક્રેડિટેશનને નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓમાં એક્રેડિટેશન કરવામાં આવ્યું છે. જેના થકી શિક્ષણના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

રાજ્યમાં આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ અને બીજા સોપાનની કામગીરી ૩૦ ડિસેમ્બર ૨૦૨૪થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજાશે. જેમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આવરી લેવાશે. સાથે જ આશ્રમશાળાઓમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવશે. ગુણોત્સવ ૨.૦ માટે પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની માર્ગદર્શિકા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં કુલ ચાર ક્ષેત્રમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ સ્કૂલ એક્રેડિટેશનના ત્રીજા સોપાનમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હાજરી, સામયિક કસોટી, સત્રાંત કસોટી, પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા, બોર્ડની પરીક્ષા, જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા, જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા જેવી નવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે, ચોથા સોપાનમાં રાજ્યમાં સ્કૂલ એક્રેડિટેશન થયેલ શાળાઓ પૈકીની મહત્તમ ૩૩ ટકા સુધીની શાળાઓનું વેરિફાયર્સ દ્વારા ક્રોસ વેરિફિકેશન બાદ શાળાઓના રિપોર્ટ કાર્ડ પ્રસિદ્ધ કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાના આચાર્યો, મુખ્ય શિક્ષકો તેમ જ સી.આર.સી કોઓર્ડીનેટરને સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમ વર્ક સંબંધે જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા શુભાશયથી દિક્ષા પોર્ટલ પર ઑનલાઇન કૉર્સિસ પણ મૂકવામાં આવ્યા છે. જે રાજ્યના તમામ શિક્ષકોને સમયસર અને ઝડપી માર્ગદર્શન આપવામાં મદદરૂપ સાબિત થશે. ■

# ગુજરાતમાં નવા વર્ષે જ બે અકસ્માતમાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં

## ૧૨ લોકો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નવા વર્ષની શરૂઆતમાં જ ગંભીર અકસ્માતોમાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યો હતો. બનાસકાંઠાના સુઈગામ નજીક ભારત માલા હાઈવે પર લકઝરી બસ અને ટેન્કર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૧૦થી વધુ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. બીજી તરફ ખંભાળિયા- દ્વારકા હાઈવે પર ટ્રેક્ટર અને કાર અથડાતાં માતા અને પુત્રીનાં મોત થયાં હતાં. જ્યારે બે મુસાફરોને ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગરથી રાજસ્થાન તરફ જતી લકઝરી બસને બનાસકાંઠા જિલ્લાના સુઈગામ નજીક રોંગ સાઈડે પૂરપાટ આવતા ટેન્કરચાલકે ટક્કર મારી હતી. જેમાં ત્રણ મુસાફરોનાં ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં. જ્યારે ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચતાં સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાયા હતા. આ ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માતમાં લક્ઝરીનો કચ્ચરઘાણ વળી ગયો હતો. લક્ઝરી અને ટેન્કરને અલગ કરવા માટે ૩ ક્રેઇનની મદદ લેવી પડી હતી.

બીજા બનાવમાં રાજસ્થાનથી દ્વારકા દર્શન કરવા જઈ રહેલા એક પરિવારની કાર ખંભાળિયાથી દ્વારકા તરફ પસાર થતી હતી ત્યારે હાઈવે પર ટ્રેક્ટર સાથે અથડાતાં ૫૪ વર્ષીય મહિલા તેમ જ તેમની ૨૮ વર્ષની પુત્રીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે મુસાફરોને ઈજાઓ પહોંચતાં ૧૦૮ મારફતે ખંભાળિયાની સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતક માતા-પુત્રીના મૃતદેહને ખંભાળિયાની સિવિલ હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. ■

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 2 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 January 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૨ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કમર્શિયલ રાંધણગૅસ, વિમાનનું ઈંધણ સસ્તાં થયાં

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડતેલના ભાવને ધ્યાનમાં રાખીને હૉટલ અને રેસ્ટોરાંમાં વપરાતા કમર્શિયલ રાંધણગૅસના ૧૯ કિલોના સિલિન્ડરનાં ભાવમાં બુધવારે પ્રતિસિલિન્ડર રૂ. ૧૪.૫૦નો અને વિમાનના ઈંધણનાં ભાવમાં પ્રતિકિલોલિટર ૧.૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

સરકાર સંચાલિત ઈંધણ રિટેલ કંપનીના જણાવ્યા અનુસાર ઍવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)નાં ભાવમાં પ્રતિકિલોલિટર રૂ. ૧,૪૦૧.૩૭ કે પછી ૧.૫૨ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો જેને કારણે રાજધાની દિલ્હીમાં એટીએફનો ભાવ ઘટીને પ્રતિકિલોલિટર રૂ. ૯૦,૪૫૫.૪૭ થઈ ગયો હતો.

મુંબઈમાં બુધવારે એટીએફનો ભાવ ઘટીને પ્રતિકિલોલિટર રૂ. ૮૫,૮૬૧.૦૨ થઈ ગયો હતો.

અગાઉ વર્ષ ૨૦૨૪ની પહેલી નવેમ્બરે એટીએફનાં ભાવમાં પ્રતિકિલોલિટર રૂ. ૨,૯૪૧.૫ અથવા ૩.૩ ટકા અને પહેલી ડિસેમ્બરે પ્રતિકિલોલિટર રૂ. ૧,૩૧૮.૧૨ અથવા ૧.૪૫ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.

તેલ કંપનીઓએ ૧૯ કિલોના કમર્શિયલ ગૅસ સિલિન્ડરના ભાવમાં પ્રતિસિલિન્ડર રૂ. ૧૪.૫ ઘટાડતાં દિલ્હીમાં કમર્શિયલ ગૅસ સિલિન્ડરનો ભાવ ઘટીને પ્રતિસિલિન્ડર રૂ. ૧,૮૦૪ થઈ ગયો હતો.

કમર્શિયલ ગૅસ સિલિન્ડરના ભાવમાં સતત પાંચ વખત વધારો કરવામાં આવ્યા બાદનો આ પ્રથમ ઘટાડો હતો. વર્ષ ૨૦૨૪ની પહેલી ડિસેમ્બરે ૧૯ કિલોના કમર્શિયલ ગૅસ સિલિન્ડરના ભાવમાં પ્રતિસિલિન્ડર રૂ. ૧૬.૫નો વધારો કરવામાં આવ્યો હતો.

સતત પાંચ વખત કરવામાં આવેલા વધારાને કારણે કમર્શિયલ ગૅસસિલિન્ડરનો ભાવમાં પ્રતિસિલિન્ડર રૂ. ૧૭૨.૫ નો વધારો થયો હતો.

હાલ મુંબઈ, કોલકાતા અને ચેન્નઈમાં કમર્શિયલ ગૅસ સિલિન્ડરનો ભાવ પ્રતિસિલિન્ડર અનુક્રમે રૂ. ૧,૭૫૬, રૂ. ૧,૯૧૧ અને રૂ. ૧૯૬૬ છે.

વૅટ સહિતના સ્થાનિક કરને કારણે અલગ અલગ રાજ્યમાં એટીએફ અને ગૅસસિલિન્ડરના ભાવ જુદા જુદા જોવા મળે છે.

જોકે, ઘરેલું રાંધણગૅસના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હોવાનો કારણે ૧૪.૨ કિલોના સિલિન્ડરનો ભાવ પ્રતિસિલિન્ડર રૂ. ૮૦૩ રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડતેલ અને વિદેશી હૂંડિયામણના ભાવને આધારે સરકાર સંચાલિત તેલ કંપનીઓ દર મહિને એટીએફ અને રાંધણગૅસના ભાવની સમીક્ષા કરે છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં નહોતો આવ્યો. વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી અગાઉ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિલિટર બે રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.દિલ્હીમાં પેટ્રોલનો ભાવ પ્રતિલિટર રૂ. ૯૪.૭૨ અને ડીઝલનો ભાવ પ્રતિલીટર રૂ. ૮૭.૬૨ છે. (એજન્સી)■

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 69,930/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## જીએસટીની આવકમાં ૭.૩ ટકાનો વધારો

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૩ના ડિસેમ્બરની સરખામણીએ વર્ષ ૨૦૨૪ના ડિસેમ્બર મહિનામાં જીએસટીની કુલ સરેરાશ આવક ૭.૩ ટકા વધીને રૂ. ૧.૭૭ લાખ કરોડ થઈ હતી જેમાં રૂ. ૩૨.૮૩૬ કરોડ સેન્ટ્રલ જીએસટી-સીજીએસટી, રૂ. ૪૦,૪૯૯ કરોડ સ્ટેટ જીએસટી-એસજીએસટી, રૂ. ૪૭,૭૮૩ કરોડ ઈન્ટિગ્રેટેડ

(જુઓ પાનું ૨) ▶▶

# ગુજરાતમાં નવ મહાનગરપાલિકા રચાઈઃ બનાસકાંઠાનું વિભાજન

## વાવ-થરાદ નવો જિલ્લો જાહેર કરાયો



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને ૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લામાંથી નવો વાવ-થરાદ જિલ્લો બનાવવાની જાહેરાત કરી હતી.બીજી તરફ ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાના નિર્ણયને રાજ્ય મંત્રીમંડળ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

હાલનો બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં તાલુકાઓની સંખ્યાની દૃષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે. વિસ્તારની દૃષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે.

રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાનારા વાવ-થરાદ જિલ્લા અંગેની વિગતો આપતાં કહ્યું કે, હાલ આ જિલ્લાના ૧૪ તાલુકાઓમાંથી નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮ તાલુકાઓ તેમ જ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે. બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકાઓ પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકાઓ તેમ જ પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાઓનો સમાવેશ થશે.

તેમણે કહ્યું કે, બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક પાલનપુર અને વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રાખવાનું નક્કી કર્યું છે. આના પરિણામે અગાઉ વાવ-થરાદ જિલ્લા બાજુના આઠ તાલુકાઓને મુખ્ય મથક પાલનપુર જવા માટે જે અંતર લાગતું હતું તેમાં સરેરાશ ૩૫થી ૮૫ જેટલા કિ.મી. અંતરમાં ઘટાડો થશે તથા સમય અને ઈંધણની બચત થશે. આ બે નવા જિલ્લાઓના સર્જનથી સરકાર તરફથી મળતું ભંડોળ/ગ્રાન્ટમાં વધારો થશે. હવે આ નવા બનનારા વાવ-થરાદ જિલ્લા સાથે રાજ્યના કુલ જિલ્લાઓની સંખ્યા ૩૪ થશે.

બીજી તરફ રાજ્યમાં ૯

(જુઓ પાનું ૨) ▶▶



**મહાકુંભઃ** પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ ખાતે બુધવારે મહાકુંભ અગાઉ શ્રી પંચાયતી અટલ અખાડાના નાગા સાધુઓએ અને શ્રી શંભુ પંચાયતી અટલ અખાડાના નાગા સાધુઓએ છાવણી પેશવાઈ કે શાહી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. ૧૩ જાન્યુઆરીથી શરૂ થનારા કુંભમેળામાં અંદાજે ૪૫ કરોડ લોકો ભાગ લેશે તેવો અંદાજ છે. (એજન્સી)

## મુંબઈની કોર્ટે આઠ પાકિસ્તાનીને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી

મુંબઈઃ આશરે સાત કરોડ રૂપિયાની કિંમતના ૨૦૦ કિલોથી વધુ ડ્રગ્સ જપ્ત કરવાના ૨૦૧૫ના કેસમાં મુંબઈની એક વિશેષ અદાલતે આઠ પાકિસ્તાની નાગરિકોને બુધવારે ૨૦ વર્ષની કેદની સજા ફટકારી હતી.

નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબ્સ્ટન્સ (એનડીપીએસ) એક્ટના કેસ માટેના વિશેષ ન્યાયમૂર્તિ શશીકાંત બાંગરે આઠ વ્યક્તિને ડ્રગ વિરોધી કાયદા હેઠળ આચરવામાં આવેલા ગુના માટે દોષિત ઠેરવ્યા હતા. અપરાધીઓને એનડીપીએસ એક્ટ હેઠળ ૨૦ વર્ષની મહત્તમ જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત અદાલતે પ્રત્યેક દોષિતને બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

વર્ષ ૨૦૧૫માં ભારતીય તટરક્ષક દળે ગુજરાતના દરિયાકાંઠેથી ૬.૯૬ કરોડ રૂપિયાની કિંમતનું ૨૩૨ કિલો હેરોઇન

(જુઓ પાનું ૨) ▶▶

## દેશમાં ૨૦૨૪માં છેલ્લાં ૧૦૩ વર્ષની સૌથી વધુ ગરમી પડી

નવી દિલ્હી : સાલ ૨૦૨૪ વર્ષ ૧૯૦૧ પછીનું સૌથી ગરમ વર્ષ રહ્યું હતું અને આમાં સરેરાશ લઘુતમ ઉષ્ણતામાન દીર્ઘકાલીન સરેરાશ કરતાં ૦.૯૦ ડિગ્રી સેલ્સિયસ ઉપર રહ્યું હતું. ઈન્ડિયન મેટેરોલોજિકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી)ના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાએ ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપી હતી કે ભારતની જમીનની સપાટીની હવાનું વાર્ષિક સરેરાશ ઉષ્ણતામાન દીર્ઘકાલીન સરેરાશથી ૦.૬૫ ડિગ્રી

(જુઓ પાનું ૨) ▶▶

## કચ્છમાં ફરી ભૂકંપ

## ભચાઉ નજીક કેન્દ્રબિંદુ

ભુજઃ એક તરફ, ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧માં કચ્છને તારાજ કરનારા ભયાનક ધરતીકંપની પચીસમી વરસી નજીક આવી રહી છે ત્યારે બીજી તરફ, આ સરહદી જિલ્લાની ધરતીના પેટાળમાં વધેલી સીસ્મિક એક્ટિવિટીને પગલે, ભૂકંપ ઝોન-૫માં સમાવાયેલા સરહદી જિલ્લા કચ્છમાં મહાભૂકંપ બાદ શરૂ થઇ ગયેલો આફ્ટરશોક્સનો સિલસિલો જારી રહેતાં લોકોમાં ગભરાટ ફેલાયો છે.

તાજેતરમાં ગત ૨૯મી ડિસેમ્બરના રોજ ભચાઉથી ૧૮ કિલોમીટર દૂર આવેલા ભૂકંપના ૩.૨ની તીવ્રતાના શક્તિશાળી આંચકાના બે દિવસ બાદ નવા અંગ્રેજી વર્ષના પ્રથમ દિનની સવારના ૧૦ અને ૨૪ કલાકે ભચાઉથી ૨૩ કિલોમીટર દૂર ઉત્તર-ઉત્તર પૂર્વ દિશાએ એકલ મંદિરેથી ભરૂડિયા ગામ વચ્ચે કેન્દ્રબિંદુ ધરાવતો ૩.૨ની તિવ્રતાનો આફટરશોક ગાંધીનગર સ્થિત સિસમોલોજી કચેરી ખાતે નોંધાયો હતો જેના પગલે કેંદ્રબિન્દુની આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. ભયાવહ ભૂકંપની પચીસમી વરસી નજીકમાં જ છે ત્યારે અચાનક હાઇપર એક્ટિવ બનેલી કચ્છની

(જુઓ પાનું ૨) ▶▶

## મુરાદાબાદમાં ૪૪ વર્ષ બાદ મંદિર ખૂલ્યું

મુરાદાબાદઃ ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં કોમી હિંસાને કારણે બંધ કરવામાં આવેલા દૌલતાબાગ વિસ્તારના એક મંદિરને દાયકાઓ બાદ સ્થાનિક વહીવટીતંત્ર અને અધિકારીઓ દ્વારા ફરી ખોલવામાં આવ્યું હતું. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

આ ઘટનાક્રમ ઉત્તર પ્રદેશના વિવિધ ભાગોમાં બંધ અથવા બંધ કરાયેલાં કેટલાંક મંદિરોને પ્રાર્થના માટે ફરી ખોલવામાં આવ્યાં પછી સામે આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે ૪૪ વર્ષ બાદ સોમવારે મંદિરને ફરી ખોલવામાં આવ્યું હતું. નાગફની પોલીસ ઇન્સ્પેક્ટર સુનીલ

(જુઓ પાનું ૨) ▶▶

## ઈન્કમ ટૅક્સના સુધારેલા અને વિલંબિત રિટર્ન ફાઇલ કરવાની મુદત લંબાવાઈ

નવી દિલ્હીઃ આવકવેરા વિભાગે ભારતીય વ્યક્તિઓ માટે સુધારેલા અને વિલંબિત આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની અંતિમ તારીખ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી વધારી દીધી છે. જે વ્યક્તિઓએ સમયમર્યાદા પર અથવા તે પહેલાં આઇટીઆર ફાઇલ કર્યું છે તેઓ જો જરૂરી હોય તો સંશોધિત આઇટીઆર ફાઇલ કરી શકે છે. વિલંબિત આઇટીઆર તે લોકો ફાઇલ કરી શકે છે જેમણે સમયસીમા પર અથવા તે પહેલાં કોઈ આઇટીઆર ફાઇલ કર્યું નથી. સિંગલ વ્યક્તિઓ માટે આઇટીઆર ફાઇલ કરવાની મૂળ સમયસીમા ૩૧ જુલાઈ, ૨૦૨૪ હતી.

સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી) એ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ (એસેસમેન્ટ વર્ષ ૨૦૨૪-૨૫) માટે વિલંબિત અને સુધારેલા આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ લંબાવી છે. અગાઉ આ તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ હતી. હવે તેને વધારીને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ કરવામાં આવી છે. આ રાહત માત્ર વ્યક્તિગત આવક કરદાતાઓ માટે છે. આનો અર્થ એ થયો કે જેઓ

(જુઓ પાનું ૨) ▶▶

## નવા વર્ષના દિવસે આપ અને ભાજપ વચ્ચે પત્ર યુદ્ધ

નવી દિલ્હીઃ દિલ્હીની ચૂંટણી માટે આમ આદમી પાર્ટીના પ્રચારની વચ્ચે, અરવિંદ કેજરીવાલે આરએસએસના વડા મોહન ભાગવતને પત્ર લખીને ભાજપની રાજનીતિ વિશે અનેક પ્રશ્નો પૂછ્યા છે, જેનો ભાજપે એક પત્ર દ્વારા જડબાતોડ જવાબ આપ્યો છે. કેજરીવાલે પૂછ્યું છે કે 'ભાજપના નેતાઓ ખુલ્લેઆમ પૈસાની વહેંચણી કરી રહ્યા છે, શું આરએસએસ મત ખરીદવાનું સમર્થન કરે છે? દલિત અને પૂર્વાંચલીના મતદારોના નામ મોટા પાયા પર (મતદાર યાદીમાંથી) કાઢી નાખવામાં આવી રહ્યા છે. શું આરએસએસને લાગે છે કે આ લોકશાહી માટે સારું છે? શું આરએસએસને એવું નથી લાગતું

(જુઓ પાનું ૨) ▶▶

## મણિપુરના ગામ પર ઉગ્રતાવાદીઓનો હુમલો

ઈમ્ફાલ : શકમંદ ઉગ્રતાવાદીઓએ મણિપુરના ઈમ્ફાલ વેસ્ટ જિલ્લાના કદાન્ગબાદ વિસ્તારમાં તાજો હુમલો બુધવારે પરોઢિયે કર્યો હતો. આતંકવાદીઓએ કાંગપોકપી જિલ્લાની ટેકરીથી અત્યાધુનિક હથિયારો વડે ગોળીબાર કર્યો હતો અને નીચાણવાળા ઈમ્ફાલ વેસ્ટ જિલ્લાના કદાન્ગબાદ વિસ્તારમાં બૉમ્બ ફેંક્યા હતા. ગામના સ્વયંસેવકોએ જવાબી ગોળીબાર કર્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં રાખવા સુરક્ષાના વધારાનાં દળોને વિસ્તારમાં મોકલવામાં આવ્યા હતા. હુમલાથી કાચા ઘરોમાં રહેતા અનેક લોકોએ સલામત જગ્યા તરફ દોટ કરી હતી. મે ૨૦૨૩એ રાજ્યમાં આંતરવિગ્રહ થયો ત્યાર બાદ કદાન્ગબાદ વિસ્તારમાં આતંકવાદીઓએ અનેક હુમલા કર્યા છે. દરમિયાન સલામતી દળોએ મણિપુરના બિષ્ણુપુર અને થૌબલ જિલ્લામાં સર્ચ ઓપરેશન કરીને હથિયાર અને દારૂગોળાનો મોટો જથ્થો પકડ્યો હતો. સુરક્ષા દળોએ મંગળવારે બિષ્ણુપુરના થોન્ગખોન્ગલોક ગામમાંથી મેગેઝિન સાથેની એક એસએલઆર, એક .૩૦૩ રાઈફલ, એક.૧૨ બોર સિંગલ બેરલ ગન મેગેઝિન સાથે બે નવ એમએમ પિસ્તોલ, એક એન્ટિ-રાયટ ગન, બે આઈએનએસએએસ રાઈફલ, ચાર હેન્ડગ્રેનેડ, એક ડિટોનેટર, પાંચ એન્ટિ-રાયોટ શેલ, દારૂગોળો અને બીજી વસ્તુઓ મળી આવી હતી. સુરક્ષા દળોએ થૌબલ જિલ્લાના લૈશાન્ગ થેમ ઈકોપ પેટ એરિયામાં એક એન્ટિ મટરિયલ રાઈફલ અને મેગેઝિન, બે સિંગલ બોલ્ટ એક્શન રાઈફલ, ત્રણ ૯ એમએમ પિસ્તોલ(દેશી બનાવટના), એક હેન્ડગ્રેનેડ, ચાર એમકે-૧ ૩૮ી અને દારૂગોળો જપ્ત કર્યા હતા. ■

## પ્રજ્ઞાનાનંદની બહેન વૈશાલી વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચૅમ્પિયનશિપનો બ્રૉન્ઝ મેડલ જીતી



ન્યૂ યૉર્કઃ ચેસમાં ભારતીય ખેલાડીઓએ સુપર-પર્ફોર્મન્સથી સનસનાટી મચાવી દીધી છે અને સુપરસ્ટાર ખેલાડીઓમાં ડી. ગુકેશ (ક્લાસિકલ ચેસ) અને કૉનેરુ હમ્પી (રૅપિડ ચેસ) પછી હવે આર. વૈશાલીનો પણ સમાવેશ થયો છે. વૈશાલી વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચૅમ્પિયનશિપમાં બ્રૉન્ઝ મેડલ જીતી છે.

વૈશાલીએ ક્વૉર્ટર ફાઇનલમાં ચીનની ઝુ જિનેરને ૨.૫-૧.૫થી હરાવી હતી. જોકે સેમિ ફાઇનલમાં વૈશાલીનો ચીનની જ જુ વેન્જુન સામે ૦.૫-૨.૫થી પરાજય થયો હતો.

આ સ્પર્ધામાં ચીની ખેલાડીઓનું પ્રભુત્વ હતું અને જુ વેન્જુન ફાઇનલમાં પોતાના જ દેશની લેઇ ટિન્ગજીને ૩.૫-૨.૫થી પરાજિત કરીને ટાઇટલ જીતી હતી.

પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલા ઇન્ટરનૅશનલ ચેસ ફેડરેશન (ફિડે)ના ઉપ-પ્રમુખ વિશ્વનાથન આનંદે વૈશાલીને બ્રૉન્ઝ જીતવા બદલ અને આ સ્પર્ધામાં પડકારરૂપ પ્લેયર્સને લડત આપવા બદલ અભિનંદન આપ્યાં હતાં.

વૈશાલી દેશના જાણીતા ટીનેજ ચેસ ખેલાડી આર. પ્રજ્ઞાનાનંદની મોટી બહેન છે.

આનંદે સોશિયલ મીડિયામાં લખ્યું હતું કે 'વૈશાલી જે રીતે ક્વૉલિફાય થઈ એને હું પાવર-પૅક્ડ પર્ફોર્મન્સ તરીકે ઓળખાવીશ. તેણે દેશને

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકાના ન્યૂ ઓર્લિન્સમાં ટ્રકે ભીડમાં લોકોને કચડ્યાઃ ૧૦નાં મોત, 30 ઘાયલ

ન્યૂ ઓર્લિન્સઃ દક્ષિણ અમેરિકાના લ્યુઇસિયાના શહેર ન્યૂ ઓર્લિન્સમાં ભયાનક અકસ્માત થયો હતો. નવા વર્ષના પ્રથમ દિવસે એક ઝડપી પીકઅપ ટ્રક ભીડમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત થયાં છે. ઘટનાને નજરે જોનારા લોકોએ જણાવ્યું હતું કે અકસ્માત બાદ ડ્રાઈવર ટ્રકમાંથી બહાર આવ્યો અને તેણે ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

એક ન્યૂઝપેપરના રિપોર્ટ અનુસાર, લ્યુઇસિયાના શહેરમાં ન્યૂ ઓર્લિન્સમાં લોકપ્રિય પ્રવાસી સ્થળ ફ્રેન્ચ ક્વાર્ટરમાં બોર્બન સ્ટ્રીટ પર ભારે ભીડ એકઠી થઈ હતી.

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બિરેન સિંહને સૌથી અયોગ્ય નેતાનો એવોર્ડ આપવો જોઈએ

**ભારતમાં** છેલ્લાં બે વર્ષના સૌથી બેદરકાર રાજકારણીનો એવોર્ડ અપાતો હોય તો નિઃશંકપણે આ એવોર્ડ મણિપુરના મુખ્ય પ્રધાન એન. બિરેન સિંહને આપવો જોઈએ. મણિપુરમાં ૩ મે, ૨૦૨૩થી એટલે કે છેલ્લા ૨૦ મહિનાથી હિંસા ચાલી રહી છે. મણિપુરમાં ૩ મે, ૨૦૨૩થી કુકી-મૈતઈ સમુદાય વચ્ચે ચાલી રહેલી હિંસામાં ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને આ હિંસાને ૬૦૦થી વધુ દિવસો વીતી ગયા છે.

મણિપુરમાં ભાજપની સરકાર છે અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે, પણ કુકી-મૈતઈ સમુદાય વચ્ચે ચાલતી હિંસાને રોકવામાં બંને નિષ્ફળ ગયાં છે. આ હિંસા દરમિયાન હજારો લોકો બેઘર થયાં છે, સેંકડો મહિલાઓ પર બળાત્કાર થયા છે અને મહિલાઓને જાહેરમાં નિર્વસ્ત્ર કરીને ગેંગ રેપ કરવા સહિતની અતિ ઘૃણાસ્પદ ઘટનાઓ નોંધાઈ છે છતાં એન. બિરેન સિંહનાં પેટનું પાણી નહોતું હાલતું. બિરેન સિંહ સાવ સહજ બનીને સત્તાને વળગી રહ્યા છે અને ખુરશીને ચીટકી રહ્યા છે, પણ ખસતા નથી. બલકે કશું બોલતા જ નહોતા ને છેવટે ૨૦૨૪ના વરસના છેલ્લા દિવસે તેમણે મોં ખોલીને મણિપુરમાં થયેલી હિંસા અને તેમાં થયેલી જાનહાનિ માટે માફી માગી છે.

બિરેન સિંહે કહ્યું કે, મણિપુર માટે આખું વર્ષ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ રહ્યું છે અને હું તેના કારણે ખૂબ જ દુઃખી છું. ૩ મે, ૨૦૨૩થી આજ સુધી જે કંઈ પણ થઈ રહ્યું છે તેના માટે હું રાજ્યની જનતાની માફી માગું છું. બિરેન સિંહે સચિવાલયમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન પોતાને ખરેખર મણિપુરની હિંસાથી દુઃખ થયું હોય એવું બતાવીને કહ્યું કે, આ હિંસામાં ઘણા લોકોએ પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે, ઘણા લોકો તેમનાં ઘર છોડી ગયાં એ બદલ હું ખરેખર દિલગીર છું અને હું માફી માગવા આવ્યો છું.

બિરેન સિંહે છેલ્લા દોઢ વરસમાં થયેલી હિંસામાં શું શું થયું તેના હિસાબનો ચોપડો પણ ખોલ્યો અને જાહેર કર્યું કે, અત્યાર સુધીમાં લગભગ ૨૦૦ લોકો માર્યા ગયા છે અને કુલ ૧૨,૨૪૭ એફઆઈઆર નોંધવામાં આવી છે. ૬૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. લગભગ ૫,૬૦૦ હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.

બિરેન સિંહે વધાઈ પણ ખાધી છે અને કેન્દ્ર સરકારનાં મોંફાટ વખાણ પણ કર્યાં છે. બિરેન સિંહના કહેવા પ્રમાણે મણિપુરમાં હિંસા માટે કારણભૂત મુદ્દાઓને ઉકેલવામાં પણ સફળતા મળી છે. કેન્દ્ર સરકારે વિસ્થાપિત પરિવારોને મદદ કરવા માટે પૂરતા સુરક્ષા કર્મચારીઓ અને ભંડોળ પૂરું પાડ્યું છે અને વિસ્થાપિતો માટે નવાં મકાનો બનાવવા માટે પણ નાણાં આપ્યાં છે. આ બધા પ્રયત્નોના કારણે છેલ્લા મહિનાથી રાજ્યમાં શાંતિ છે અને હિંસાની કોઈ ઘટના બની નથી. છૂટાછવાયા વિરોધ પ્રદર્શન માટે પણ લોકો રસ્તા પર ઊતરતા નથી. સરકારી ઑફિસો દરરોજ ખૂલી રહી છે અને શાળાઓમાં બાળકોની સંખ્યા વધી રહી છે.

બિરેન સિંહે આર્મી દ્વારા ચલાવાઈ રહેલા ઓપરેશનની વિગતો પણ આપી છે. સરકાર દ્વારા જ અપાયેલી વિગતો પ્રમાણે, કાશ્મીરની જેમ રાજ્યમાં ચાલી રહેલા ઓપરેશન ક્લીનની અસર એ છે કે છેલ્લા એક મહિનામાં હથિયારો અને દારૂગોળાનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે અને સાથે સાથે આતંકવાદી સંગઠનોના ૨૦થી વધુ કાર્યકરોની પણ ધરપકડ કરવામાં આવી છે. બિરેન સિંહે બીજી પણ ઘણી વિગતો આપી છે અને તેનો સાર એ છે કે, મણિપુરમાં દોઢ વર્ષ લગી ભલે ગમે તે થયું, પણ હવે ઑલ ઈઝ વેલ. હવે સ્થિતિ અમારા કાબૂમાં છે તેથી ચિંતા કરવાની જરૂર નથી.

આશા રાખીએ કે બિરેન સિંહનો આશાવાદ સો ટકા સાચો પડે ને છેલ્લાં દોઢ વર્ષથી સતત ફફડતા જીવે જીવતા મણિપુરના લોકો ખરેખર શાંતિથી જીવે. અત્યારે જનજીવન સામાન્ય છે એવું સામાન્ય જ રહે, બાળકો નચિંત બનીને સ્કૂલે જઈ શકે, બેઘર થયેલા લોકોને ઘર મળે અને ફરી હિંસાની આગ ના ભડકે. અત્યારે ૬૦ હજાર લોકો તેમનાં ઘર છોડીને રાહત શિબિરોમાં રહે છે અને એ બધા પણ પોતપોતાના ઘરે પાછા જઈ શકે, પોતાના ધંધા-રોજગાર ફરી શરૂ કરીને આ દેશના મોટા ભાગના નાગરિકોની જેમ સામાન્ય જિંદગી જીવી શકે.

એક ભારતીય તરીકે આપણે મણિપુરમાં રહેતાં આપણાં ભારતીય ભાઈ-બહેનોનું ભલું ઇચ્છીએ છીએ તેથી ઈસવી સનના નવા વરસમાં મણિપુરવાસીઓને શાંતિ મળે તેની પ્રાર્થના જ કરીએ, પણ તેના કારણે બિરેન સિંહ સરકાર નિષ્ફળ છે ને બિરેન સિંહ સાવ નબળા મુખ્ય પ્રધાન છે એ વાસ્તવિકતા બદલાતી નથી. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પણ મણિપુરના મામલે સાવ નબળી સાબિત થઈ છે એ વાસ્તવિકતા પણ બદલાતી નથી.

મણિપુરમાં ખરેખર સામાન્ય સ્થિતિ હોય તોપણ તેનો જશ બિરેન સિંહ કે ભાજપની બંને સરકારોને જતો નથી, પણ ઈન્ડિયન આર્મીને જાય છે. મણિપુરમાં તહેનાત લશ્કરી અધિકારીઓએ પોતે કહ્યું છે કે, પહેલાં રાજકીય દખલગીરીને કારણે ઈન્ડિયન આર્મી કંઈ કરી શકતી ન હતી ને હિંસાખોરોને છૂટો દોર મળેલો કેમ કે રાજકારણીઓ તેમને છાવરતા હતા.

સ્થિતિ કાબૂ બહાર ગઈ પછી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે જખ મારીને ઇમ્ફાલ ખીણનાં ૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર એક્ટ (AFSPA) લાગુ કરવો પડ્યો ને લશ્કરને કમાન સોંપવી પડી, પછી સ્થિતિ કાબૂમાં આવી છે. આર્મીએ કડક બનીને ઘરે ઘરે ફરીને કૉમ્બિંગ કરવા માંડ્યું અને કડક બની એટલે હવે લોકો જાતે જ તેમનાં હથિયારો જમા કરાવવા આવી રહ્યાં છે. લોકો પાસે હથિયારો નથી એટલે હિંસા થતી નથી તેથી ખરો જશ આર્મીને જાય છે. બાકી સરકારે ને પોલીસે તો કશું કર્યું નથી. અત્યાર સુધીમાં ૧૧ હજારથી વધારે એફઆઈઆર નોંધવામાં આવી છે અને માત્ર ૫૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે તેના પરથી જ પોલીસ કેટલી અસરકારક છે એ સમજવાની જરૂર છે.

આર્મીએ આતંકવાદના બફર એરિયાઝ મનાતા વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરીને સપાટો બોલાવ્યો તેના કારણે પણ સ્થિતિ સુધરી છે. જ્યાં છેલ્લા દોઢ વર્ષમાં જવાની કોઈની હિંમત નહોતી એ વિસ્તારોમાં ઘૂસીને આર્મી હથિયારો જપ્ત કરી રહી છે તેથી શાંતિ છે. મણિપુરની વસતી લગભગ ૩૮ લાખની છે અને સમગ્ર રાજ્યમાં કેન્દ્રીય સશસ્ત્ર દળોની ૨૮૮ કંપનીઓમાં લગભગ ૪૦ હજાર સૈનિકો તહેનાત છે. મતલબ કે, દર હજાર લોકોએ એક સૈનિક હાજર છે. ભારતમાં બીજા કોઈ રાજ્યમાં આટલી મોટી સંખ્યામાં સૈનિકો હાજર નથી ને આ સૈનિકો હશે ત્યાં સુધી મણિપુરમાં શાંતિ રહેશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, ગુરુવાર, તા. ૨-૧-૨૦૨૫
ભારતીય દિનાંક ૧૨, માહે પૌષ, શકે ૧૯૪૬

- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩જો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર શ્રવણ ૨૩-૧૦ સુધી, પછી ઘનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૩ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૫, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૩-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૫ (તા. ૩)
- ઓટઃ સવારે ક. ૦૭-૩૭, રાત્રે ક. ૧૯-૧૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ - તૃતીયા. મુસ્લિમ ૭મો રજ્જબ માસારંભ.
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ચંદ્ર-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શ્રી દત્ત ઉપાસના દેવદર્શન, દત્તબાવની વાંચન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, વાહન સવારી, દુકાન, વેપાર, વિદ્યારંભ, માલ લેવો, હજામત, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, સીમંત સંસ્કાર, ખેતીવાડી, ધાન્ય ભરવું, રાજ્યાભિષેક, મંદિરમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, આંકડાના છોડનું પૂજન

આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા, ચંદ્ર-રાહુ ત્રિકોણ સાહસિક સ્વભાવ.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અલ્લાહનો સંદેશ સુરહ ફાતિહાની સાત આયતોમાં

**પવિત્ર** કુરાનમાં માત્ર મુસલમાનોને જ સંબોધ્યા છે એવું નથી. કોઈ પણ રાષ્ટ્ર અને પ્રજાના ભેદભાવ વગર તેમજ સ્થળ અને સમયની સીમાઓથી પર સમગ્ર વિશ્વના લોકો માટે એક માર્ગદર્શક બનીને એક એવો પયગામ - સંદેશ તેમાં બક્ષવામાં આવ્યો છે જે સર્વ સામાન્ય છે.

- 'સુરહ ફાતિહા' હઝરત મુહમ્મદ સાહેબની પયગંબરીના પ્રાથમિક કાળમાં ઊતરી હતી. આની સાત આયતો (કથનો; વાક્યો) છે. 'સુરહ' એટલે પ્રકરણ.
- આ સુરહનું સ્થાન કુરાનની પ્રસ્તાવના સમાન છે, તેથી જ આનું નામ 'સુરહ' રાખવામાં આવ્યું છે એટલે કે સાત પ્રકરણો.
- આ પ્રકરણોમાં આપેલી હિદાયત અર્થાત્ ધર્મજ્ઞાનની વિશેષતા એ છે કે અત્યંત તે સંક્ષિપ્ત - મુદ્દાસર, ટુંકમાં હોવા છતાં આમાં આખા; સંપૂર્ણ કુરાનનો સારાંશ સમાયેલો છે અને એટલે જ તે 'કુરાનનું મૂળ' હાર્દ કહેવાય છે.
- આ સુરહ પ્રાર્થનાની શૈલીમાં છે.
- એવી જ પ્રાર્થના જે એક નિર્મળ પ્રકૃતિના માનવીના અંતરના અવાજને હૃદયની ઊંડાણમાંથી ઉદ્ભવેલ પ્રશંસાનું ગીત છે.
- વિદિત હશે કે પવિત્ર કુરાન આજથી ૧૪૦૦/૧૫૦૦ વર્ષો પૂર્વે અરબસ્તાનમાં અરબી પયગંબર હઝરત મુહમ્મદ સાહેબ પર અરબી ભાષામાં ઈલાહી, અર્થાત્ આકાશવાણી દ્વારા નાઝિલ થયું, ઉતર્યું હતું.
- દુનિયામાં લખાતી - બોલાતી એવી કોઈ ભાષા નહીં હોય જેમાં તેનો અનુવાદ થયો નહીં હોય.
- સુરહ ફાતિહાની અનુક્રમે આ સાત આયતોનું ગુજરાતીમાં ભાવાનુવાદ આ મુજબ છેઃ

* 'અલ્લાહ અત્યંત રહમાન (દયાળુ) અને અનહદ રહીમ (કૃપાળુ)ના નામથી શરૂ કરું છુંઃ ૧ થી ૭ સુરહની આયત આ પ્રમાણે છેઃ

૧. પ્રશંસા અલ્લાહ માટે જ છે જે સમગ્ર સૃષ્ટિનો રબ (સ્વામી) છે.
૨. અત્યંત રહમાન (દયાળુ) અને અનહદ રહીમ (કૃપાળુ) છે.
૩. માલિકે યવ્મે દિન (ન્યાયના દિવસનો માલિક) છે.
૪. અમે તારી જ ઈબાદત (ઉપાસના) કરીએ છીએ અને તારી જ સહાય માગીએ છીએ.
૫. સીધા માર્ગ તરફ અમારી દોરવણી કર.
૬. તે લોકોનો માર્ગ જેમને તે ઈમાન (ઈશ્વર - અલ્લાહ પ્રત્યેની શ્રદ્ધા)થી ધન્ય કર્યાં, અને
૭. જેઓ ન તો તારા ક્રોધનો ભાગ બન્યા કે ન પદભ્રષ્ટ થયા.

* કોઈપણ સારું (શુભ) કાર્ય શરૂ કરતી વખતે આનાથી વધુ યોગ્ય અને સુંદર શબ્દોની અને હૃદયના ઊંડાણમાંથી આવતી; ઉદ્ભવતી અવાજની કલ્પના પણ શકય નથી અને એથી જ
* દરેક સારા કાર્યની આરંભે તે એટલે સુધી કે, ખાવા પીવાની શરૂઆત પણ આ શબ્દો 'બિસ્મિલ્લાહહિ ર્રહમાન રહીમ' જે બેહદ દયાળુ અને અનહદ કૃપાળુ છે...થી કરવી ઈસ્લામી સંસ્કૃતિનું લક્ષણ છે.
* કૃતજ્ઞતા અલ્લાહ માટે જ છેનો અર્થ છે કે ઈન્સાનને જે અસંખ્ય ભેટ અને દાન અર્પણ થયા છે તે ફક્ત અને ફક્ત અલ્લાહનો ઉપકાર છે, જેમ કે,
* જીવન સમાન મહાન ભેટ,
* ખાધપાનની ઉચ્ચ અભિરૂચિને અનુરૂપ ખાધ સામગ્રી
* નયનરમ્ય સંતાન
* બુદ્ધિ ને જ્ઞાનની સંપત્તિ અને બીજી
* પ્રગટ ને અપ્રગટ ભેટો...
* એ તમામ બાબતો જે ઈન્સાનને આદાન-પ્રદાન કરી જીવનને ખુશહાલી - હર્યુંભર્યું બનાવવા અર્પણ કરી છે તે માટે આભાર ફકત તેનો માનવો જોઈએ.
* તેના જ કૃતજ્ઞદાસ થઈ જીવન પસાર કરવું માનવી માટે યાગ્ય ગણાય.
* આભારની આ લાગણી ઈસ્લામના પાયાની ઈંટ છે.

- કલામે પાક (અલ્લાહની વાણી) કુરાનમાં ઠેકઠેકાણે

* અલ્લાહના સર્વોચ્ચ અધિકાર,
* ન્યાય ને જ્ઞાનનાં લક્ષણો મારફત,
* ન્યાયના દિવસની અનિવાર્યતા સિદ્ધ કરી છે.
* જેનું તાત્પર્ય એ છે કે જ્યારે
* અલ્લાહે સર્જેલ નિર્વાહ અને આશીર્વાદોની વિવિધ સામગ્રી દૃષ્ટિ સમક્ષ ચોખ્ખી રીતે ઈન્સાન જુએ છે તો તેનું અંતર પોકારે છે કે,
* ઈનામ અને શિક્ષાનો એક દિવસ ચોક્કસ હોવો જ જોઈએ જેથી સત્યપંથીઓને પૂરેપૂરું ઈનામ અને દુરાચારીઓને ન્યાયસર સજા મળી શકે.

- કુરાન કહે છે કે,

* જેણે તમારા માટે ધરતીની જાજમ પાથરી,
* આકાશ જેવી સુરક્ષિત છત બનાવી,
* પ્રકાશ આપવા સૂર્ય અને ચંદ્ર ચમકાવ્યા.
* તમારી સૌંદર્ય લાગણીને સંતોષવા મનમોહક તારાઓની ઝબૂકતી આકાશગંગાઓ શણગારી,
* પવનને તમારી ચાકર બનાવી,
* વર્ષા મારફત પાણીની હેરતભરી ગોઠવણ કરી,
* વનસ્પતિ ને અનાજ પેદા કરી તમારા ખાનપાનનો બંદોબસ્ત કર્યો,
* પ્રાણીઓને તમારે તાબે કર્યા,
* તમારા પહેરવેશ તેમ જ શોભા માટે પોશાક મેળવી આપ્યા... વગેરે વગેરે. અર્થાત્ જીવનને ખુશહાલ જેવું બનાવ્યું.

- પ્રસ્તુત લેખના વિષયનો સારાંશ એટલો જ છે કે,

* જેણે આ સૃષ્ટિનો શણગાર કરી આપણે માનવો પર ઉપકારોની વર્ષા કરી છે તેના વિષે તમે ધારો છો કે આ
* ધમધમતું કારખાનું રમતગમત ખાતર ઊભું કર્યું છે?
* અને કોઈ વિશેષ લક્ષ્ય એની પાછળ નથી?
* શું આનો હિસાબ તમારે આપવો નહીં પડે?

**પરમ સત્યઃ**

- કર્તવ્યની ભાવના જ પરલોક વિશે શ્રદ્ધાથી

* વ્યક્તિ, * ખુદા અને * લોકોના ઋણ ચુકવવા પ્રેરાય છે. * પરિણામે વ્યક્તિ જવાબદારીભર્યું જીવન વિતાવવા માંડે છે. * જાણે કે આખેરત (પરલોક - મૃત્યુલોકના અમર જીવન)માં માન્યતાઓના આશીર્વાદ અને કલ્યાણ આ લોકમાં જ પ્રગટવા શરૂ થઈ જાય છે.

* હા, શરત માત્ર એટલી જ કે જાણી-વિચારીને આ પરમ સત્યનો સ્વીકાર કરવો જોઈએ.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

* તકલીફથી વધીને અનુભવ શીખવવાવાળી શાળા આજ દિવસ સુધી નથી ખૂલી.

- પ્રેમચંદ

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતમાં નવ

મહાનગરપાલિકાની રચનાના નિર્ણયને કેબિનેટની બેઠકમાં મંજૂરી અપાઈ હતી. સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/વઢવાણ, મોરબી, પોરબંદર/છાયા અને ગાંધીધામ એમ કુલ ૦૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ ૦૮ મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જૂનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલી છે. આ સંદર્ભમાં આ ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં હવે રાજ્યમાં મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ અને નગરપાલિકાઓની સંખ્યા ૧૪૯ થશે. રાજ્યમંત્રી મંડળના નિર્ણય અનુસાર નવસારી નગરપાલિકા તેમ જ દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નવસારી મહાનગરપાલિકા બનશે. આ અંગે પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, મહાનગરપાલિકાઓમાં શહેરી આયોજન ટી.પી. સ્કીમ આધારિત અને ઓર્ગેનાઇઝ્ડ રીતે થતું હોવાથી ઉપલબ્ધ જમીનનો મહત્તમ ઉપયોગ થાય છે. મહાનગરપાલિકાઓમાં રોડ રસ્તા, કોમર્શિયલ, શૈક્ષણિક, કૉમ્યુનિટી, રમતગમતનાં મેદાન જેવા હેતુ માટે જમીન ફાળવવામાં આવશે. ■

### મુંબઈની કોર્ટે

ભરેલી બોટમાંથી આરોપીઓને પકડી પાડ્યા હતા. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર બોટમાં ૧૧ ડ્રમ અને ૨૦ પ્લાસ્ટિકના પાઉચ હતા.એમાં ઘઉંવર્ણા બ્રાઉન કલરનો પાવડર હતો. દરેક પૅકેટમાં રહેલી વસ્તુનું પરીક્ષણ કરતા એ હેરોઇન હોવાનું બહાર આવ્યું હતું,

આઠ પાકિસ્તાની નાગરિકો પાસે ત્રણ સેટેલાઇટ ફોન, જીપીએસ નેવિગેશન ચાર્ટ અને અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો પણ મળી આવ્યાં હતાં. બાદમાં તેમને દક્ષિણ મુંબઈની યલો ગેટ પોલીસને હવાલે કરવામાં આવ્યા હતા.

વિશેષ સરકારી વકીલ સુમેશ પુંજવાણીએ આરોપીઓને વધુમાં વધુ સજા કરવાની માગણી કરતાં કહ્યું હતું કે નશીલા દ્રવ્યોની અન્ય હેરાફેરી કરનારા માટે આ એક બોધપાઠ બની શકે છે. જોકે બચાવ પક્ષના વકીલે નરમ વલણ અપનાવવામાં આવે એવી રજૂઆત કરી હતી. બંને પક્ષને સાંભળ્યા બાદ અદાલતે નરમાઇ દર્શાવવાનો ઇનકાર કરી આઠેય આરોપીઓને મહત્તમ સજા ફટકારી હતી. (પીટીઆઈ)■

### જીએસટીની આવકમાં

આઈજીએસટી અને રૂ. ૧૧,૪૭૧ કરોડ સેસનો સમાવેશ થતો હોવાનું સરકાર દ્વારા બુધવારે બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૩ના ડિસેમ્બરમાં જીએસટીની કુલ આવક રૂ. ૧.૬૫ લાખ કરોડ થઈ હતી જેની સરખામણીએ વર્ષ ૨૦૨૪ના ડિસેમ્બરમાં જીએસટીની આવક ૭.૩ ટકા વધીને કુલ રૂ. ૧.૭૭ લાખ કરોડ થઈ હોવાનું બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ડિસેમ્બર ૨૦૨૪માં સ્થાનિક ટ્રાન્ઝેક્શન મારફતે થતી જીએસટીની આવક ૮.૪ ટકા વધીને રૂ. ૧.૩૨ લાખ કરોડ અને આયાત મારફતે થતી જીએસટીની આવક ચાર ટકા વધીને રૂ. ૪૪.૨૬૮ કરોડ થઈ હતી.

વાર્ષિક ૮.૫ ટકાના વૃદ્ધિદર સાથે નવેમ્બર ૨૦૨૪માં જીએસટી મારફતે રૂ. ૧.૮૨ લાખ કરોડની આવક થઈ હતી. એપ્રિલ ૨૦૨૪માં જીએસટીની આવક સર્વાધિક એટલે કે રૂ. ૨.૧૦ લાખ કરોડ થઈ હતી. એ મહિનામાં રૂ. ૨૨,૪૯૦ કરોડનું રિફંડ આપવામાં આવ્યું હતું છતાં વર્ષ અગાઉ એ જ સમયગાળામાં એકત્ર થયેલા જીએસટીમાં ૩૧ ટકાનો વધારો થયેલો જોવા મળ્યો હતો. રિફંડ ઍડજસ્ટ કર્યા બાદ જીએસટીની એકંદરે આવક ૩.૩ ટકા વધીને રૂ. ૧.૫૪ લાખ કરોડ થઈ હતી. (એજન્સી)■

### કચ્છમાં ફરી ભૂકંપ

ફોલ્ટલાઈનોમાં ભૂકંપના આંચકાઓનો દોર ચિંતાજનક રીતે વધી ગયો છે.

કચ્છમાં આમતો બે દાયકા અગાઉ આવેલા મહાવિનાશક ધરતીકંપ બાદ સતત આંચકાઓ આવી રહ્યા છે, પણ છેલ્લા સાત-આઠ મહિનામાં ભૂકંપના આંચકાઓનું પ્રમાણ અચાનક વધી ગયું છે. ■

### દેશમાં ૨૦૨૪માં

સેલ્સિયસ ઉપર રહ્યું હતું. આથી ૨૦૨૪એ ૧૯૦૧ પછીનું સૌથી ગરમ વર્ષ રહ્યું છે. આ ઉષ્ણતમાને ૨૯૧૬ની ગરમીને આંબી દીધી છે. ૨૦૧૬માં જમીનની સપાટીની હવાનું સરેરાશ ઉષ્ણતામાન સામાન્ય કરતાં ૦.૫૪ ડિગ્રી સેલ્સિયસ વધારે હતું. યુરોપિયન ક્લાઈમેટ એજન્સી કોપેરનિકસના જણાવ્યા પ્રમાણે ૨૦૨૪ની ગણના રેકોર્ડ પર સૌથી ગરમ વર્ષ તરીકે થશે. આ એવું પ્રથમ વર્ષ છે જેનું વૈશ્વિક સરેરાશ ઉષ્ણતામાન ઉદ્યોગોના ઉદભવ પહેલાંના લેવલથી ૧.૫ ડિગ્રી સેલ્સિયસ વધારે છે. ક્લાઈમેટ સાયન્ટિસ્ટના બે જૂથ વર્લ્ડ વેધર આટ્રિબ્યુશન અને ક્લાઈમેટ સેન્ટ્રલના વાર્ષિક સમીક્ષા અહેવાલ પ્રમાણે વિશ્વે ૨૦૨૪મા ખતરનાક ગરમીના ૪૧ વધુ દિવસ જોયા હતા. દરમિયાન ભારતીય હવામાન ખાતાએ આગાહી કરી છે કે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં જાન્યુઆરીમાં લઘુતમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહેશે. હવામાન ખાતાએ કહ્યું છે કે ભારતમાં મોટા વિસ્તારોમાં લઘુતમ ઉષ્ણતામાન પૂર્વ, વાયવ્ય અને પશ્ચિમ મધ્યના વિસ્તારોના અપવાદ સિવાય સામાન્ય કરતાં વધારે રહેશે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે મહત્તમ તાપમાન પણ વાયવ્ય, મધ્ય અને પૂર્વના વિસ્તારોના અપવાદ સિવાય સામાન્ય કરતાં વધારે રહેશે. મધ્ય ભારતના પશ્ચિમ અને ઉત્તરીય વિસ્તારોમાં વધુ શીત મોજું જોવા મળશે. (એજન્સી)■

### નવા વર્ષના દિવસે

કે ભાજપ લોકતંત્રને નબળું પાડી રહ્યું છે?' ભાજપના સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે આરએસએસના વડાને કેજરીવાલનો પત્ર 'મીડિયાનું ધ્યાન' ખેંચવાનો પ્રયાસ છે. સંઘ (આરએસએસ) ને લખો નહીં, તેમની પાસેથી શીખો. સેવાની ભાવના શીખો, તમારી રાજકીય ચાલ પાછળ છોડી દો'. ભાજપ પ્રદેશપ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, 'આજે મેં કેજરીવાલને એક પત્ર લખ્યો છે... અમે આશા રાખીએ છીએ કે તમે જૂઠ્ઠું બોલવાની અને છેતરપિંડી કરવાની તમારી ખોટી ટેવ છોડી દેશો અને તમારી અંદર અર્થપૂર્ણ પરિવર્તન લાવશો.' ■

### અમેરિકાના ન્યૂ

આ દરમિયાન વાહનને અકસ્માત નડ્યો હતો. ઘટનાના સાક્ષીઓએ જણાવ્યું હતું કે ભીડમાં જ ડ્રાઈવર ટ્રકમાંથી બહાર આવ્યો અને ફાયરિંગ શરૂ કર્યું હતું. અધિકારીઓનું કહેવું છે કે જ્યારે બોર્બન સ્ટ્રીટના ચોક પર પિકઅપ ટ્રકે લોકોને કચડ્યા હતા. તે સમયે લોકો નવા વર્ષની ઉજવણી કરી રહ્યા હતા. ન્યૂ ઓરલિયન્સના પોલીસ પ્રવક્તાએ સીબીએસ ન્યૂઝને જણાવ્યું હતું કે શરૂઆતના રિપોર્ટ્સ પરથી જાણવા મળ્યું કે ટ્રકે લોકોને કચડ્યા હતા. પાંચ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. લોકોને કૅનાલ અને બોર્બન સ્ટ્રીટના વિસ્તારથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે. ■

### મુરાદાબાદમાં

કુમારના જણાવ્યા અનુસાર પ્રશાસનના આદેશ પર પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની એક ટીમે મંદિરને ફરીથી ખોલવાનું કામ શરૂ કરી દીધું છે. મંદિરને ફરીથી ખોલવા માટે કોઇ વિરોધ કે અશાંતિ પેદા થઇ નથી. વળી સ્થાનિક લોકો આ પ્રયાસમાં સહકાર આપી રહ્યા છે. કુમારે જણાવ્યું કે મંદિરને ફરીથી ખોલ્યા બાદ જાણવા મળ્યું હતું કે મંદિરની કેટલીક મૂર્તિઓ ખોવાઇ ગઇ છે અથવા તો ગુમ થઇ ગઇ છે. ■

### ઈન્કમ ટેક્સના

૩૧ જુલાઈ, ૨૦૨૪ની સમયમર્યાદા ચૂકી ગયા છે અથવા તેમના રિટર્નમાં કેટલાક સુધારા કરવા માગે છે તેઓ પાસે હવે વધારાના બે અઠવાડિયા છે. સીબીડીટીએ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ એક પરિપત્ર જાહેર કરીને આ નિર્ણયની જાહેરાત કરી હતી. આનાથી તે લોકોને મોટી રાહત મળશે જેઓ કોઈ કારણસર સમયસર રિટર્ન ફાઈલ કરી શક્યા નથી. આ સમયમર્યાદા કલમ ૧૩૯(૪) હેઠળ વિલંબિત રિટર્ન અને કલમ ૧૩૯(૫) હેઠળ સુધારેલા રિટર્ન બંનેને લાગુ પડે છે. દંડથી બચવા માગતા લોકો માટે આ એક ગોલ્ડન તક છે. વિલંબિત રિટર્ન એ એવું રિટર્ન છે જે મૂળ સમયમર્યાદા એટલે કે ૩૧મી જુલાઈ પછી ફાઇલ કરવામાં આવે છે. આવા રિટર્ન ભરવા માટે દંડની જોગવાઈ છે. તેમાં કલમ ૨૩૪-એ હેઠળ દર મહિને ૧ ટકાના દરે વ્યાજનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૫ લાખ રૂપિયાથી વધુની આવક ધરાવતા લોકો માટે ૫,૦૦૦ રૂપિયા અને ૫ લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતા લોકોએ ૧,૦૦૦ રૂપિયાની લેટ ફી ચૂકવવી પડશે. તેથી સમયમર્યાદા વધારવાથી લોકોને દંડ ટાળવાની તક મળી રહી છે. ■

### પ્રજ્ઞાનાનંદની બહેન

મોટું ગૌરવ અપાવ્યું છે. ભારતીય ચેસ માટે ૨૦૨૪ના વર્ષનો અસાધારણ અંત આવ્યો છે. હજી ૨૦૨૧માં આપણને (ભારતને) લાગતું હતું કે આપણને આવનારાં વર્ષોમાં વધુ સારા ખેલાડીઓ મળશે. જુઓ, ૨૦૨૪માં આપણને વિશ્વ વિજેતા ખેલાડીઓ મળ્યા.' ઓપન વર્ગમાં નોર્વેનો વર્લ્ડ નંબર-વન મૅગ્નસ કાર્લસન અને રશિયાના ઇયાન નેપોમ્નીઆચ્ચીએ સંયુક્ત વિજેતા બનતાં બ્લિટ્ઝ ટાઇટલ શૅર કર્યું હતું. પહેલી વાર આ સ્પર્ધામાં ટાઇટલ સંયુક્ત રીતે અપાયું છે. ■

# નવા વર્ષની ઊજવણીમાં ૧૧.૪ મેટ્રિક ટન કચરો કર્યો મુંબઈગરાએ



**ચકાચક:** થર્ટી ફર્સ્ટ નાઈટની મજા ભલે મુંબઈગરાએ લૂંટી હોય, પાલિકાના કર્મચારીઓની કમર ભાંગી ગઈ હતી. શહેરીજનોએ પાર્ટી કર્યા બાદ કચરાને ગમે ત્યાં ઠાલવ્યો હતો. અંદાજે ૧૧ મેટ્રિક ટન કચરો શહેરના રસ્તાઓ પર ઠાલવવામાં આવ્યો હતો, જેને પાલિકા કર્મચારીઓ દ્વારા ઝડપી રીતે સાફ કરીને રોડને ફરી પાછા ચકાચક બનાવી દીધા હતા.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવા વર્ષના સ્વાગત માટે સાર્વજનિક સ્થળે મોટી સંખ્યામાં ભેગા થયેલા મુંબઈગરાએ મુંબઈમાં ઠેર ઠેર કચરો ફેંક્યો હતો, જેમાં મંગળવાર મોડી રાતથી બુધવાર વહેલી સવાર સુધીના સમયગાળામાં સુધરાઈએ ૧૧.૪ મેટ્રિક ટન કચરાની સફાઈ કરીને પરિસરને ફરી સ્વચ્છ કર્યા હતા.

દર વર્ષે નવા વર્ષની પૂર્વ સંધ્યાએ મુંબઈની જુદી જુદી ચોપાટી, બગીચા, સાર્વજનિક સ્થળોએ નવા વર્ષના સ્વાગત માટે મોટી સંખ્યામાં નાગરિકો જમા થયા હોય છે. આ દરમ્યાન લોકો ખાઈ-પીને કચરો તે જ સ્થળે ફેંકી દેતા હોય છે. તેથી દર વર્ષની માફક આ વર્ષે પણ સુધરાઈના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારી સહિત સફાઈ કર્મચારીઓ દ્વારા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ અને પહેલી જાન્યુઆરી, ૨૦૨૫ના મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રશાસનના જણાવ્યા મુજબ મંગળવાર રાતથી બુધવાર સવાર સુધીમાં ગેટ વે ઓફ ઈન્ડિયા, મરીન ડ્રાઈવ, ગિરગામ ચોપાટી, મઝગાંવમાં આવેલા મહારાણા પ્રતાપ ચોક, વીરમાતા જીજાભાઈ ભોસલે વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય જંકશન, કલા નગર જંકશન, બાન્દ્રા સ્ટેશન વિસ્તાર, જુહુ ચોપાટી, ગોરાઈ ચોપાટી, બોરીવલી માર્કેટ, આક્સા ચોપાટી, માર્વે ચોપાટી તેમ જ માનખુર્દ જેવા વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

આ ઝુંબેશમાં પાલિકાના અધિકારી, કર્મચારી તેમ જ બિનસરકારી સંસ્થાના પાંચ હજારથી વધુ લોકો શામેલ થયા હતા. પિકર, જેસીબી, ડમ્પર, બીચ ક્લીનિંગ મશીન, ઈ-સ્વીપર, મિસ્ટિંગ મશીન, કૉમ્પેક્ટર જેવા ૭૦ મશીનનો ઉપયોગ કરીને ૧૧.૪ મેટ્રિક ટન કચરો ભેગો કરવામાં આવ્યો હતો. ■

# લાડકી બહેનોનો લાડકો થયો એ જ સૌથી મોટું સન્માન: શિંદે

થાણે: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે, રાજ્યમાં લાડકી બહેન (મહિલાઓ)ના લાડકા ભાઈ તરીકે ઓળખાવું એ તેમના માટે સૌથી મોટું સન્માન છે.

ઉલ્લેખનીય છે કે, મહિલાઓને આર્થિક સહાય માટે લાડકી બહેન યોજના અગાઉની મહાયુતિ સરકાર દરમિયાન શરૂ કરવામાં આવી હતી, જ્યારે શિંદે મુખ્ય પ્રધાન હતા. નવેમ્બર ૨૦૨૪માં રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિની મોટી જીતનું શ્રેય આ યોજનાને આપવામાં આવે છે.

શિંદેએ સોમવારે રાત્રે થાણે જિલ્લામાં 'દિવા મહોત્સવ'માં હાજરી આપી હતી જ્યાં એક વક્તાએ રાજ્યની ચૂંટણી પછી મુખ્ય પ્રધાનમાંથી નાયબ મુખ્ય પ્રધાન બનવાના સંક્રમણ વિશે ટિપ્પણી કરી હતી.

તેનો જવાબ આપતાં શિંદેએ કહ્યું હતું કે, મને ગર્વ અને ખુશી એ વાતની છે કે ૨.૪૦ કરોડ લાડકી બહેનો મને લાડકા ભાઉ તરીકે ઓળખાવે છે. તેમણે ઉમેર્યું હતું



કે, આ માન્યતા મારા માટે સૌથી મોટું સન્માન છે. આ જવાબ સાંભળીને પ્રેક્ષકો તરફથી ખુશીનો અવાજ સંભળાયો. શિંદેએ એમ પણ કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી છે અને છેલ્લા અઢી વર્ષમાં (મહાયુતિ શાસનના) રાજ્યમાં થયેલી નોંધપાત્ર પ્રગતિ માટે આનો શ્રેય આપ્યો છે.

વડા પ્રધાને સતત રાજ્ય અને મહાયુતિને જરૂરી તમામ ટેકો આપ્યો છે, જેનાથી અમને રસ્તાના અવરોધોને દૂર કરવામાં અને અટકેલા પ્રોજેક્ટ્સને આગળ વધારવામાં મદદ મળી છે, એમ શિંદેએ કહ્યું હતું.

પોતાની રાજકીય સફર પર પ્રતિબિંબ પાડતા, શિંદેએ મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ફડણવીસના અવિરત સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો.

નાયબ મુખ્ય પ્રધાન તરીકે, હું તેમના આ સમર્થનનો બદલો આપી રહ્યો છું, અને સાથે મળીને અમારું લક્ષ્ય મહારાષ્ટ્રને અભૂતપૂર્વ વિકાસ તરફ આગળ વધારવાનું છે, એમ તેમણે જણાવ્યું હતું.

શિંદેએ થાણે જિલ્લાના દિવા શહેરને વિવિધ વિકાસ પહેલ દ્વારા એક અનોખી ઓળખ આપવા માટે, ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, સંકલિત નાગરિક સુવિધાઓ સાથે રહેઠાણ સુવિધાઓ અને મેટ્રો કનેક્ટિવિટી સહિત વિવિધ વિકાસ પહેલ દ્વારા તેને એક અનોખી ઓળખ આપવાની યોજનાઓ વિશે પણ માહિતી આપી. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રમાં નક્સલવાદનો અંત નજીક: ફડણવીસ

ગઢચિરોલી: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર નક્સલવાદ મુક્ત થવા તરફ આગળ વધી રહ્યું છે કારણ કે માઓવાદી કાર્યકરો પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરી રહ્યા છે અને ગેરકાયદે ચળવળમાં નવી ભરતીઓ નથી થઈ રહી. ગઢચિરોલીની મુલાકાત દરમિયાન, ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું કે જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં નક્સલવાદીઓનું વર્ચસ્વ સમાપ્ત થઈ રહ્યું છે અને ટોચના નક્સલવાદી દ્વારા શસ્ત્રો હેઠાં મૂકીને આત્મસમર્પણ કરવાના પગલાનું તેમણે સ્વાગત કર્યું છે.

'નક્સલવાદનો અંત નજીક છે,' એમ તેમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું.

માઓવાદીઓના વર્ચસ્વને દૂર કરીને ગઢચિરોલીને 'પ્રથમ જિલ્લો' બનાવવાની પ્રક્રિયા સરકારે શરૂ કરી છે, એમ પણ તેમણે કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, રાજ્યની પૂર્વ સરહદ પર આવેલા ગઢચિરોલીને ઘણીવાર મહારાષ્ટ્રનો છેલ્લો જિલ્લો તરીકે ઓળખાવવામાં આવે છે.

આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, ગઢચિરોલી છેલ્લો નથી, પરંતુ સરકાર માટે 'પ્રથમ જિલ્લો' (પ્રાથમિકતાની યાદીમાં) છે. ■

## ૧૧ નક્સલવાદીઓનું આત્મસમર્પણ

વરિષ્ઠ કેડર વિમલા ચંદ્ર સિદામ ઉર્ફે તારક્કા સહિત કુલ ૧૧ નક્સલવાદીઓએ બુધવારે ગઢચિરોલીમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

સુરક્ષા કર્મચારીઓ પર હુમલા કરવામાં સામેલ આ માઓવાદીઓ પર રૂ. ૧.૦૩ કરોડ રૂપિયાનું સામૂહિક ઇનામ હતું.

## આઝાદી પછી પહેલી વાર આ ગામમાં દોડી એસ.ટી.ની બસ

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે ગઢચિરોલી જિલ્લામાં કેટલાક વિકાસ કામોનું લોકાર્પણ પણ કર્યું હતું. જેમાં અહેરી - ગર્દેવાડા બસ રૂટનું ઉદઘાટન પણ સામેલ હતું. આઝાદી પછી ૭૭ વર્ષમાં પહેલી વાર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસ આ વિસ્તારમાં દોડી હતી. ફડણવીસે એમ પણ કહ્યું હતું કે આ વિસ્તારમાંથી હવે નક્સલવાદીઓનો પ્રભાવ ઓછો થયો છે અને પ્રશાસનનો પ્રભાવ ઊભો થયો છે.

આ પ્રસંગે દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે નક્સલવાદનો નાશ થયો છે. આજના દિવસનું વિશેષ મહત્વ એ છે કે આઝાદીના ૭૭ વર્ષમાં પહેલી વાર અહેરી - ગર્દેવાડા રૂટ પર બસ દોડી છે. પેનગોંડામાં નવી ચોકી બનાવી હવે અમે ગઢચિરોલી જિલ્લાને છત્તીસગઢ સાથે જોડવાનું કામ શરૂ કર્યું છે. માઓવાદીઓનો પ્રભાવ હતો એ વિસ્તારમાં હવે આપનો પ્રભાવ છે.' ■

# વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા...પવાર પરિવાર એકત્ર હોઉ દ્યા!

## શરદ અને અજિત પવાર એક થાય એવી પ્રાર્થના અજિતદાદાની માતાએ કરી

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનાં માતુશ્રી આશાતાઈ પવારે વિઠુરાયના ચરણોમાં પ્રાર્થના કરી હતી કે પવાર પરિવારમાં રહેલા વિવાદ - મતભેદ પૂરા થવા જોઈએ અને તમામ પવારને ફરી એકત્ર થવા જોઈએ. નવા વર્ષના પ્રારંભમાં તેમણે વિઠુરાય અને માતા રુક્મિણીના દર્શન કર્યા હતા. મહારાષ્ટ્રના રાજકારણમાં શરદ પવાર અને અજિત પવાર વચ્ચેની રાજકીય કટુતા જાણીતી છે. લોકસભાની ચૂંટણી હોય કે વિધાનસભાની ચૂંટણી; બારામતીમાં પવાર વિરુદ્ધ પવારની હરીફાઈ હતી. હવે ફરી એકવાર પવાર પરિવારને એકત્ર કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. એના ભાગરૂપે જ નવા વર્ષના પ્રથમ દિવસે અજિત પવારનાં માતુશ્રી પાંડુરંગના દર્શન કરવા આવ્યાં હતાં.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનાં માતુશ્રી આશાતાઈ પવારે બુધવારે સવારે શ્રી વિઠ્ઠલ અને રુક્મિણી માતાબના દર્શન કર્યા



બાદ સંવાદદાતાઓએ વિઠ્ઠલ ભગવાન પાસે શું માગ્યું એ સવાલ કરતા આશાતાઈ પવારે પવાર પરિવારના સભ્યો વચ્ચેના વિવાદનો અંત આવી ફરી ભેગા થઈ જાય અને રાજ્યની જનતાને સુખ અને સંતોષ મળે એવી બંને હાથ જોડીને પ્રાર્થના કરી હોવાનું જણાવ્યું હતું. નવા વર્ષના પ્રારંભે જ પંઢરપુરમાં અનેક ભાવિકો પધાર્યા છે અને સાવલી વિઠુરાયના ચરણોમાં નવા વર્ષના સંકલ્પો અને આશીર્વાદ લેવા માટે માત્ર રાજ્યમાંથી જ નહીં પરંતુ વિદેશથી પણ મોટી સંખ્યામાં ભાવિકો આવ્યા છે. ■

# મહારાષ્ટ્ર પહેલી એઆઈ પોલિસી બનાવશે, આ વર્ષના અંતમાં ડ્રાફ્ટ રજૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ટેક્નોલોજીકલ આધુનિકરણમાં મહારાષ્ટ્રને અગ્રણી બનાવવાના પગલાંરૂપે માહિતી અને ટેક્નોલોજી વિભાગ રાજ્યની પ્રથમ સ્વતંત્ર એઆઈ નીતિનો મુસદ્દો તૈયાર કરવાની છે.

આ નીતિમાં રાજ્યની આર્થિક અને સામાજિક પ્રાથમિકતાઓ સાથે સુસંગત રહીને હિસ્સેદારો તરફથી મળતા ઇનપુટનો સમાવેશ કરવામાં આવશે. તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તે પહેલાં નિષ્ણાતો અને ઉદ્યોગના અગ્રણીઓ દ્વારા તેની સમીક્ષા કરવામાં આવશે, અને આ વર્ષના અંતમાં તેનું અનાવરણ થવાની અપેક્ષા છે.

સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે આયોજિત એક બેઠકમાં એઆઈની પરિવર્તનશીલ સંભાવના પર ભાર મૂકાયો અને તેના ફાયદાઓનો ઉપયોગ કરવા માટે એક વ્યાપક રોડમેપની જરૂરિયાતની રૂપરેખાની આવશ્યકતા વ્યક્ત કરાઈ હતી.

આ ઇકોસિસ્ટમમાં મહારાષ્ટ્ર મુખ્ય ખેલાડી બને તે સુનિશ્ચિત કરવા માટે ઉદ્યોગો, વ્યવસાયો અને સરકારમાં એઆઈના એકીકરણની આસપાસ ચર્ચા થઈ હતી. એઆઈ ટેક્નોલોજીનો યુગ શરૂ થઈ ગયો છે, અને મહારાષ્ટ્રે નેતા તરીકે ઉભરી આવવા માટે આ તકનો લાભ લેવો જોઈએ. 'એઆઈનો ઉપયોગ કરીને, આપણે ઉદ્યોગોને આકર્ષિત કરી શકીએ છીએ, નવીનતાને પ્રોત્સાહન આપી શકીએ છીએ અને આપણા યુવાનો માટે રોજગારીનું સર્જન કરી શકીએ છીએ. આ ફક્ત ટેક્નોલોજી વિશે નથી, તે એક એવી ઇકોસિસ્ટમ બનાવવા વિશે છે જે ડિજિટલ યુગમાં દરેક ક્ષેત્રને વિકાસ માટે સશક્ત બનાવે છે,' એમ આઈટીના પ્રધાને જણાવ્યું હતું.

તેમણે ગયા વર્ષે ૧૦,૩૭૨ કરોડ રૂપિયાના બજેટ સાથે શરૂ કરાયેલ રાષ્ટ્રીય 'ઈન્ડિયા એઆઈ' મિશન સાથે મહારાષ્ટ્રના વિઝનને સાંકળવાના મહત્વ પર ભાર મૂક્યો. 'ઈન્ડિયા એઆઈ' ડેટાસેટ્સ પ્લેટફોર્મ, એઆઈ ઇનોવેશન સેન્ટર્સ અને સ્ટાર્ટ-અપ્સ માટે ભંડોળ ઉપલબ્ધતાની સહાય જેવી પહેલ સાથે એઆઈ ક્ષમતાઓને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

'ઈન્ડિયા એઆઈ' મિશન હેઠળ, કેન્દ્ર સરકાર આ મહિનાથી બિન-વ્યક્તિગત ડેટાસેટ્સ એકત્રિત કરવાનું શરૂ કરવા માટે સજ્જ છે. આ પ્રયાસનો હેતુ સ્ટાર્ટ-અપ્સ, સંશોધકો અને કંપનીઓ માટે સુલભ એક વ્યાપક ડેટાબેઝ બનાવવાનો છે. આ ડેટાસેટ્સ નવીન એપ્લિકેશનોને શક્તિ આપશે, ભાષા મૉડેલોમાં સુધારો કરશે અને વિશિષ્ટ એઆઈ સેવાઓને સુવિધા આપશે.■

# સીએસએમટી પર ટ્રેનના હૉર્નથી હેપી ન્યૂ યર

મુંબઈ: ૩૧ ડિસેમ્બરની મધરાતે ઘડિયાળના કાંટા ૧૨ વાગ્યાનો સમય દેખાડતા જ ઐતિહાસિક છત્રપતિ શિવાજી ટર્મિનસ (સીએસટી) સ્ટેશન ટ્રેનના હોર્નના અવાજથી રણકી ઊઠ્યું હતું. આ સ્ટેશન પર નવા વર્ષને આવકારવાની અનન્ય પરંપરા ચાલુ રાખવામાં આવી છે. સીએસએમટી પર એક સૂરમાં લયબદ્ધ હોર્ન વગાડતી તમામ ટ્રેનોનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વ્યાપકપણે શેર કરવામાં આવી રહ્યો છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે પણ આ વીડિયોને તેમના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર શેર કરી દરેકને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. વીડિયોમાં રેલવે સ્ટેશન પરની ઘડિયાળમાં ૦૦:૦૦ (મધરાતના ૧૨) બતાવતા જ સીએસએમટી સ્ટેશન અને રેલ શેડમાં રહેલી તમામ ટ્રેનો હોર્ન વગાડવા લાગી હતી. ■






# જાલનામાં અકસ્માત: ચારનાં મોત, બેને ઈજા

જાલના: મધ્ય મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં બુધવારે બપોરે કારે ઊભેલી ટ્રકને ટક્કર મારતાં એક જ પરિવારના ત્રણ સભ્ય સહિત ચાર વ્યક્તિનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું એમ પોલીસે જણાવ્યું હતું.સોલાપુર - ધુળે રોડ પર બપોરે એક વાગ્યાની આસપાસ થયેલા અકસ્માતમાં કારમાં સવાર બે વ્યક્તિને ઈજા થઈ હતી.એક અધિકારીએ જણાવ્યું હતું કે મૃત્યુ પામેલા લોકો અક્કલકોટમાં દર્શન કરી છત્રપતિ સંભાજી નગર પરત ફરી રહ્યા હતા. અંબાડ તાલુકાના મહાકાલ ગામમાં ટ્રક ખોટવાઈ જતા રસ્તા પર ઊભી રહતી ત્યારે કારએ પાછળથી ટક્કર મારી હતી. દુર્ઘટનામાં અનિતા પરશુરામ કુંટે (૪૮), ભાગવત ચોરે (૪૭), સૃષ્ટિ ભાગવત ચોરે (૧૩) અને વેદાંત ભાગવત ચોરે (૧૧)નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. કાર ચલાવી રહેલા પરશુરામ કુંટે અને છાયા ચોરેને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને છત્રપતિ સંભાજી નગરની પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વ્યસ્ત હાઇવે પરનો ટ્રાફિક લગભગ બે કલાક સુધી ખોરવાયો હતો. ઘટનાની તપાસ પોલીસ કરી રહી છે. (પીટીઆઈ)■

# રસ્તો ભૂલેલા ટ્રેકરો પર મધમાખીઓનું આક્રમણ

મુંબઈ: મુંબઇના સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનમાં (નેશનલ પાર્કમાં) ટ્રેકિંગ કરતી વખતે દસેક છોકરાઓ પર મધમાખીઓએ ત્રાટકી ડંખ માર્યો હતો. ઘટનાની જાણ થતાં જ વર્તકનગર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ અને ટીડીઆરએફના જવાનો તથા મહાનગરપાલિકાની ડિઝાસ્ટર ટીમ ઘટના સ્થળે પહોંચી છોકરાઓને હેમખેમ ભાર કાઢવાનું શરૂ કર્યું હતું. સાત છોકરાઓને તેમના પરિવારને સોંપવામાં આવ્યા છે અને ત્રણ જણને સારવાર માટે વિસ્તારની પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન થાણે નજીક યેઉરમાં આવેલું છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પર્વત પર ટ્રેકિંગ કરવા ગયેલા ૧૦ છોકરા રસ્તો ભૂલી ગયા હતા અને લગભગ ૪ કિ.મી. દૂર જંગલમાં પહોંચી ગયા હતા. આ છોકરાઓ મધમાખીના કરડવાના ડરથી જંગલની અંદર ફસાઈ ગયા હતા. એક છોકરાએ વર્તક નગર પોલીસ સ્ટેશનને ફોન કરીને જાણ કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

થાણે મહાનગરપાલિકાના ડિઝાસ્ટર વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ લગભગ દોઢ કલાકની મહેનત બાદ તમામ છોકરાઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. ■


દશા શ્રીમાળી સ્થા. જૈન



વાસાવડ નિવાસી હાલ બોરીવલી
સ્વ. લીલાવંતીબેન રમણીકલાલ વોરાના પુત્ર
જીતેન્દ્રભાઈ વોરા (ઉ.૭૫)
તે ભારતીબેનના પતિ,
તેજલ, મિતુલ તથા આરતીના પિતા,
સ્વ. દયાબેન મનહરલાલ પારેખ
(કાગદી)ના જમાઈ તા. ૩૧/૧૨/૨૦૨૪
મંગળવારના રોજ બોરીવલી રહેઠાણે
અરિહંત શરણ પામેલ છે.
પ્રાર્થનાસભા તથા
લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.
મિતુલ વોરા : 9320142795
TECHNO GROUP OF COMPANIES


# સાત પાલિકાએ એકેય આરટીઆઇ અરજીનો જવાબ આપ્યો નથી

મુંબઈ: રાજ્યની અંદાજ સાત પાલિકાએ નવેમ્બરમાં માહિતી અધિકાર (આરટીઆઇ) હેઠળની એક પણ અરજીનો જવાબ આપ્યો ન હોવાનું જાણવા મળ્યું છે.

વસઇ-વિરાર, અહિલ્યાનગર, ધુળે, જળગાંવ, લાતુર, પરભણી, સોલાપુરની એમ સાત પાલિકાએ આરટીઆઇ હેઠળની બધી અરજીઓ પેન્ડિંગ રાખી હોવાનું મંત્રાલયના એક રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે. આ સિવાય ચાર પાલિકામાં પેન્ડિંગ અરજીઓનું પ્રમાણ ૯૦થી ૧૦૦ ટકાની વચ્ચે હોવાની માહિતી પણ મળી છે.

મંત્રાલયના સંબંધિત અહેવાલમાં પેન્ટિંગ આરટીઆઇ અરજીઓ અને 'આપલે સરકાર' દ્વારા આવેલી અરજીઓ અને ઇ-ફાઇલિંગ બાબતની માહિતી આપવામાં આવી છે. સ્કૂલ વિભાગમાં સૌથી વધુ ૯૨ ટકા અરજીઓ પેન્ડિંગ છે. ત્યાર બાદ નાણાં વિભાગમાં ૮૬ ટકા, મહિલા અને બાળ વિકાસ વિભાગમાં ૮૨ ટકા અરજી પેન્ડિંગ છે.

રાજ્યના સાત જિલ્લાધિકારી કાર્યાલયમાં ૧૦૦ ટકા આરટીઆઇ અરજીઓ પેન્ડિંગ છે જેમાં ભંડારા, ધુળે, ગઢચિરોલી, હિંગોલી, કોલ્હાપુર, મુંબઈ ઉપનગર અને વર્ધા જિલ્લાધિકારી કાર્યાલયનો સમાવેશ થાય છે.

આ સિવાય ૧૫ જિલ્લા પરિષદમાં ૧૦૦ ટકા આરટીઆઇ અરજી પેન્ડિંગ છે જેમાં અકોલા, બીડ, ભંડારા, ચંદ્રપુર, ધુળે, ગોંદિયા, હિંગોલી, લાતુર, નાશિક, પુણે, થાણેનો સમાવેશ થાય છે. યવતમાળ જિલ્લા પરિષદમાં ૯૪ ટકા અને કોલ્હાપુર જિલ્લા પરિષદમાં ૯૩ ટકા અરજીઓ પેન્ડિંગ છે. ■


ૐ
શ્રી વીતરાગાય નમ:
આત્મા છું - પરમાત્મા છું
શુદ્ધ અને પૂર્ણ છું
દેહ મરે છે, હું નથી મરતો, અજર, અમર, અવિનાશી છું



શ્રી ડોલરરાય જમનાદાસ હેમાણી
૨ એપ્રિલ ૧૯૩૬ - ૨૯ ડીસેમ્બર ૨૦૨૪
શ્રદ્ધાસુમન
શ્રીમતી દેવિન્દ્રાબેન ડોલરરાય હેમાણી
રાજેનભાઈ - મીતાબેન હેમાણી
અંકિત - સમતા હેમાણી
રચિત- રુશિતા હેમાણી
રૂપાબેન - ધિલૌનભાઈ શાહ
છાયાબેન - શૈલેષભાઈ શાહ
તૃષાબેન - સંજીવભાઈ લાઠીયા
તથા
જમનાદાસ હેમચંદ હેમાણી પરિવાર

## ક્લાસિફાઈડ

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**

**તાત્કાલિક સમાધાન લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સાસ બહુ/પતિ-પત્ની અણબનાવ, લગ્નમાં રૂકાવટ, કામ ધંધામાં નુકસાન, પ્રેમમાં અસફળતા, છોકરા છોકરી કહેવામાં નથી. ફીસ કામ પછી. 9321554879. (૧૫૨૯૭-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699 (કાંદિવલી). (૧૫૨૫૦-એ)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# એર ઈન્ડિયાની ન્યૂ યર ગિફ્ટ: ફ્લાઈટમાં મળશે ફ્રી વાઈ-ફાઈ

મુંબઈ: નવા વર્ષે એર ઈન્ડિયાએ પોતાના મુસાફરોને મોટી ભેટ આપી છે. એર ઈન્ડિયા ડોમેસ્ટિક ફ્લાઈટ્સમાં ફ્રી વાઈ-ફાઈ ઈન્ટરનેટ શરૂ કરનાર પ્રથમ ભારતીય એરલાઈન બની છે. એર ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે એરબસ અ૩૫૦, બોઈંગ ૭૮૭-૯ અને એરબસ એ૩૨૧નિયો એરક્રાફ્ટમાં સવાર મુસાફરો ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકશે, સોશિયલ મીડિયા જોઈ શકશે, ૧૦,૦૦૦ ફૂટ ઉપર ઊડતી વખતે કામ કરી શકશે અથવા પ્રિયજનોને મેસેજ કરી શકશે.

એર ઈન્ડિયાના ન્યૂ યોર્ક, લંડન, પેરિસ અને સિંગાપોરના ઈન્ટરનેશનલ રૂટ પર આ સુવિધા પહેલાથી જ આપવામાં આવી રહી છે. હવે તેને પાયલટ પ્રોજેક્ટ પ્રોગ્રામ હેઠળ સ્થાનિક રૂટ પર પણ શરૂ કરવામાં આવી છે. એર ઈન્ડિયા તબક્કાવાર તેના કાફલાના અન્ય એરક્રાફ્ટ પર આ સેવા શરૂ કરવાની યોજના બનાવી રહી છે. એરલાઇન્સે જણાવ્યું હતું કે આઈઓએસ અથવા એન્ડ્રોઈડ ઓએસવાળા લેપટોપ, ટેબલેટ અને સ્માર્ટફોન પર વાઈ-ફાઈ સર્વિસ ફ્રીમાં ઉપલબ્ધ થશે. એર ઈન્ડિયાના મુખ્ય ગ્રાહક અનુભવ અધિકારી રાજેશ ડોગરાએ જણાવ્યું હતું કે કનેક્ટિવિટી હવે આધુનિક મુસાફરીનો અભિન્ન ભાગ બની ગઈ છે. અમને વિશ્વાસ છે કે અમારા મુસાફરોને આ સગવડ પસંદ આવશે અને એર ઈન્ડિયાના એરક્રાફ્ટમાં બેસીને નવા અનુભવનો આનંદ માણશે.

# ફાયરબ્રિગેડ દ્વારા ૬૪૧ વ્યાપારી એકમનું ઈન્સ્પેક્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવા વર્ષની ઉજવણી દરમિયાન હોટલ તથા એસ્ટાબ્લિશમેન્ટમાં કોઈ પ્રકારની દુર્ઘટના સર્જાય નહીં તે માટે મુંબઈ ફાયરબ્રિગેડ દ્વારા ૨૩ ડિસેમ્બરથી જુદી જુદી હોટલો અને એસ્ટાબ્લિશમેન્ટનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ સમય દરમિયાન ફાયરબ્રિગેડે હોટલ, રેસ્ટોરાં મોલ સહિત જુદા જુદા ૬૪૧ એસ્ટાબ્લિશમેન્ટની તપાસ કરી હતી, જેમાં ત્રણ એસ્ટાબ્લિશમેન્ટમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું ન હોવાનું જણાઈ આવતા તેમને નોટિસ ફટકારવામાં આવી હતી.

# સમસ્યાઓ ઉકેલવા માટે લોકોને મનસે યાદ આવે છે, મતદાન કરતી વખતે ભૂલી જાય છે: રાજ ઠાકરે

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે, લોકો કોઈપણ સમસ્યાનું સમાધાન ઇચ્છે ત્યારે તેમના પક્ષને યાદ કરે છે, પરંતુ ચૂંટણીના દિવસે તેની અવગણના કરે છે. નવા વર્ષ નિમિત્તે એક્સ પરની એક પોસ્ટમાં, રાજ ઠાકરેએ પક્ષના કાર્યકરોને ચૂંટણી પરિણામો પાછળ મૂકીને આગળ વધવા અપીલ કરી હતી, એમ કહીને કે તેઓ ટૂંક સમયમાં તેમની સાથે વાત કરશે અને ભવિષ્યની કાર્યવાહી પર વ્યાપક દિશા આપશે.

'... ચોક્કસ કેટલીક બાબતો બદલાઈ નથી... લોકો દરેક સમસ્યાના ઉકેલ માટે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને યાદ કરે છે, પરંતુ મતદાન કરતી વખતે તેને અવગણે છે, એમ તેમણે કહ્યું હતું. ૨૦ નવેમ્બરની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મનસેએ ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૧૨૫ બેઠકો પર ચૂંટણી લડી હતી, પરંતુ એક પણ બેઠક મળી નહોતી. રાજના પુત્ર અમિત ઠાકરે પણ મુંબઈની માહિમ બેઠક પર હારી ગયા હતા.

ઠાકરેએ એવો પણ દાવો કર્યો હતો કે ચૂંટણી પરિણામોના થોડા અઠવાડિયા પછી, રાજ્યમાં મરાઠી ભાષીઓ સામે 'જુલમ' શરૂ થયો હતો. તેમણે ઉમેર્યું હતું કે લોકોને અપેક્ષા હતી કે મનસે આ કેસોમાં કાર્યવાહી કરશે અને તેવું જ થયું હતું. મનસેના વડાએ કહ્યું કે, 'મરાઠી માણુસ' (મૂળ મહારાષ્ટ્રીયન) નો ઉપયોગ ફક્ત મત માટે થઈ રહ્યો છે તે સ્પષ્ટ થઈ ગયું છે. (પીટીઆઈ)■

## છેલ્લા પાનાનું ચાલુ

### એસઆઈટીની રચના

ઓફિસમાં કરાડ અને તેના સાથીઓ કારમાં પહોંચ્યા હતા.

પ્રાથમિક તપાસ હાથ ધરાઇ હતી અને તેને બીડ સીઆઇડી ટીમને સોંપવામાં આવ્યો હતો જે હત્યા અને ખંડણી કેસમાં તપાસ કરી રહી છે, એમ ઇન્સ્પેક્ટર જનરલ પોલીસ સારંગ આવાડે જણાવ્યું હતું.

બીડ જિલ્લાના કેજ ખાતેની કોર્ટમાં હાજર કરાતા તેને ૧૪ દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. કરાડે શરણાગતિ સ્વીકારવા પહેલા એક વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો અને દાવો કર્યો હતો કે રાજકીય કાવતરાં હેઠળ તેને આ હત્યા સાથે જોડવામાં આવી રહ્યો છે.

સરપંચ સંતોષ દેશમુખનું અપહરણ અને હત્યા કેસમાં અત્યાર સુધી ચાર જણની ધરપકડ કરાઇ છે, જ્યારે ખંડણી કેસનામ કરાડનું નામ ભાગેડુ આરોપી તરીકે હતું. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી રહી હોવાના આક્ષેપ સાથે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ટીકા થઇ રહી હતી ત્યારે મંગળવારે તેમણે કહ્યું હતું કે રાજ્યમાં ગુંડારાજ સહન કરવામાં નહીં આવે, પરતું કરાડની ત્રણ અઠવાડિયાથી ધરપકડ ન કરાઇ હોવાને કારણે વિપક્ષો દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યા હતા. વિધાનસભાના શિયાળુ સત્રમાં વિપક્ષો દ્વારા આક્ષેપ કરાયો હતો કે સરપંચની હત્યા પાછળ કરાડનો હાથ છે.

તપાસ ટીમનું નેતૃત્વ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઇડી)ના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ બસવરાજ તેલી કરશે. ટીમના અન્ય સભ્યોમાં નાયબ પોલીસ અધિક્ષક અનિલ ગુજર, બીડના સ્થાનિક ગુના શાખાના મદદનીશ પોલીસ નિરીક્ષક વિજયસિંહ જોનવાલ, લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ મહેશ વિઘ્ને, કેજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આનંદ શિંદે, એએસાઇ તુલશીરામ જગતાપ અને પોલીસ કોન્સ્ટેબલ મનોજ વાઘ, ચંદ્રકાંત કાલકુટે, બાલાસાહેબ અહંકરે અને સંતોષ ગીટ્ટેનો સમાવેશ થતો હોવાનું રાજ્યના ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે. રમ્યાન, મસ્સાજોગ ગામમાં લોકોએ બુધવારે સરપંચ સંતોષ દેશમુખની ક્રૂર હત્યાના કેસમાં ફરાર આરોપીઓની ધરપકડની માગણી સાથે 'જળ સમાધિ' આંદોલન શરૂ કર્યું હતું.

પોલીસે હત્યા કેસમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોની ધરપકડ કરી છે જ્યારે ત્રણ અન્ય આરોપીઓ ફરાર છે. ખંડણી કેસમાં કરાડ અને વધુ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. બુધવારે હત્યા કેસમાં ફરાર આરોપીઓની ધરપકડની માગણી સાથે 'જળ સમાધિ' આંદોલનના ભાગરૂપે ઘણા ગામલોકો મસ્સાજોગના એક તળાવમાં દાખલ થયા હતા અને કમર સુધીના પાણીમાં ઉભા રહ્યા.

આ વખતે એક મહિલાને ચક્કર આવતાં તેમને તાબડતોબ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આક્રમક ગામવાસીઓને સમજાવવા માટે બીડના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ નવનીત કાંવત પોતે આંદોલનના સ્થળે પહોંચ્યા હતા.

### ૨૦૦ કરોડનું

અને તમામ વિભાગોને માત્ર ત્રણ જૂથો (ક્લસ્ટર)માં વહેંચી નાખવામાં આવ્યા હતા. દરેક જૂથમાં ઓછામાં ઓછી ૪૦૦-૪૫૦ બસ સાત વર્ષ માટે આ રીતે ૧૩૧૦ બસ ભાડે લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મે એન્થની રોડ ટ્રાન્સપોર્ટ સોલ્યુશન્સ પ્રા. લિ., મે. સિટી લાઈફલાઈન ટ્રાવેલ્સ પ્રાઈવેટ લિ. અને મે. ટ્રાવેલ ટાઈમ પ્રા. લિ. આ ત્રણેય કંપનીઓને ત્રણ જૂથોમાં બસો સપ્લાય કરવાના લેટર ઓફ ઈન્ટેન્ટ આપવામાં આવ્યા હતા. જોકે, મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાનને જ્યારે જાણ કરવામાં આવી હતી કે આમાં એક મોટું કૌભાંડ થયું છે અને આ નિર્ણયથી લગભગ બે હજાર કરોડનું નુકસાન થઈ શકે છે, ત્યારે તેમણે ટેન્ડર પ્રક્રિયા તરત સ્થગિત કરી હતી અને તપાસનો આદેશ આપ્યો હતો.

રાજ્યમાં નવી સરકાર અસ્તિત્વમાં આવ્યા પછી ખાતાઓની ફાળવણી પહેલા ફડણવીસ પોતે જ તમામ વિભાગોનો હવાલો સંભાળતા હતા. આ સાથે જ સરકારને અંધારામાં રાખીને સંબંધિત કંપનીઓને લેટર્સ ઓફ ઈન્ટેન્ટ આપવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. કોર્પોરેશનની બાબતોને લઈને મુખ્ય પ્રધાને નવનિયુક્ત વાહન વ્યવહાર પ્રધાન પ્રતાપ સરનાઈક સમક્ષ નારાજી વ્યક્ત કરી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

રસપ્રદ વાત એ છે કે, પડોશી રાજ્ય ગુજરાતે પણ આવી જ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે અને ૨૨-૨૪ રૂપિયા પ્રતિ કિલોમીટરના ભાવે એરકન્ડિશન્ડ બસો ભાડે લીધી છે અને આ બધાની વચ્ચે કોના દબાણ હેઠળ કોર્પોરેશનના અધિકારીઓએ આટલા મોંઘા ભાવે બસો ભાડે લેવાનું નક્કી કર્યું એવી ચર્ચા અત્યારે રાજકીય વર્તુળો અને કોર્પોરેશનમાં ચાલી રહી છે.

### કેવી રીતે નુકસાન થશે?

-૨૦૨૨માં ૫૦૦ બસ ડીઝલ સાથે ૪૪ રૂપિયા પ્રતિ કિલોમીટરના ભાવે લીઝ પર લેવામાં આવી હતી.

-આ વખતે કંપનીઓ દ્વારા ફાઈલ કરવામાં આવેલા ટેન્ડરોમાં ડીઝલની કિંમતને બાદ કરતા પ્રતિ કિલોમીટર ૩૯ થી ૪૧ રૂપિયાનો દર દર્શાવવામાં આવ્યો હતો.

-ટેક્નિકલ લાયકાતના ટેન્ડર આચારસંહિતા જાહેર થયાની થોડી મિનિટો પહેલા ખોલવામાં આવ્યા હતા. જ્યારે શિયાળુ સત્ર દરમિયાન નાણાકીય ટેન્ડરો ખોલવામાં આવ્યા હતા

-સમાધાન બાદ ડીઝલની કિંમતને બાદ કરતા રૂ. ૩૪.૩૦ અને રૂ. ૩૫.૪૦ના ભાવે કંપનીઓને ઇરાદા પત્રો આપવામાં આવ્યા હતા.

-ડીઝલની કિંમત પ્રતિ કિમી રૂ. ૨૦ થી ૨૨ જેટલી થતી હોવાથી આ બોજ હવે કોર્પોરેશન પર પડશે.

-તેથી કોર્પોરેશને અગાઉના ટેન્ડરની સરખામણીમાં પ્રતિ કિલોમીટર આશરે રૂ. ૧૨ વધુ ખર્ચવા પડશે.

-આ ટેન્ડર સાત વર્ષ માટે હોવાથી કોર્પોરેશનનું નુકસાન આટલા વર્ષોમાં અંદાજે ૨ હજાર કરોડ જેટલું થવાની શક્યતા છે.

### પ્રદૂષણ પર લગામ

હતું. મુંબઈના જે વિસ્તારમાં હવાની ગુણવત્તા કથળી છે અને એર ક્વોલિટી ઈન્ડેક્સ ઊંચો નોંધાઈ રહ્યો છે તેવા વિસ્તારમાં બાંધકામ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દેવાનો આદેશ પાલિકા કમિશનરે મંગળવારે આપ્યો હતો, જેમાં ભાયખલા અને બોરીવલી (પૂર્વ)માં બુધવારથી તમામ પ્રકારનાં બાંધકામ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. કામ બંધ કર્યા બાદ પરિસ્થિતિ કેવી છે તેનો અહેવાલ લેવા માટે બુધવારે કમિશનરે આ વિસ્તારની મુલાકાત લીધી હતી.

બુધવારે મુખ્યત્વે કમિશનરે ભાયખલામાં સાત રસ્તા પરિસરમાં બે ખાનગી બિલ્ડિંગના કન્સ્ટ્રકશન સાઈટની મુલાકાત લીધી હતી. મુંબઈ સેન્ટ્રલમાં ચાલી રહેલા મેટ્રો-૩ પ્રોજેક્ટના કામને ઠેકાણે તેમ જ મઝગાંવમાં જોસેફ બાપ્ટિસ્ટા ઉદ્યાન નજીકના ડોંગરબાબા ખાતે સ્લમ રીહેબિલિટેશનનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે ત્યાં મુલાકાત લીધી હતી.

ઈન્સ્પેક્શન દરમિયાન કમિશનરે તમામ સાઈટ પર ગયા વર્ષે ૨૪ ઓક્ટોબર, ૨૦૨૪માં ૨૮ મુદ્દા સાથેની બહાર પાડેલી ગાઈડલાઈનનું ચુસ્ત રીતે પાલન કરવાનો આદેશ આપ્યો હતો. તેમ જ તમામ કન્સ્ટ્રકશન સાઈટ પર એર પોલ્યુશન મોનટરિંગ અને કંટ્રોલ સિસ્ટમ ફરજિયાત બેસાડવા પર ભાર આપ્યો હતો. જ્યાં સુધી આ સિસ્ટમ ચાલુ કરવામાં આવે નહીં ત્યાં સુધી પ્રોજેક્ટ પર બાંધકામ ચાલુ કરવાની મંજૂરી આપવા માં આવશે નહીં એવી ચેતવણી પણ તેમણે આપી હતી.

### થાણેમાં ૩૯ બાંધકામને શો કોઝ નોટિસ

મુંબઈ સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે ત્યારે બીએમસી બાદ હવે થાણે પાલિકાએ પણ વાતાવરણમાં પ્રદૂષણનું સ્તર વધારનારા અને સરકારે બહાર પાડેલી ૨૭ ગાઈડલાઈનનું અમલ નહીં કરનારા ડેવલપરો સામે આકરાં પગલાં લેવાનું ચાલુ કર્યું છે, જેમાં થાણે પાલિકાના અધિકારીઓ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં ઇન્સ્પેકશન દરન્યાન ૨૯૭ કન્સ્ટ્રકશન સાઈટને નિયમોનું પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, તેમાંથી ફક્ત ૩૧ લોકોએ તમામ નિયમોનું પાલન કર્યું હોવાનું જણાઈ આવ્યું હતું. તો ૧૫૧ સાઈટ પર અમુક ત્રૂટી જણાઈ આવતા ચાર લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

તો ૩૯ કન્સ્ટ્રશન સાઈટને નિયમોનું પાલન નહીં બદ્દલ શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી છે અને ત્યારબાદ પણ નિયમોનું પાલન નહીં કર્યું તો સ્ટોપ વર્કની નોટિસ આપી કામ બંધ કરવાનો આદેશ આપવાનો આદેશ થાણે પાલિકા કમિશનરે આપ્યો છે. તેમ જ થાણે શહેરમાં હાલ ચાલી રહેલા મેટ્રો તથા એમએસઆરડીએસીએને પણ નિયમોનું પાલન કરીને ધૂળ ઊડે નહીં તે મુજબ કામ કરવાનો આદેશ થાણે પાલિકાએ આપ્યો છે. અત્યાર સુધી થાણે પાલિકા પાસે આવેલી જુદી જુદી ફરિયાદ બાદ પર્યાવરણ વિભાગે ૧,૭૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે.

### રેલવેનું ટિકિટ

ફરી વળ્યું હતું. આ મુદ્દે આઈઆરસીટીસીના અધિકારીએ કહ્યું હતું કે સવારે પોર્ટલમાં ટેક્નિકલ કારણોસર બુકિંગ થતું નહતું પણ અડધો પોણો કલાક પછી બધું રાબેતા મુજબ કામકાજ ચાલુ થયું હતું. આ મુદ્દે રેલવે પ્રવાસી સંગઠને કહ્યું હતું કે ગયા મહિને ત્રણ વખત સાઈટમાં મુશ્કેલી ઊભી થઈ હતી અને આજે નવા વર્ષના પહેલા દિવસે રિઝર્વેશનની ટિકિટ બુકિંગમાં મુશ્કેલી ઊભી થઈ હતી.

આ મુદ્દે રેલવેએ જરૂરી પગલાં પ્રવાસીઓના હિતમાં ભરવા જરૂરી બને છે. અહીં એ જણાવવાનું કે ગયા મહિના દરિમયાન ડિસેમ્બરમાં ત્રણ વખત સાઈટ ઠપ રહી હતી, જ્યારે ગઈકાલે મધરાતે તો રેલવેએ પીઆરએસ પણ મરમ્મત માટે બંધ રાખ્યા હતા.

નવા વર્ષના પહેલા દિવસે રેલવેની બુકિંગ વેબસાઈટ સહિત અન્ય સરકારી વેબસાઈટ્સ ફાઈનાન્શિયલ સર્વિસીસ સહિત સ્કોલરશિપ વગેરે વેબસાઈટ ડાઉન જોવા મળી હતી. સરકારી ફાઈનાન્શિયલ વેબસાઈટ્સ અને ભારત સરકારની ડેડિકેટેડ વેબસાઈટ (સ્કોલરશિપ.જીઓવી.ઈન)માં આઉટેજની સમસ્યા ઊભી થઈ હતી. હાલના તબક્કે આ સાઈટ્સ કામકાજ કરી નહીં કરતા સ્કોલરશિપ સંબંધિત સુવિધામાં મુશ્કેલી ઊભી થઈ હતી.

## જૈન મરણ

પુષ્પાબેન શાંતિલાલ શાહ (ઉં.વ. ૮૮) ગામ પાથાવાડા તા. ૨૯-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. '૧૪ રાજલોક વંદના' ગુરુવાર, તા. ૨-૧-૨૫ના ૧૦ થી ૧૨ જલારામ હોલ, જેવીપીડી સ્કીમ, એન. એસ. રોડ નં. ૬, વિલેપાર્લા (વેસ્ટ). પુત્ર-પુત્રવધૂ: હર્ષદ-કમલેશ, અશ્વિન-સુધા, મહેશ-લતા. પૌત્ર-પૌત્રવધૂ: ચેતસ-આલિકા, સની-પલ્લવી, જય, કરણ. પૌત્રીઃ શ્રેયા, રિયા, અદિતી. જમાઈ: વિનીત, વરુણ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર (ભેંસાણ) નિવાસી હાલ સાયન ચુનાભટ્ટી કિશોરભાઈ દેવચંદ કામાણીના ધર્મપત્ની અ.સૌ. ચંદ્રિકાબેન (ઉં.વ. ૮૧) તા. ૩૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ધર્મેન, રૂપાના માતુશ્રી. અમી તથા રાજીવભાઈના સાસુજી. શ્રેયા-નીલ, સીતાંષુ-નીકીતાના દાદી. દેવાંશી-અનમોલ, કરણ-અરૂષી, કૈરવ-અરૂષીના નાની. તે કિશોરીબેન-જશવંતરાય પારેખના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨-૧-૨૫ના, ગુરુવારે એસ.એન.ડી.ટી. કોલેજ, આર.એ. કિડવાઈ રોડ, માટુંગા (ઈસ્ટ). ૫થી ૬.૩૦. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**પાટણ જૈન**

ફોફલીયાવાડો વખતજીની શેરીના રજનીકાંત હીરાલાલ શાહના પત્ની કુમુદબેન શાહ (ઉં.વ. ૭૯) તે હીરાલાલ ચુનીલાલ શાહના પુત્રવધૂ. તે રાજકોટવાળા નેમચંદ મણીલાલ શાહના પુત્રી તા. ૩૧-૧૨-૨૪ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે ભાવિની અને સચિનના માતુશ્રી. જીવા અને અનાયાના દાદી. તેમની પ્રાર્થનાસભા ૪થી ૬ ગુરુવાર, તા. ૨-૧-૨૫ પાટણ જૈન મંડળ લાયબ્રેરી હોલમાં રાખેલ છે.

**જામનગર અને હાલાર વિશા શ્રીમાળી જૈન**

ખીલોસ નિવાસી હાલ ઘાટકોપર, જિતેન્દ્ર નંદલાલ મણીલાલ ઠક્કરના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૭૫) તા. ૩૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. કૌશલ અને ઓજસ્વીના માતુશ્રી. હર્ષવી અને ધવલકુમાર સંઘવીના સાસુ. પ્રીશા, શ્રીયા, કીયારા અને રીયાનના દાદી-નાની. સ્વ. હસમુખભાઈ-વર્ષાબેન, પ્રમોદભાઈ-સુનીતાબેન, રંજનબેન-વિપેશકુમાર સુતરીયાના ભાભી. વાલમ નિવાસી હાલ મુંબઈ સ્વ. કાંતિલાલ પ્રભુદાસ શાહની સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વરલ નિવાસી હાલ અમદાવાદ ચુનીલાલ ત્રિભોવનદાસ શાહના પુત્ર નરેશ શાહ (ઉં.વ. ૭૯) તા. ૩૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે જયશ્રીબેનના પતિ. કાંતાબેન જયંતીલાલ શાહ મોટા ખૂટવડા, રસીલાબેન ધીરજલાલ શાહ ભાવનગર, લીલાવંતીબેન શાંતિલાલ સાવડીયા પીયાવા, પ્રભાબેન રસિકલાલ શેઠ ગાધકડાના ભાઈ. સાદડી જીવનધારા વૃદ્ધાશ્રમ, અમદાવાદ ખાતે તા. ૨-૧-૨૫, ગુરુવારના ૩.૩૦ થી ૫.૩૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વડિયા (દેવળી) નિવાસી હાલ ડોમ્બીવલી ભરતકુમાર ભોગીલાલ દોશીના ધર્મપત્ની કિરણબેન દોશી (ઉં.વ. ૬૩) તે સ્વ. ભોગીલાલ અમૃતલાલ દોશીના પુત્રવધૂ. સ્વ. રેણુકાબેન અશ્વિનકુમાર શાહ, સુનીલભાઈ, મહેશભાઈના ભાભી. સ્વ. નાનાલાલ કુરજી (બાટલીવાળા)ના પુત્રી. રીચા કાર્તિક શાહ, કુણાલના માતુશ્રી. સ્વ. લત્તાબેન ચંદ્રકાંત પારેખ, ઉર્મિલાબેન દિનેશકુમાર શેઠ, દિનેશભાઈ, જગદીશભાઈ, સ્વ. ભરતભાઈના બેન તા. ૩૧-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૧-૨૫ના ગુરુવારે બપોરે ૩ થી ૫. સ્થળ: કે. ડી. અગ્રવાલ હોલ, અયોધ્યા નગરી, માનપાડા રોડ, ડોમ્બીવલી ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. શામજી અરજણ ભીમશી ગડા (ઉં.વ. ૫૭) શનિવાર, તા. ૨૮-૧૨-૨૪ના મુંબઈમાં અવસાન પામેલ છે. સ્વ. ગોમાબેન/સ્વ. તેજાબેન ભીમશીના પૌત્ર. સ્વ. લખમીબેન અરજણના સુપુત્ર. શિલ્પાબેનના પતિ. હર્ષ, અભીના પિતાશ્રી. મણી, સુશીલા, દમયંતી, સ્વ. દિલીપના ભાઈ. સ્વ. પ્રેમીલાબેન શ્રી વેલજી ગાલાના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૨-૧-૨૪ના બપોરે ૨.૩૦ થી ૪.૦૦ સ્થળ. રાજેશ્રી હોલ, રવિન્દ્ર હોટલની બાજુમાં દહિંસર-ઈસ્ટ, ઠે. ૬૦૨ વામના એપાર્ટમેન્ટ, માતૃછાયા સ્કુલની બાજુમાં, આનંદ નગર, દહિંસર-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈના સ્વ. હંસરાજ વાઘજી લધા છેડા (ઉં.વ. ૬૪) શુક્રવાર, તા. ૨૭-૧૨-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. નામાબેન લધા જીવાના પૌત્ર. સ્વ. પાલઈબેન/સંતોકબેન વાઘજીના સુપુત્ર. ગં.સ્વ. નવલબેનના પતિ. સ્વ. વાલીબેન, દિવાળીબેન, સ્વ. કાનજીભાઈ, નવલબેન, સ્વ. અમ્રતબેનના ભાઈ. ગં.સ્વ. ચંપાબેનના દેર. સ્વ. લીલાબેન ઉગમશી ફરીઆના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. તિરૂપતી બાલાજી બિલ્ડીંગ નં.૧, રૂમ નં.૩૦૪, ડીમાર્ટની બાજુમાં, કોલડુંગરી, અંધેરી-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભરૂડિયાના સ્વ. વસનજી ધનજી પાલણ નિસરના (ઉં.વ. ૯૪) મંગળવાર, તા. ૩૧-૧૨-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. રૂપાબેન ધનજીના પુત્ર. સ્વ. મીઠીબેનના પતિ. (સ્વ. કાંતીલાલ, હસમુખ, દમયંતી) અમૃત, પ્રભા, નયના, મંજુના પિતાશ્રી. જવેરબેન, વિસનજી, સ્વ. દિનેશ, નવીન, પ્રવિણના સસરા. ચંદન, દિનેશ, રાજેશના દાદા. સ્વ. પુરાબેન હિરજી મોમાયા ફરીયાના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૨-૧-૨૫ના સમય બપોરે ૩.૦૦ થી ૪.૩૦ કલાકે સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ઠે. અમરતરૂ, ૭ બી, ૫૦૪, ઓલ્ડ નાગરદાસ રોડ, અંધેરી-ઈસ્ટ.

### વારંવાર કેમ નાપાસ

પિતા ઘરે આવ્યા ત્યારે ઉત્કર્ષે પાછળથી આવી પિતાના ગળા પર ચાકુ મારી તેમની હત્યા કરી હતી. બંનેના મૃતદેહ ઘરમાં મૂકીને ઉત્કર્ષ ઘરેથી નીકળી ગયો હતો.

નવા વર્ષના પ્રથમ દિવસે ઘરમાંથી દુર્ગંધ આવતા પડોશીએ પોલીસને આ બાબતે જાણ કરી હતી.

પોલીસને ઉત્કર્ષની હિલચાલ પર શંકા ગઈ હતી. જેથી પોલીસે તેને તસવીર દેખાડતા જ તેણે તેના માતા-પિતાની હત્યા કર્યાની કબૂલાત કરી હતી.

## હિન્દુ મરણ

**કપોળ**

તરેડવાળા હાલ મીરા રોડ સ્વ. નલીનભાઈ પ્રભુદાસ સંઘવીના પત્ની ગં. સ્વ. પુષ્પાબેન (ઉં.વ. ૮૦) તે પ્રકાશભાઈ, પંકજભાઈ, વિપુલભાઈના માતા. રીટા, યતિકા, હેમાના સાસુ. મીનાબેન અરવિંદકુમાર મહેતાના ભાભી. ડોનાબ-એકતા, મિહીર-રિદ્ધી, મંથન-વિભૂતિ, મોનીલ-તૃપ્તી, અક્ષય, ભક્તિ, હેતાના દાદી. પિયર પક્ષે લાઠીવાળા જમનાદાસ વિઠ્ઠલદાસ શેઠના દિકરી તા. ૩૧-૧૨-૨૪ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**ભાવનગરી મોચી**

ગામ પાવઠી હાલ બોરીવલી ધીરુભાઈ હરીભાઈ ચૌહાણના પત્ની (ઉં.વ. ૫૧) સ્વ. મંજુબેન ચૌહાણ તા. ૩૦-૧૨-૨૪ને સોમવારના રામચરણ પામ્યા છે. તે ભાવેશભાઈ, નિમેષભાઈ, શ્રદ્ધાબેનના માતુશ્રી. રાહુલકુમાર, પાયલબેન, આશાબેનના સાસુ. મુકેશભાઈ, ગુણાભાઈના ભાભી. રાણીવાડા નિવાસી સોડાભાઈ ટપુભાઈ મુજાણીની દીકરી. તેમની ઉત્તરક્રિયા તા. ૯-૧-૨૫ના રોજ પાવઠી મુકામે રાખેલ છે. તા. તળાજા, જિલ્લોઃ ભાવનગર-ગુજરાત.

**દશા શ્રીમાળી વણિક**

ગં. સ્વ. પન્નાબેન (ઉં.વ. ૭૭) તે સ્વ. રાજેન્દ્ર નવનીતલાલ દલાલ (શ્યામભાઈ)ના ધર્મપત્ની. મનીષ, નિમિષ, કવિતાના માતુશ્રી. મનીષા, તૃપ્તિ, ભાવેનના સાસુ. સ્વ. દેવેન્દ્ર, સ્વ. કિશોર, રવિન્દ્ર, હરેન્દ્ર (હરિભાઈ), હંસા રણજીત, નરેન્દ્ર, મહેન્દ્ર, પલ્લવી વિનય, દિપકના ભાભી. પિયર પક્ષે સ્વ. હર્ષદ ભગવતીલાલ શાહ, વિનય, સ્વ. હર્ષા કિશોર શાહના બેન. પાર્થ, ચિંતન, ક્ષિતિજના દાદી મંગળવાર, તા. ૩૧-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૧-૨૫, ગુરુવારે ૫ થી ૭ માધવબાગ, એસી હોલ, સી. પી. ટેન્ક સર્કલ, મુંબઈ-૪.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ભાચુંડા હાલે મુલુન્ડના સ્વ. અમૃતલાલ દેવજી સોનાઘેલાના ધર્મપત્ની મંજુલાબેન (ઉં.વ. ૮૨) તા. ૩૦-૧૨-૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ. કાનજી હરચંદ મોતીરામ ગણાત્રા ગામ કચ્છ આમારાવાળાની પુત્રી. સ્વ. કિરીટ, ભાવના અરવિંદ, સ્વ. ભારતીના માતુશ્રી. સ્વ. તુલસીદાસ, સ્વ. મુલજી, સ્વ. નરશીભાઈ, તેજસિંહભાઈ, નારાણદાસ, સ્વ. દમયંતીબેન, સ્વ. સાકરબેન, રાધાબેન, સાવિત્રી, મધુબેન, પ્રવિણાબેનના બહેન. સ્વ. રણછોડદાસ (નાનાલાલ), સ્વ. છોટાલાલ, સ્વ. કાંતિલાલના નાના ભાઈના ધર્મપત્ની. સ્વ. હરખાબેન જેઠમલ, સ્વ. સુરેશચંદ્ર, ગં. સ્વ. સરલાબેન મનજીના ભાભી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

કમીયાળાવાળા સ્વ.લીલાવતી કેશવજી મહેતાના પુત્ર વસંતભાઈ (ઉં.વ.૭૬) તે નલિનીબેનના પતિ. પ્રકાશ, નિલેશ, માયાના પિતા. નિશા તથા ભાવેશકુમાર કાણકિયાના સસરા. ટીમ્બીવાળા સ્વ.મોહનલાલ કલ્યાણજી ગોરડીયાના જમાઈ. ૨૯/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ચિતલ નિવાસી હાલ બોરીવલી નરોત્તમભાઇ મોરારજી નિર્મળ (ઉં.વ.૯૧) તે સ્વ.શારદાબેનના પતિ. સ્વ.ભગવાનજીભાઈ, સ્વ.દુર્લભજીભાઈ, સ્વ.અમૃતભાઈ, સ્વ.જયંતીભાઈ, સ્વ.શાંતાબેન માધવજી પડિયા, સ્વ.જ્યોતિબેન પ્રભુદાસ સોનેજીના ભાઈ. મનોજ, ફાલ્ગુની અનિલ છાટબાર, નીતા, શોભના મુકેશ સંઘવી તથા રાજેશના પિતા. શીતલના સસરા. શિહોરવાળા સ્વ.નરોત્તમભાઇ અમીચંદ છાટબારના જમાઈ. તે ૩૦/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨/૧/૨૫ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, બીજે માળે, એલ ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજાના પંકજ નાગજી ગાલા (ઉં.વ.૭૦) તા. ૩૦-૧૨-૨૪ના મંજુલા નાગજીના પુત્ર. પારૂલ (ભદ્રીકા)ના પતિ. નિશા, કીંજલના પિતા. પ્રબોધ, નલીની, જ્યોત્સના, દેવયાનીના ભાઇ. હીરાવંતી તેજશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પારૂલ ગાલા, ૧, મદીના મંઝીલ, વી.પી.રોડ, અંધેરી (પ.), મું. ૫૮.

ડુમરા (હાલે હૈદરાબાદ)નાં અ.સૌ.લક્ષ્મીબેન મુરજી કારાણી (ઉં. વ. ૮૫) તા.૨૯-૧૨ના અવસાન પામેલ છે. કુંવરબાઇ ભાણજીના પુત્રવધૂ. મુરજીના ધર્મપત્ની. જયવંતી, અનિલ, પરેશના માતુશ્રી. વરંડી મોટીના રાજબાઇ લીલાધર જીવરાજ નાગડાના દીકરી. રમણીક, વિનોદ, દેવપરના વિમળા વસંત ગાલા, ભોજાયનાં રેખા ગાંગજી ગડા, રાયધણજરના નવલ ધીરજ ગડાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મુરજી ભાણજી કારાણી, ૪૦૨, ઉર્મિલોક ટાવર, કુતબીગુડા, કાચિગુડા, હૈદરાબાદ -૨૭.

ગઢશીશાના નવીન ભાણજી ગડા (ઉં.વ.૭૨) ૩૦-૧૨-૨૪ના અવસાન પામેલ છે. પાનબાઈ ભાણજી ખીંયશીના પુત્ર. હાસબાઇના પતિ. પિયુષ, અમીત, ભાવિકના પિતા. રાઘવજી, પ્રેમજી, રમેશ, ગુણવંતી, જ્યોતી, કલ્પનાના ભાઈ. કોટડા (રો.) લાધીબાઈ દેવરાજ માવજી ગાલાના જમાઇ. પ્રા.શ્રી સુવિધિનાથ અચલગચ્છ જૈન દેરાસર, માનપાડા રોડ, નવજીવન હોસ્પીટલની બાજુમાં, ડોંબિવલી (ઇ). ટા.૩ થી ૪.૩૦ સુધી. નિ. નવીન ભાણજી ગડા, ૫, નિલકંઠ આશિષ, ઉરશેકર વાડી, ડોંબિવલી (ઇ),

રાયણના અ.સૌ. રંજનબેન ગાલા (ઉં.વ.૭૩) તા. ૩૧-૧૨-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી દેવકાબેન અમરચંદભાઈ રામજીના પુત્રવધૂ. બિપીનભાઈના જીવનસંગીની. કેતન, જીગ્ના, નિકીતાના માતા. રતાડીયા ગણેશના માતુશ્રી મોંઘીબેન કાનજી પોપટલાલ વીરાના પુત્રી. જીતીન, ગુંદાલા કમલ હિમ્મતલાલ, નવીનાળ હસુમતી (હેમા) હર્ષદના બેન. પ્રા. યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિરની પાસે, દાદર (સે.રે.), સ્ટેશનની સામે, મુંબઈ-૧૪. ટા: ૧૦.૩૦ થી ૧૨.૦૦.

**ઘોઘારી વિશા ઓસવાલ જૈન**

વલ્લભીપુર નિવાસી હાલ મુલુંડ વનલીલાબેન જયસુખલાલ શાહ (ઉં.વ.૮૦) તા.૩૧/૧૨/૨૪ મંગળવારના અરિહંતશરણ થયેલ છે. તે હર્ષદભાઈના ભાભી. ભારતીબેનના જેઠાણી. છાયા, અતુલ, નિક્ષિત ના મમ્મી. યોગેશ, જીજ્ઞા, મયનાના સાસુમા. વત્સલ, ધ્યાન, આદીશના દાદી. પિયરપક્ષે સ્વ. અશ્રુમતીબેન છોટાલાલ શાહની સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ માંડવી (કચ્છ) હાલે ભાંડુપ લહેરીકાંતભાઈ સંઘવી (ઉં.વ.૮૩) તા.૨૯/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.માણેકબેન મણીલાલ સંઘવીના સુપુત્ર. ગોધરાના સ્વ.કંચનબેન કરસનભાઈ મહેતાના જમાઈ. જ્યોતિબેનના પતિ. હેતલબેન હિતેશકુમાર શેઠ, નયન, રાકેશના પિતાશ્રી. હિતેશભાઈ, જીજ્ઞા, ભાવિકાના સસરા, ગં.સ્વ.દમયંતીબેન, સ્વ.હિરાલાલભાઈ, સ્વ.રવિલાલભાઈ સ્વ.શિવલાલભાઈ. સ્વ.મનસુખભાઈ તથા સ્વ. હીરાબેનના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

દાલી કાવસજી તારાપોરવાલા તે મરહૂમ બેરોઝના ખાવિંદ. તે મરહૂમો બાનુ ફિલી તથા કાવસજી તારાપોરવાલાના દીકરા. તે કૈનાઝના બાવાજી. તે નીમેશના સસરા. તે જીમી (જમશેદ), મરહૂમ (ફીરોઝ) ને કુમાના ભાઈ. તે યશના મમાવા. તે સરોશ, જીજીનાના માસા. (ઉં.વ. ૭૫) રે.ઠે: ૧૧-એ, ઈરાની ધર્મશાળા, પંડિતા રમાબાઈ રોડ, ગામદેવી-મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૨-૧-૨૦૨૫ના રાજે બપોરે ૩.૪૫ કલાકે. વાચ્છા ગાંધી અગીયારી, હ્યુજીસ રોડ.

ટીના રૂસી પટેલ, તે મરહૂમ રૂસી પટેલનાં પત્ની. તે મરહૂમ ખોરશેદ અને મરહૂમ જહાંગીર વોર્ડનના પુત્રી. તે મોના વાડિયાના બહેન. તે દારિઅસ આર. ધવલ અને ફિરોઝા ઝેડ. શ્રોફના આન્ટી (ઉં.વ. ૮૮) રે.ઠે: ૮બી, ગુલરૂખ બિલ્ડિંગ, ૮૩, અબ્દુલ ગફારખાન રોડ, વરલી સી ફેસ, મુંબઈ-૪૦૦૦૩૦. ઉઠમણાંની ક્રિયા: તા. ૩-૧-૨૦૨૫ બપોરે ૩.૪૫ વાગે.

**ઘોઘારી દશા પોરવાડ**

અક્ષય મોહનલાલ શાહ (ઉં.વ.૬૯) તે ૩૦/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ચિંચણ તારાપુર હાલ કાંદિવલીના સ્વ. ભાનુબેન મોહનલાલ શાહના પુત્ર. જ્યોત્સ્નાબેન ના પતિ. વિવેક તથા તૃપ્તિ ભાવેશ શાહના પિતા. સ્વ. અશોક, મીના હસમુખભાઈ મહેતા તથા ફાલ્ગુની મિતેષ ચોક્સીના મોટાભાઈ. સાસરાપક્ષે જૂનાગઢવાળા સ્વ. શાંતાબેન ગીરધરલાલ ઘોળકિયાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**પંચાલ સુથાર જ્ઞાતિ**

મૂળ ગણદેવી હાલ મુંબઈ હેમલતાબહેન મિસ્ત્રી (ઉં.વ.૭૨) તે કમુબહેન અને ઠાકોરભાઈ મગનલાલ મિસ્ત્રીનાં જ્યેષ્ઠ પુત્રી. વિનોદરાય મગનલાલ મિસ્ત્રીનાં ધર્મપત્ની. કેતન- ફાલ્ગુની મિસ્ત્રીનાં માતા. રૂપેશ-પિનલનાં સાસુ. કૃતાર્થ તથા પ્રિયાંશનાં બા. ૩૧-૧૨-૨૪ મંગળવારે દેવલોક પામ્યાં છે. તેમની સાદડી ૦૨-૦૧-૨૫ને ગુરુવારે ૫ થી ૭. સરનામું એ-૨૩, નેન્સી કોટેજ, સંત જ્ઞાનેશ્વર માર્ગ, બોરીવલી (પૂર્વ)

**ઇડર ઔ. સત્તાવીશ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ વસાઇ નિવાસી હાલ ગોરેગામ મંજુલાબેન જોષી (ઉં.વ.૮૫) ૨૮/૧૨/૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.જગન્નાથ અમથારામ જોષીના પત્ની. પ્રદીપ તથા નલીનીબેન ભટ્ટના માતુશ્રી. ચેતના તથા અક્ષયકુમાર ભટ્ટના સાસુ. મેસણ નિવાસી સ્વ.દલપતરામ નર્મદાશંકર ભટ્ટના દિકરી. પુજા દીપેન વશી તથા વિનય, વૈભવ અને રોનકના બા. લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**ઇડર પિંપાવંશી દરજી**

સાબલવાડ હાલ વિરાર દેવચંદભાઈ કોદરભાઈ ચૌહાણના ધર્મપત્ની અ.સૌ.નીતાબેન ચૌહાણ (ઉં.વ.૭૨) ૨૫-૧૨-૨૪ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે રાકેશભાઈ, શિલ્પાબેન, જયેશભાઈના માતુશ્રી, વનિતાબેન, મીતાબેન, રાજેશકુમારના સાસુ. ભીખાભાઈ કાલિદાસના દીકરી. નારાયણભાઈના ભાભી. પ્રાર્થનાસભા ૩-૦૧-૨૫ શુક્રવારના ૨ થી ૩. જૈનમંદિર રોડ આંબીલ ભવનની સામે, નિયર વિરાર રેલવે સ્ટેશન, શિવમંદિરને સામે વિરાર વેસ્ટ.

**રાજગોર બ્રાહ્મણ**

ગામ મસ્કાના હાલે વિક્રોલી સ્વ. નાનબાઈ લક્ષ્મીદાસ મોતાના સુપુત્ર કૃપાશંકર (મંગલદાસ) લક્ષ્મીદાસ મોતા (ઉં.વ.૭૭) તે મીનાબેનના પતિ. દીપક અને કાજલના પિતાજી. સ્વ.મણિશંકર, નારાયણભાઇ, વિદ્યાબેન અને સ્વ.મણીબેન ભગવાનજી માકાણીના ભાઈ. ગામ ભુજ સ્વ.લક્ષ્મીદાસ જેઠાભાઇ ઉગાણીના જમાઈ. નિમિષાબેન દીપકભાઈના સસરાજી, તા.૩૧-૧૨-૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૦૨-૦૧-૨૫ના ગુરવારે ૩ થી ૫, સેંટ જોસેફ હાઈસ્કૂલ હોલ, વિક્રોલી વેસ્ટ.

**સૌરાષ્ટ્ર લેઉવા પટેલ**

મૂળ ગામ બોરડી સમઢિયાળા નિવાસી હાલ થાણા પાચાભાઈ પોપટભાઈ બુટાણી તથા પ્રભાબેનના પુત્રી તથા ચેતનભાઈ બાલુભાઈના પત્ની નેહલબેન (ઉં.વ.૪૨) ૩૦/૧૨/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે શ્રીષ્ટીના માતુશ્રી. નિખીલ, કિંજલ, સેજલ,સોનલના બહેન. સ્મિતાના નણંદ. ટ્રીશાનના ફઈબા. પ્રાર્થનાસભા ગુરુવાર તા.૦૨/૦૧/૨૫ના ૩ થી ૫. તિલક બેન્કવેટ હોલ, ઠાકરે કંપાઉન્ડ, ટીકુજીની વાડી રોડ, માનપાડા, લેન્ડમાર્ક હોટલ પ્રસાદ,થાણા વેસ્ટ.

**મેઘવાળ**

ગામ પાંચવડા હાલ મુંબઈ શાંતિનગરના સ્વ. દીનાબેન રાઠોડ (ઉં.વ.૬૪) શનિવાર, ૨૮/૧૨/૨૪ના સ્વર્ગવાસ થયો છે. તે સ્વ.હીરુબાઇ દેવજી માવજી રાઠોડના પુત્રવધુ. નરેશ રાઠોડના ધર્મપત્ની, રણજીત, ભરત, મનીષાના માતુશ્રી. નિતિન પરમાર, નિતા, ખુશ્બૂના સાસુ. સ્વ.પાલુબેન રામજી ખોડાભાઈ ભોજાના દિકરી. કાંતા, કિશોર, પ્રકાશ, સ્વ. રાજેશના બેન. તેમના બારમાની વિધિ શુક્રવાર, ૦૩/૦૧/૨૫ સાંજે ૫.૦૦ આર-૯, ચાલ નં:૩૦, બી.ઈ.એસ.ટી. પાવર હાઉસની પાછળ, સાને ગુરુજી માર્ગ, શાંતિનગર, મુંબઈ - ૧૧.

**ઔદુંબર બ્રાહ્મણ**

શરદકુમાર મૂળશંકરભાઈ શ્રોત્રિય તા.૨૯/૧૨/૨૪, રવિવારના મુંબઈ મુકામે દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું નવમાંનું બેસણું તા.૬/૧/૨૫ સોમવારે ૪ થી ૬, ૩૬, કૃષ્ણ બાગ, બીજો પારસીવાડો, વી.પી.રોડ પોલીસ સ્ટેશનની સામે, ચંદ્રમૌલેશ્વર મહાદેવની સામે, મુંબઈ ૪.

**કપોળ**

કુંઢડાવાળા હાલ કાંદિવલી સ્વ. શાંતાબેન નંદલાલ ભુતાના પુત્રવધૂ જયશ્રીબેન (ઉં.વ.૮૧) સ્વ. પ્રવીણચંદ્રના પત્ની. તે હંસાબેન, સ્વ.સુશીલભાઈ, સ્વ.હરેશભાઈ, સ્વ.ભરતભાઈ અને કિશોરભાઈના ભાભી. પિયરપક્ષે સ્વ. દમયંતીબેન વ્રજલાલ સંઘવીના દિકરી. સ્વ. મધુભાઈ અને હરેશભાઈના બેન. તા.૧-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**મેઘવાળ**


ગામ કરદેશ (હાલ મઝગાવ, તાડવાડી) સ્વ. ગંગાબાઈ શામજીભાઈ મકવાણા તા.૨૯.૧૨.૨૦૨૪ના રામચરણ પામ્યા હતા. તેમની બારમાની વિધિ (શોકસભા) તા.૩.૧.૨૦૨૫ના શુક્રવારે ૫.૦૦ કલાકે. લક્ષ્મીનારાયણ મંદિર ચોક, સાતખોલી, તાડવાડી, મઝગાવ, મુંબઈ ૧૦.


મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com






## બાળપણથી યુવાની: શ્રદ્ધાથી તર્ક તરફનો પ્રવાસ

**(ભાગ: ૧)**
**નામ: ડો. એની બેસેન્ટ**
**સમય: ૨૦ સપ્ટેમ્બર, ૧૯૩૩**
**સ્થળ: વારાણસી**
**ઉંમર: ૮૬ વર્ષ**

**ભારતનો** ઈતિહાસ અનેક દેશી-વિદેશી પ્રવાસીઓનો ઋણી છે. જેને કારણે આ દેશની સંસ્કૃતિમાં વિવિધતા અને વિશ્વધર્મને સ્વીકારવાની સહિષ્ણુતા જાગૃત રહી શકી છે. આજે, વારાણસીના ઘાટ પર બેઠી બેઠી જ્યારે હું વિચારું છું ત્યારે મને સમજાય છે કે, મારો જન્મ ભલે ઈંગ્લેન્ડમાં થયો, પણ મારા વિચારો અને વ્યક્તિત્વના મૂળમાં ભારતીયતા હશે, જે આજ સુધી અકબંધ રહી શકી છે.૧૮૯૩માં હું પહેલીવાર ભારત સદેહે આવી, પરંતુ એ પહેલાં મેં અનેકવાર મનોમન ભારતની યાત્રા કરી છે. સનાતન હિન્દુ ધર્મ વેદ અને ઉપનિષદોના વાંચન સાથે મારી ભારત વિશેની માન્યતામાં આદર ઉમેરાયો... જ્યારે મને સમજાયું કે, મારા જ લોકો, અંગ્રેજો ભારતના જનમાનસ સાથે અન્યાય અને એમના ઉપર અત્યાચાર કરી રહ્યા છે ત્યારે એક અંગ્રેજ તરીકે અવાજ ઉઠાવવાની પહેલ કરનાર હું પ્રથમ સ્ત્રી હતી. મને હંમેશાં ન્યાય અને તર્કસંગત વાતોમાં રસ પડતો રહ્યો છે. દબાયેલા, કચડાયેલા અને શોષિત વર્ગ માટે અવાજ ઉઠાવવો એ મને મારી ફરજનો ભાગ લાગ્યો છે.

આ શિક્ષણ મને કદાચ, મારી મા પાસેથી મળ્યું છે. મારી મા એક અત્યંત દયાળુ અને હૃદયમાં કરુણાનો સાગર ધરાવતી શ્રદ્ધાળુ વ્યક્તિ હતી. એને ચર્ચ અને ક્રિશ્ચિયાનિટીમાં પૂર્ણ વિશ્વાસ હતો.એ મને ચર્ચ લઈ જતી. પાદરીઓ સાથે મુલાકાત કરાવતી અને વારંવાર કન્ફેશન અથવા ક્ષમાપના માટે મોકલી આપતી, પરંતુ નાનપણમાં જે ક્રિશ્ચિયાનિટીના સંસ્કાર મળ્યા એ મારી સાથે બહુ લાંબો સમય રહી શક્યા નહીં, કારણ કે મને ઈશ્વર અને એના અસ્તિત્વ વિશે પ્રશ્નો થવા લાગ્યા. પાદરીઓની જીવનશૈલી અને એમના પ્રશિક્ષણમાં ફેર હતો. હું જ્યારે પાદરીઓને મળતી ત્યારે મને લાગતું કે, એ જે સંદેશ આપી રહ્યા છે એમાં એમને પોતે જ વિશ્વાસ નથી. જોકે, આ બધું તો હું સમજણી થઈ પછી મારા મનમાં પ્રવેશ્યું. નાનપણમાં હું સંપૂર્ણપણે શ્રદ્ધાળુ અને આસ્થાવાન હતી, મારી માની જેમ જ! ભારત આવીને મને જાણ થઈ કે અહીં એક મીરાંબાઈ હતી જેણે બાળપણથી જ ઈશ્વર સાથે લગ્ન કરી લીધાં હતાં, ત્યારે મને લાગ્યું કે, હું પણ નાનપણમાં મીરાંની જેમ જ મારા પ્રભુમાં સમાઈ જવા માગતી હતી, પરંતુ સમય જતાં મારા વિચારોમાં ફેરફાર થયો. એ પછી હું મારી માતા સાથે દલીલ કરતી, એની શ્રદ્ધા સામે પ્રશ્નો ઉઠાવતી, જે એને ગમતું નહીં. મારા પિતા જીવિત હોત તો કદાચ, એમણે મારા તર્કસંગત પ્રશ્નોનો ઉત્તર આપવાનો પ્રયાસ કર્યો હોત, પરંતુ મારી માતા એક પાક્કી આઈરિશ ક્રિશ્ચિયન હતી, ઈશ્વર અને ધર્મ વિશેના પ્રશ્નો પૂછવા એ એને મન પાપ હતું.

જન્મ સમયે મારું નામ એની વુડ હતું. લંડન શહેરમાં ૧૮૪૭માં મારો જન્મ થયો. મારા પિતા અંગ્રેજ ડૉક્ટર હતા. એમને ગણિત અને ફિલોસોફીમાં રસ હતો. એ વારંવાર અમને ફિલોસોફિકલ વિચારોથી પ્રભાવિત કરતા. સાવ નાનપણમાં સાંભળેલી વાર્તાઓ અને એની સાથે જોડાયેલી ફિલોસોફીએ જીવનભર મારો સાથ આપ્યો એમ હું કહી શકું. જોકે, મારા પિતા અમારી સાથે બહુ લાંબો સમય ન રહી શક્યા. હું પાંચ વર્ષની હતી ત્યારે મારા પિતાનું મૃત્યુ થયું. પિતાના મૃત્યુ પછી મારી મા મને લઈને હેરો આવી. એ એક સ્વમાની અને સાહસિક સ્ત્રી હતી. અમારા જૂના શહેરમાં લોકો એમને સાંત્વના આપવા ધસી આવતા. પોતાના ઘરેથી ખાવાનું મોકલતા, જેને કારણે મારી માના સ્વમાન પર આઘાત થતો હતો. એણે લંડન છોડી દેવાનું નક્કી કર્યું કારણ કે, એની ઈચ્છા મને અને મારા ભાઈ બંનેને શિક્ષણ અપાવવાની હતી, પરંતુ અમારા બેમાંથી એકનું જ શિક્ષણ થઈ શકે એમ હતું, એટલે મારા ભાઈને હેરોની સ્કૂલના પ્રિન્સિપાલની મદદથી એડમિશન મળી ગયું, પરંતુ મારું શિક્ષણ શરૂ થઈ શક્યું નહીં. એ સમયે અમારી મુલાકાત કેપ્ટન મેરિયેટ સાથે થઈ. અંગ્રેજી સેનામાં એ બહુ ઊંચા હોદ્દા પર હતા. એમની બહેન મિસ મેરિયેટ એક શિક્ષિકા હતી અને એમણે પોતાની ભત્રીજીને ઘેર ભણાવવાનું નક્કી કર્યું હતું. ભત્રીજીના હોમ સ્કૂલિંગમાં એ કંટાળતી. કંપની વગર એને એકલી રાખવી અશક્ય લાગી ત્યારે કેપ્ટન મેરિયેટની બહેન, જે મારી માની મિત્ર હતી એણે પોતાની ભત્રીજી સાથે મારા શિક્ષણનો પ્રસ્તાવ મૂક્યો.મારી મા મને પોતાનાથી અલગ કરવા માગતી નહોતી, જ્યારે મિસ મેરિયેટની શરત હતી કે, જો મારે હોમ સ્કૂલિંગમાં ભણવું હોય તો એમની સાથે જ એમના ઘરે રહેવું પડે. એની પાછળ મિસ મેરિયેટનો ઈરાદો એ હતો કે, એ મને માત્ર પુસ્તકનું શિક્ષણ નહીં, પરંતુ રીતરસમ અને સમાજમાં હળવાભળવાની રીત પણ શીખવાડે. એ મારી અને એમની ભત્રીજીની સંપૂર્ણ કેળવણીની જવાબદારી ઉઠાવવા તૈયાર હતાં. મારી મા સમજી ગઈ હતી કે ધનના અભાવને કારણે એની સાથે રહીને મારું શિક્ષણ શક્ય નહીં બને. એણે કમને મને મિસ મેરિયેટ સાથે જવાની રજા આપી, પરંતુ મારે માટે એ નિર્ણય ખૂબ જ સાચો પુરવાર થયો. આજે હું જે કંઈ છું એને માટે મારે મિસ મેરિયેટનો આભાર માનવો રહ્યો કારણ કે, એમણે મને જીવન જોતાં શીખવ્યું. મારા વિચારોને ખુલ્લા મને આવકાર્યા અને મને પણ ખુલ્લા મને અન્ય વિચારોને આવકારવાનું શિક્ષણ આપ્યું. માત્ર ક્રિશ્ચિયાનિટી જ નહીં, બલ્કે અંગ્રેજી સમાજ, રાજનીતિ અને શિક્ષણ જગતની કેટલીક બાબતો હું એમની પાસેથી શીખી, જે મને જીવનભર કામ લાગી.

મિસ મેરિયેટના પ્રભાવ હેઠળ મારે પણ અવિવાહિત રહેવું હતું. શિક્ષણ અને સમાજ માટે કામ કરવું હતું, પરંતુ મિસ મેરિયેટ લંડનના જૂજ ધનિકોમાંથી એક હતાં, એમને માટે એ શક્ય હતું, જ્યારે મધ્યમવર્ગની એક સામાન્ય છોકરીના આવા વિચારની સમાજમાં હાંસી થશે એ બીકે મારી માએ મારા લગ્ન એક પાદરી સાથે નક્કી કરી નાખ્યા. ૨૦ વર્ષની ઉંમરે ૧૮૬૭માં ફ્રેન્ક બેસેન્ટ સાથે મારાં લગ્ન થઈ ગયાં. ફ્રેન્ક એક જક્કી, ધૂની અને આપખુદ વ્યક્તિ હતા. એને દલીલો કે આગવા વિચાર પસંદ નહોતા. એની પત્ની એટલે એને માટે એક સેવિકાથી વધુ કંઈ નહોતી. એણે ક્યારેય મને પોતાના જીવનમાં સામેલ કરી નહીં. હું લગ્નનો ઈનકાર ન કરી શકી માટે મેં લગ્ન કર્યાં, અમને બે બાળકો પણ થયાં. બંને બાળકોનો જન્મ ખૂબ મુશ્કેલ હતો-મારે માટે જીવન-મરણનો પ્રશ્ન હતો તેમ છતાં મારા પાદરી પતિએ કોઈ સહાનુભૂતિ કે સ્નેહ બતાવવાને બદલે બાળકોની જવાબદારી મારા ઉપર નાખીને નોર્થ ઈંગ્લેન્ડના પ્રવાસે જવાનું પસંદ કર્યું.

બે બાળકોના જન્મ પછી જ્યારે મેં નક્કી કર્યું કે, મારે ત્રીજું બાળક નથી જોઈતું અને સંતતિનિયમનનો પ્રસ્તાવ એની સમક્ષ મૂક્યો ત્યારે એણે મને અપશબ્દો કહ્યા અને હાથ ઉપાડ્યો. સત્ય તો એ છે કે, એણે પહેલીવાર હાથ નહોતો ઉપાડ્યો!

મેં જ્યારે જ્યારે એને ધર્મ વિશેની મારી શંકાનું સમાધાન કરવા માટે પ્રશ્નો પૂછ્યા એ દરેક વખતે એણે મને ચૂપ કરવાનો પ્રયાસ કર્યો એટલું જ નહીં, દરેક વખતે એણે જોહુકમી અને અનાદરથી મારી સાથે વાત કરી. મારું અપમાન કર્યું અને તેમ છતાં જ્યારે મેં દલીલ કરવાનો અને અવાજ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે એણે પોતાના પૌરુષનો અને શક્તિનો ઉપયોગ કરીને મારા પર હાથ ઉપાડ્યો. એ સમયમાં-૧૮૭૨માં મેં ચાર્લ્સ વોયસીનો ઉપદેશ સાંભળ્યો. એમણે બાઈબલના અધિકાર અને ઈસુના મૂળ સંદેશના અર્થઘટન સામે પ્રશ્નો ઉઠાવ્યા. મને એમની વાતમાં રસ પડવા લાગ્યો. હું એમને મળી એટલું જ નહીં, એમણે મને થોમસ સ્કોટ સાથે ઓળખાણ કરાવી. થોમસ એક તર્કસંગત અને ન્યાયી વ્યક્તિ હતા. ચર્ચની સત્તા સામે એમણે સવાલો ઉઠાવ્યા હતા. સમાજનો એક મોટો ભાગ એમનો આદર કરતો અને એમની વાત સાંભળવા લાગ્યો હતો. ચર્ચ અને પાદરીઓ એમને ધિક્કારતા. થોમસ સ્કોટે મને એક પુસ્તક લખવા માટે પ્રેરિત કરી. મારા વિચારોને એ પુસ્તકમાં સમાવીને મેં એ સમયના ચર્ચની સત્તા અને પાદરીઓની અંધશ્રદ્ધા ફેલાવવાની પ્રવૃત્તિ સામે પ્રશ્નો ઉઠાવ્યા. પુસ્તકનું નામ હતું, 'ઓન ધ ડેઈટી ઓફ જીસસ ઓફ નાજરેથ: એન ઈંક્વયારી ઈનટૂ ધ નેચર ઓફ જીસસ.'

એ પુસ્તક પ્રકાશિત થતાં જ મારા ઘરમાં ભયાનક વિવાદ થયો. ફ્રેન્ક બેસેન્ટે મને ઘરમાંથી કાઢી મૂકી અને ધમકી આપી કે, એ મને બરબાદ કરી નાખશે. હું બે બાળકોને લઈને ઘર છોડીને નીકળી ગઈ કારણ કે, અંધશ્રદ્ધા તર્ક વગરના વિચારોનો વારસો હું મારાં સંતાનોને આપવા માગતી નહોતી.

(ક્રમશ:) ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

## તરુણાવસ્થાએ ઉકળાટનો કકળાટ

**શિયાળાની** સાંજ રોજ માફક ઊતરી આવેલી, પણ આયેશા આજે ખુશ નહોતી. સવારે સ્કૂલમાં ગણિતની વીકલી ટેસ્ટના માર્ક્સ આપવામાં આવ્યા ત્યારથી એ ઢીલી પડી ગયેલી. એક તો આ વર્ષે એનુ પર્ફોર્મન્સ થોડું નબળું સાબિત થઈ રહેલું. એમાં ગણિતમાં ઉત્તરોતર ખરાબ ગ્રેડ્સ એનું મનોબળ તોડવા નિમિત્ત બન્યા હતા. ઘેર પાછાં ફરતાં રસ્તામાં એની સામે પોતાના પેરેન્ટ્સના ચહેરા તરવરી ઊઠ્યા, જે કહી રહ્યા હતા કે, કંઈ પણ થાય હવે પછીની એક્ઝામમાં સારા માર્ક્સ આવવા જોઈએ.

આખો દિવસ સતત ઉચાટ સાથે પોતાના રૂમમાં ભરાઈ બેસેલી એ છેક સાંજે રસોડામાં પાણી પીવા આવી. જુએ છે તો મમ્મી પોતાને અનહદ ભાવતા પુલાવ રાઈસ બનાવતી હતી. એની સોડમ નાકમાં પ્રસરી ગઈ, પણ એને જમવું નહોતું. ગણિતના માર્ક્સ જાણે એની ભૂખ ભેગી લઈ ગયેલા.

'આયેશા, કેવો રહ્યો દિવસ, બેટા?' મમ્મીએ કંઈક વાત કરવાની કોશિશ કરતાં પૂછ્યું. આયેશાને વાત કરવાનો સહેજ પણ મૂડ હતો નહી એટલે એ સામે તાડૂકી, 'કેવો હોય? સાવ ભંગાર. My day was terrible. ઓકે?'

એમ કહી એણે ટેબલ પર રીતસર હાથ પછાડ્યો. મમ્મીએ એને શાંત પાડવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ આયેશાનો રોષ એક પણ સાંત્વનાને સમજવાની સીમા પાર કરી ગયેલો. અંતે દરવાજો પછાડતાં એ આવેશમાં ત્યાંથી ધમધમ કરતી ફરી પોતાના રૂમ તરફ ભાગી.

ઉપર રૂમમાં પંહોચતાંવેંત એણે પલંગ પર પડતું મૂક્યું. એક ના સમજાય એવી અજીબ બેચેનીએ એને ઘેરી લીધી. પોતાના પેરેન્ટ્સ શા માટે આવા ક્રિટિકલ છે? શા માટે મને એકલી નથી મૂકતા? મારી જિંદગીમાં આટલો બધો ચંચૂપાત શા માટે કરે છે? આવા વિચારો કરતું એનું મન વળી પાછું એને મેથ્સની ટેસ્ટ યાદ કરાવી ગયું. પોતે આ વખતે તો ઘણી મહેનત કરેલી, પણ ખબર નહી કેમ માર્ક્સ ઓછા આવ્યા. એને સમજ નહોતી પડતી કે શું કરવું? ગયા વખતે મમ્મીએ કહેલું કે હવે છેલ્લી તક આપું છું. માર્ક્સ સુધરવા જોઈએ.

હવે હું શું કહીશ મમ્મીને? એવું વિચારતી આયેશા ધ્રુસકે-ધ્રુસકે રોવા લાગી. એને લાગ્યું પરિસ્થિતિ સામે પોતે અતિલાચાર છે. આખો દિવસ ભૂખ્યા-તરસ્યા રહેવાના કારણે કે પછી સતત તણાવગ્રસ્ત રહેતાં મનને લીધે પણ પલંગ પર બેઠાં થવા જતાં અચાનક એને ચક્કર આવવા લાગ્યા. આસપાસ જાણે બધુ ગોળ-ગોળ ફરતું હોય એવું લાગ્યું, પણએ વખતે જ મમ્મી અંદર આવી:

'આયેશા, બેટા મેં તને અપસેટ કરી હોય તો આઈ એમ સોરી..' મમ્મીએ પ્રેમાળ સ્વરે કહ્યું અને પછી ઉમેર્યું: 'પણ તું આમ અમને સાવ દૂર કરી દે એ યોગ્ય નથી. આપણે વાત કરવી જોઈએ. જે કોઈ પ્રશ્ન હોય એ સાથે મળી સોલ્વ કરવા જોઈએ....'

હવે આંચકો ખાવાનો વારો આયેશાનો હતો. પોતે પેરેન્ટ્સ વિશે ખોટું વિચારતી હતી એ વાતનું એને થોડું ગિલ્ટ થઈ આવ્યું.



'આઈ એમ સોરી મોમ...' બહુ ધીમા સ્વરે એ માત્ર આટલું જ બોલી શકી. મમ્મીએ એની પાસે બેસી કહ્યું:

'ઈટ્સ ઓકે, સ્વિટી. આપણા દરેકના જીવનમાં અમુક ખરાબ દિવસો આવતા હોય છે, પણ આવું થાય ત્યારે આમ આકરું - ઉતાવળું થવાને બદલે એ વિશ વાત કરતાં શીખવું જોઈએ. કોઈ પ્રશ્ન એવા નથી હોતા જેનું નિરાકરણ ના થઈ શકે.'

મમ્મીની વાતોથી આયેશાને થોડું સારું લાગ્યું એટલે હકારમાં માથું ધુણાવ્યું અને પોતાના ટેસ્ટ રિઝલ્ટથી માંડીને અત્યાર સુધીની વાત કરી. એ પણ સ્વીકાર્યું કે પોતાની મરજી વિરુદ્ધ કંઈ થાય તો એ અંદરથી ઊકળી ઊઠે છે. પોતાના ટેમ્પરને કાબૂમાં રાખી શકતી નથી.

આયેશાની મમ્મી એમ સમજુ હતી. ટીનએજ દીકરી સાથે બળથી નહી પણ કળથી જ કામ લેવું પડે તે વાત એ સુપેરે જાણતી હતી. એટલે એણે આયેશા પાસેથી એક પ્રોમિસ માગ્યું કે આજથી એક મહિના સુધી એ ઉકળાટ નહી કરે. જે કોઈ તકલીફ પડે એને શાંતિથી નિવારવાના પ્રયત્ન કરશે. આયેશાને થોડા દિવસો તો આ બધા ઈમોશન્સના આઉટબ્રેક વચ્ચે શાંતિ જાળવવામાં ખૂબ મુશ્કેલી પડી. ગમે ત્યારે પોતાના મગજનું બોઈલર ફાટી જાય એનો ડર અંદર ઊકળતો રહેતો, પણ મમ્મીની મદદથી એણે યોગા-મેડિટેશન શરૂ કર્યું. પોતાને ગમતા ગિટાર ક્લાસિસમાં જોડાઈ. મેથ્સનું અલગથી ટ્યુશન ચાલુ કરી દરરોજ એક કલાક દાખલા ગણવાની ટેવ પાડી.

જેમ-જેમ દિવસો પસાર થતા ગયા. આયેશાએ પોતાની જાતમાં બદલાવ મહેસૂસ કર્યો. એને લાગ્યું કે પોતે થોડી શાંત થઈ રહી છે. પોતાનાં લક્ષ્ય તરફ એ ધ્યાન આપી રહી છે અને કોઈ પણ સ્ટ્રેસ, પ્રેશર કે અચાનક આવી પડતા ઈમોશનલ આઉટબ્રેક્સને એ સંભાળતાં શીખી રહી છે. એમાં પણ જ્યારે એને બીજા મહિને ટેસ્ટ રિઝલ્ટ મળ્યા ત્યારે એ ખુશીથી ઝૂમી ઊઠી. પોતે કરેલી મહેનતના ફળસ્વરૂપ એને ટેસ્ટમાં 'એ પ્લસ ગ્રેડ' મળ્યો હતો.

આયેશાની મમ્મીએ એનું રિઝલ્ટ જોયું ત્યારે દીકરીને વળગી પડી. પહેલી વાર આયેશા ખૂબ ખુશ થઈ. માને સંતોષ આપ્યાનો રાજીપો એના ચહેરા પર છલકાઈ રહ્યો હતો.

અંતે આખા દિવસની થાકેલી આયેશા રાતના એકાંતમાં શાંત ચિત્તે છત તાકતી બેઠી ત્યારે એને ખ્યાલ આવ્યો કે, આ એક મહિનામાં જિંદગીનો ખૂબ મોટો પદાર્થપાઠ એને શીખવા મળ્યો હતો. તમારા સ્વભાવગત ઉદ્‌ભવતા ઉકળાટને સાચવતાં શીખવું અને ખરાબ સમય આવે ત્યારે શાંતિથી સ્વીકાર કરી એમાંથી બહાર નીકળવાના રસ્તાઓ શોધવા જરૂરી છે.

આયેશાને હવે ખબર હતી કે જિંદગીમાં આગળ જતાં કોઈ પણ ચેલેન્જ કેમ ના આવે પોતે એનો સામનો કરવા માટે સજ્જ છે. ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

## અંતરિક્ષયાનની પ્રથમ મહિલા પાઈલટ: સુનિતા વિલિયમ્સ



ત્રણ અંતરિક્ષ અભિયાનનો અનુભવ કરનારાં એ પ્રથમ મહિલા છે, અંતરિક્ષયાનની પ્રથમ ભારતીય મહિલા પાઇલટ પણ એ જ છે, અંતરિક્ષની પ્રથમ મેરેથોન દોડવીર એ જ છે, અંતરિક્ષમાં વિક્રમસર્જક સ્પેસવોક કરનાર પ્રથમ અવકાશયાત્રી છે અને સૌથી લાંબો સમય અંતરિક્ષમાં વિતાવનાર પ્રથમ અવકાશયાત્રી પણ એ જ છે.... કહો જોઉં, એ કોણ છે?

સુનિતા વિલિયમ્સને મળો.... ભારતીય મૂળની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ. વર્ષ ૨૦૨૪માં બોઇંગના સીએસટી ૧૦૦ સ્ટાર લાઈનર ૨ અંતરિક્ષયાનમાં સવાર થઈને એ ત્રીજી વાર અવકાશમાં ગયા. આ અંતરિક્ષયાત્રાની વિશેષતા એ હતી કે સુનિતા અંતરિક્ષયાનનાં પાઇલટ પણ હતાં. જોકે આઠ દિવસ માટે અંતરિક્ષમાં ગયેલી સુનિતા અવકાશયાનમાં ખામી સર્જાતાં હજુ પૃથ્વી પર પાછા ફરી શક્યા નથી. અંતરિક્ષયાનની પ્રથમ મહિલા પાઇલટ બનીને પણ સુનિતાએ વિક્રમ સર્જ્યો હતો. અગાઉ સુનિતા ૨૦૦૬ અને ૨૦૧૨માં અંતરિક્ષની સફર કરી ચૂક્યાં છે. ૨૦૦૬માં સુનીતાએ ૧૯૫ દિવસ અંતરિક્ષમાં રહીને અવકાશની સૌથી લાંબી સફર કરવાનો વિક્રમ સર્જ્યો અને ૨૦૧૨માં ૧૨૭ દિવસ વિતાવ્યા હતા. ૨૦૧૨ના મિશનની ખાસ બાબત એ હતી કે સુનિતાએ ત્રણ વખત સ્પેસવોક કર્યું હતું. પ્રથમ સફરમાં સુનિતાએ ચાર વખત સ્પેસ વોક કર્યું હતું. પચાસ કલાક ને ચાળીસ મિનિટ સુધી સ્પેસ વોક કરનારી એ પ્રથમ અવકાશયાત્રી છે, દરમિયાન, ૧૬ એપ્રિલ ૨૦૦૭ના રોજ અવકાશ મથકની બોસ્ટન મેરેથોન દોડનારી પ્રથમ અવકાશયાત્રી બની, સૌથી લાંબો સમય અર્થાત કુલ ૩૨૨ દિવસ અંતરિક્ષમાં પસાર કરનાર એ પ્રથમ અવકાશયાત્રી છે!

કલ્પના ચાવલા પછી અવકાશમાં પ્રવાસ કરનાર ભારતીય મૂળની બીજી મહિલા સુનિતા વિલિયમ્સ છે. તેમને ૨૦૦૮માં ભારત સરકાર દ્વારા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ ક્ષેત્રે પદ્મભૂષણથી નવાજવામાં આવેલા. આ સિવાય તેમને નેવી કમ્મેન્ડેશન મેડલ, નેવી અને મરીન કોર્પ અચીવમેન્ટ મેડલ, માનવતાવાદી સેવા મેડલ જેવાં અનેક સન્માનોથી નવાજવામાં આવ્યાં છે. ૨૦૧૩માં ગુજરાત યુનિવર્સિટીએ તેમને માનદ ડૉક્ટરેટની પદવી એનાયત કરી હતી. ૨૦૧૩માં સ્લોવેનિયા દ્વારા 'ગોલ્ડન ઓર્ડર ફોર મેરિટ' પુરસ્કાર એનાયત કર્યો હતો.

સુનિતા વિલિયમ્સનો જન્મ ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ યુએસએના ઓહિયો રાજ્યના યુક્લિડ શહેરમાં ક્લીવલેન્ડ ખાતે થયો. પૂરું નામ સુનિતા લિયન પંડ્યા વિલિયમ્સ.. પિતાનું નામ દીપક એન. પંડ્યા. માતાનું નામ બોન્નીજ લોકર પંડ્યા. દીપક પંડ્યા ૧૯૫૮માં ભારતથી સ્થળાંતર કરીને અમેરિકા જઈ વસ્યા. સુનિતાનો જન્મ અમેરિકામાં થયો.

સુનિતાએ મેસેચ્યુસેટ્સમાંથી હાઈ સ્કૂલ પાસ કર્યા પછી ૧૯૮૭માં સંયુક્ત રાષ્ટ્રની નેવલ એકેડેમીમાંથી શારીરિક નૌસેનિક સ્નાતકની ડિગ્રી મેળવી. ૧૯૯૫માં તેમણે ફ્લોરિડા ઇન્સ્ટિટ્યૂટ ટેકનોલૉજીમાંથી એન્જિનિયરિંગ મૅનેજમેન્ટમાં એમએસની ડિગ્રી મેળવી. જૂન ૧૯૯૮માં તેમની પસંદગી યુએસ સ્પેસ એજન્સી નાસામાં કરવામાં આવી. સુનિતાએ યુએસ નેવીમાં નાવિક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. યુએસ નેવીમાં હેલિકોપ્ટર પાઇલટ, ટેસ્ટ પાઇલટ, પ્રોફેશનલ મરીન, ડાઇવર, સ્વિમર તરીકે સેવા આપી. યુએસ નેવીમાં તેમની કારકિર્દી ૧૯૮૭માં શરૂ થઈ હતી. છ મહિના પછી તેમને બેઝિક ડ્રાઇવિંગ ઑફિસર તરીકે પસંદ કરવામાં આવ્યાં. વર્ષ ૧૯૮૯માં, સુનિતા વિલિયમ્સને 'નેવલ ઍર ટ્રેનિંગ કમાન્ડ'માં મોકલવામાં આવ્યાં, જ્યાં તેમને 'નેવલ એવિએટર'તરીકે નિયુકત કરવામાં આવી.. ત્યાર પછી તેમણે 'હેલિકોપ્ટર કોમ્બેટસ પોર્ટ સ્ક્વોડ્રન'માં તાલીમ લીધી. સુનીતા વિલિયમ્સને ૧૯૯૮માં નાસા મિશન માટે પસંદ કરવામાં આવ્યાં. જૂન ૧૯૯૮માં સુનિતા વિલિયમ્સની નાસા દ્વારા અવકાશ યાત્રી કાર્યક્રમ માટે પસંદગી કરવામાં આવી અને અવકાશયાત્રી બનવાની તેમની તાલીમ તે જ વર્ષથી શરૂ થઈ ગઈ. તેઓને સઘન તાલીમ આપવામાં આવી હતી જેમાં બહુવિધ વૈજ્ઞાનિક અને તકનીકી બ્રીફિંગ્સ, શટલ અને ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સિસ્ટમમાં સઘન સૂચના અને શારીરિક તાલીમનો સમાવેશ થતો હતો. સઘન તાલીમના સમયગાળા પછી, તેમને સ્પેસસ્ટેશનમાં રશિયન સ્પેસ એજન્સી સાથે કામ કરવા માટે મોસ્કો મોકલવામાં આવ્યા. ૯ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ, સુનિતાને સ્પેસ ક્રાફ્ટ 'ડિસ્કવરી'માંથી 'ઈન્ટરનેશનલ સ્પેસ સેન્ટર' પર મોકલવામાં આવેલાં. સુનિતાએ અભિયાન-૧૪ અને અભિયાન-૧૫ દરમિયાન ત્રણ સ્પેસવોક કર્યા. ૬ એપ્રિલ ૨૦૦૭ના રોજ, તેણે અવકાશમાં જ 'બોસ્ટન મેરેથોન'માં ભાગ લીધો હતો. અવકાશમાં મેરેથોન દોડનારી તે પ્રથમ મહિલા બન્યાં હતાં. તેમણે પોતાની મેરેથોન દોડ ૪ કલાક ૨૪ મિનિટમાં પૂરી કરી હતી. ત્યાર બાદ ૨૨ જૂન ૨૦૦૭ના રોજ તેઓ પૃથ્વી પર પાછા ફર્યા.

જૂન ૨૦૦૭માં, કેલિફોર્નિયામાં એડવર્ડ્સ એરફોસ બેઝ પર પાછા ફરતાં પહેલાં એસટીએસ-૧૧૭ ક્રૂએ વિશ્વવિક્રમ સ્થાપ્યો હતો. તેમણે અવકાશયાનની બહાર કુલ ૨૯ કલાક કરતાં વધુ સમય માટે સ્પેસ વોક કર્યું અને ૧૯૫થી વધુ દિવસો અવકાશમાં વિતાવ્યા, જે એક વિશ્વવિક્રમ બની ગયો. તેમણે ફરી ૧૫ જુલાઈ ૨૦૧૨ના રોજ બેકોનુ રકોસ્મો ડ્રોમથી ISS માટે એક્સપિડિશન ૩૨ પર ફ્લાઇટ એન્જિનિયર તરીકે ઉડાન ભરી. તેમનું અવકાશયાન સોયુઝ 'ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' સાથે જોડાયું. સુનિતા વિલિયમ્સને ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ એક્સપિડિશન ૩૩ની કમાન્ડર બનાવવામાં આવ્યાં અને આ મિશન દરમિયાન તેમણે એકવીસ કલાકથી વધુ સમયમાં બીજા ત્રણ સ્પેસવોક કર્યા હતા. તેમણે સધર્ન કેલિફોર્નિયામાં આયોજિત નૌટિકામાલિબુ ટ્રાયથ્લોન સાથે જોડાણ કરીને ટ્રેડમિલનો ઉપયોગ કરીને ભ્રમણકક્ષામાં એક ટ્રાયથ્લોન પૂર્ણ કરીને પૃથ્વી પર ઇતિહાસ રચ્યો હતો. નવેમ્બર ૨૦૧૨માં પૃથ્વી પર પાછા ફરતાં પહેલાં તેઓ લગભગ ૧૨૭ દિવસ સુધી અવકાશમાં રહ્યાં. સુનિતા વિલિયમ્સ ૧૯ નવેમ્બર ૨૦૧૨ના રોજ પૃથ્વી પર પરત ફરેલી. ૧૯૯૮થી નાસા સાથે જોડાયેલા સુનિતાએ અત્યાર સુધીમાં કુલ ૩૦ અલગ-અલગ અવકાશયાનમાં ૨૭૭૦ ઉડાન ભરી છે.

અવકાશી સફરના અવનવા અનુભવોનો ખજાનો ધરાવતી સુનિતાએ અવકાશમાં જવાનું ક્યારેય વિચાર્યું નહોતું, પણ સુનિતા અવકાશયાત્રી બની એટલું જ નહીં, અનેક વિક્રમો સર્જીને અંતરિક્ષ પરી બની ગઈ છે! ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કઈ છે યુવાઓની ફેવરિટ હેરસ્ટાઈલ?

સ્ટાઈલ પ્લસ
વિવેક કુમાર
feedback.ladki@bombaysamachar.com

૨૦૨૪નું વર્ષ પૂરું થયું અને નવા વર્ષે નવું આવકારવામાં આવી રહ્યું છે. એમાં ફેશન અને સ્ટાઇલ પણ બાકાત નથી. યુવાઓમાં સૌથી વધુ સ્ટાઇલિશ હેર ટ્રેન્ડ કયો છે એનાં પર આપણે નજર નાખીશું. ૨૦૨૪માં ગૂગલ પર સૌથી વધુ કેટલીક હેર સ્ટાઇલને ખૂબ સર્ચ કરવામાં આવી હતી. યુવાઓ નવું અપનાવવા થનગનતાં હોય છે. તેમને સૌથી અલગ અને હટકે દેખાવાની ઇચ્છા હોય છે. તો ચાલો જાણી લઈએ કઈ છે એ હેરસ્ટાઇલ?

**સ્વસ્થ અને ચમકદાર હેર સ્ટાઇલઃ** આ માત્ર એક હેર સ્ટાઇલ જ નહીં, પરંતુ આ એક સ્થિતિ છે. સ્વસ્થ અને ચમકદાર હેર સ્ટાઇલનો અર્થ છે કે એવો લૂક જે તમારા વાળને કુદરતી સુંદરતા આપે અને હેલ્ધી પણ દેખાય. આ સ્ટાઇલ વાળની લંબાઈ, એનો પ્રકાર અને ચહેરાના આકાર પર આધાર રાખે છે. આમ તો વાળની ચમક જાળવી રાખવા માટે એ ખૂબ માવજત માગી લે છે.

**આ હેર સ્ટાઇલની કેટલીક વિશેષતાઓઃ**

વાળમાં કુદરતી ચમક એમાં હેલ્ધી શાઇન અને ફ્રેશનેસ આપે છે.

આ સ્ટાઇલમાં વાળ સ્મૂથ અને સોફ્ટ દેખાય છે.

ડ્રાય અને ડલ વાળને મોઇશ્ચરાઇઝ રાખવામાં આવે છે.

આ સ્ટાઇલમાં વાળને એની ઓવર સ્ટાઇલિંગથી બચાવવામાં આવે છે અને એ કુદરતી સુંદર દેખાય છે.

ઐશ્વર્યા રાય બચ્ચનના વાળ હંમેશાં ચમકદાર, સિલ્ક અને નેચરલ લૂકમાં દેખાય છે. એના માટે વાળની ખૂબ કાળજી લેવી પડે છે.


**મૂડી બ્રાઉનઃ** ખરેખર તો આ વાળને કલર કરવાનો ટ્રેન્ડ છે. મૂડી બ્રાઉન એટલે ડાર્ક ભૂરો રંગ, જેનાં દ્વારા વાળની ચમક પર ધ્યાન આપવામાં આવે છે. આ કલરને હાઇલાઇટ કે કોઈ ઇફેક્ટ વગર વાળમાં લગાવવામાં આવે છે.

મૂડી બ્રાઉન વાળને ક્લાસી લૂક આપે છે.

આ દરેક સ્કિન ટોન માટે ઉપયોગી છે.

મૂડી બ્રાઉન લૂક મેળવવા માટે વાળને નિયમિત રૂપે કંડિશન કરવા જોઈએ, પરંતુ વધારે પડતી હિટથી વાળને બચાવવા જોઈએ. એનાથી વાળને નુકસાન થઈ શકે છે.

મૂડી બ્રાઉન વધુ સમય સુધી જાળવી રાખવા માટે યોગ્ય હેરકૅર ઉત્પાદનોનો ઉપયોગ કરવો જોઈએ.




## સાઇડ પાર્ટિંગ હેર સ્ટાઇલ

આ હેર સ્ટાઇલ આ વર્ષે ખૂબ ટ્રેન્ડમાં રહેવાની શક્યતા છે. અમેરિકા, થાઇલેન્ડ, જર્મની અને ભારત સુધી દરેક યુવાઓ પછી એ મેલ હોય કે ફિમેલ હોય તેમને સાઇડ પાર્ટિંગ હેર સ્ટાઇલ આકર્ષક લાગી રહી છે. આમ તો આ કાંઈ નવી સ્ટાઇલ નથી, પરંતુ વર્તમાનમાં એનું ચલણ ખૂબ વધ્યું છે. એને યુવાઓ અલગ રીતે અપનાવી રહ્યાં છે. વાળને સાઇડ પાર્ટિંગ કરીને એને એક સાઇડમાં લઈ જઈને રબરથી પોનીટેલ બાંધવામાં આવે છે. આ લુકને વધુ હટકે દેખાડવા માટે પોનીટેલ બનાવતાં પહેલા એને હેર સ્ટ્રેટનરની મદદથી સ્ટ્રેટ બનાવવામાં આવે છે. દર વખતે આ સ્ટાઇલમાં કાંઈક નવાપણું જોવા મળે છે. યુવતીઓને આ સ્ટાઇલ ખૂબ પસંદ છે.

## ફ્રેન્ચ બૉબ હેર સ્ટાઇલ

આ એક ક્લાસિક અને એવરગ્રીન સ્ટાઇલ છે. આ સ્ટાઇલ વીસમી સદીની શરૂઆતમાં ફ્રાન્સમાં ટ્રેન્ડમાં હતી. જોકે આજે એ ગ્લોબલ હેર સ્ટાઇલ બની ગઈ છે.

**ફ્રેન્ચ બૉબ હેર સ્ટાઇલ લૂકની વિશેષતાઓઃ**

આ સ્ટાઇલ ખૂબ જ સરળ અને એના પર વધુ ધ્યાન નથી આપવું પડતું.

ફ્રેન્ચ બૉબ હેર સ્ટાઇલને ફાઇનલ ટચ આપવા માટે સ્ટ્રેટનરથી વાળને સીધા કરીને એના પર શાઇન સ્પ્રે કરવામાં આવે છે.

ફ્રેન્ચ બૉબ હેર સ્ટાઇલમાં બેબી લૂક સૌથી વધુ પસંદ કરવામાં આવે છે. એમાં વાળને હલકા કર્લ કરીને વેવ્ઝ આપવામાં આવે છે.

આ હેર સ્ટાઇલ ન્યૂડ મેકઅપ અને મિનિમલ જ્વેલરી સાથે સૌથી વધુ સુટ થાય છે. બૉલીવૂડમાં દીપિકા પાદુકોણ આ સ્ટાઇલની સૌથી મોટી આઇકન રહી છે. આ ટાઇમલેસ હેર સ્ટાઇલ છે જે સાદગી અને સ્ટાઇલનું મિશ્રણ દેખાડે છે.







## વેટ વેવ્સ હેર લૂક

વેટ વેવ્સ હેર એટલે કે વાળને એવી સ્ટાઇલ કરવામાં આવે છે જેથી કરીને એ ભીના દેખાય. આ હેર સ્ટાઇલ ગ્લેમરસ અને આધુનિક દેખાય છે. આ લૂક મુખ્યત્વે રેડ કાર્પેટ ઇવેન્ટ્સ કે પછી પાર્ટીઓમાં વધુ આકર્ષક લાગે છે.

**વેટ વેવ્સ હેર લૂકની વિશેષતાઓઃ**

આ લૂક એવો દેખાય છે જાણે કે તમે હમણાં જ વાળ ધોયા હોય.

આ લૂકમાં વાળમાં હલકી લહેરખી દેખાય છે.

આ લૂકમાં વાળ ચમકદાર અને સ્વસ્થ દેખાય છે. આ ચમક હેરસ્પ્રે, જેલ અને ક્રીમથી આવે છે.

વેટ વેવ્સ હેર લૂક અપનાવવા માટે હેરસ્પ્રે, હેરજેલ અને ક્રીમને સમાનરૂપે લગાવીને ભીની ઇફેક્ટ આપી શકાય છે. એને ફાઇનલ ટચ આપવા માટે હોલ્ડ સ્પ્રે કાં તો શાઇન સ્પ્રે લગાવવાનો હોય છે. જોકે એક વાત ધ્યાન રાખવી કે આ લૂક અપનાવ્યા પછી વાળને વારંવાર હાથ ન લગાવવો. નહીં તો એની શાઇનિંગ અને લૂક બગડી જાય છે. ■

# ઠંડીના દિવસોમાં પણ સ્ટાઈલ મેં રહેને કા...!

ફેશન પ્લસ
પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

*શિયાળાએ પોતાની ઠંડક ફેલાવવાની શરૂઆત કરી દીધી છે. આખું ઉત્તર ભારત શીત લહેરની ટોચ પર ઊભું છે. હવે આગામી એક મહિના સુધી ઠંડીની આવી જ સિઝન રહેશે. જ્યારે તમારે ઘણાં કપડાં પહેરવાં પડે છે. તો શું આ કપડાંથી લદાઈ જવાના દિવસોમાં ફેશનને કોઈ અવકાશ નથી? છે ને, એમ કહો કે અત્યંત ફેશનેબલ રહેવાને છે.*

*તમારે ફક્ત એ વાતનું ધ્યાન રાખવાનું છે કે શિયાળાના દિવસોમાં, ખાસ કરીને કડકડતી ઠંડીના દિવસોમાં, તમારે એવી ફેશનેબલ એક્સેસરીઝ પસંદ કરવી જોઈએ જે તમારું સ્ટાઈલ સ્ટેટમેન્ટ બની શકે અને તમને ભરપૂર હૂંફ પણ આપે. આવી એક્સેસરીઝની કોઈ અછત નથી, ફક્ત ધ્યાનમાં રાખો કે તમારે પસંદગી કાળજીપૂર્વક કરવાની રહેશે. ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં જ્યારે શિલોંગથી કાશ્મીર સુધી બધું જામી જાય, બપોરે પણ એટલી કડકડતી ઠંડી લાગતી હોય ત્યારે કેટલીક એક્સેસરીઝ છે જે તમને ગરમ રાખશે –*

## વૂલન ટોપી-હાથનાં મોજાં



વૂલન કેપ્સ જે એક્રેલિક ફેબ્રિકથી ડિઝાઇન કરવામાં આવી છે, તે ઠંડી હવાને બહાર જ રોકી લે છે. સાથે જ તે સ્ટાઇલિશ દેખાવ પણ આપે છે. તેથી, શિયાળામાં, મલ્ટીકલર્ડ વૂલન હેટ કેપ અને નેક વૂલન મફલર સ્કાર્ફનું સંયોજન જોવા જેવું છે. વુલન કેપ્સ શિયાળામાં વધુ સ્ટાઇલિશ બની જાય છે જ્યારે તેની સાથે થર્મલ મોજા પણ પહેરવામાં આવે. થર્મલ, યાર્ન અને પોલિએસ્ટરથી બનેલા મોજા શિયાળામાં હાથને ગરમ તો રાખે છે, ઉપરાંત, પાતળા હોવાને કારણે, તે આપણી શારીરિક પ્રવૃત્તિને અસર કરતું નથી. આ દિવસોમાં, ફંકી રંગો અને સ્ટાઇલિશ ડિઝાઇન સાથેની બીની કેપ્સ માત્ર સ્ટાઇલિશ જ નથી લાગતી પણ માથાને ગરમ પણ રાખે છે. બીની વૂલન કેપ્સ વાસ્તવમાં ગૂંથેલી ટોપી છે, જેને બોલચાલમાં બીની કેપ્સ કહેવામાં આવે છે. આ રીતે, વૂલન કેપ અને ગ્લોવ્સનું સંયોજન શિયાળામાં તમને સ્ટાઇલિશ બનાવે છે અને ઠંડીથી પણ દૂર રાખે છે.

## થર્મલ વેર



છેલ્લા કેટલાક સમયથી ગરમીનો સૌથી મોટો જવાબ થર્મલ વેર છે. આજકાલ, ઘણા ડિઝાઇનર આંતરિક વસ્ત્રો કે રંગબેરંગી વેસ્ટ્સ, જેને ફેન્સી થર્મલ વેર પણ કહેવામાં આવે છે જે બજારમાં રૂ ૧૦૦૦ થી ૪૦૦૦ ની વચ્ચે મળી રહે છે. શિયાળાની ફેશનમાં આ મૂળભૂત પરંતુ સ્ટાઇલિશ વિકલ્પો છે. થર્મલ વસ્ત્રો તમને શરદીથી રાહત તો આપે જ છે પણ તમને ફેશનેબલ પણ બનાવે છે. જ્યાં સુધી સૌથી ગરમ થર્મલ વેરનો વાત છે, તો આ માટે તમારે સારી ક્વોલિટીના થર્મલ વેર ખરીદવા પડશે, પરંતુ જો તમારી પ્રાથમિકતા ભેજને શોષવાની હોય તો સિન્થેટિક સામગ્રી શ્રેષ્ઠ વિકલ્પ છે. પરંતુ જો ધ્યેય વધુ હૂંફ અને કુદરતી ઇન્સ્યુલેશન મેળવવાનો હોય તો ઊનનાં થર્મલ વસ્ત્રો યોગ્ય પસંદગી હશે. જ્યારે તમારે કડકડતી ઠંડીમાં બહાર જવાનું હોય છે, ત્યારે તે થર્મલ વસ્ત્રો છે જે તમને તમારા મનપસંદ ટી-શર્ટ અથવા શર્ટ પહેરવાની સગવડ આપે છે, અન્યથા આ સિઝનમાં, ઘણા કપડાં પહેર્યા પછી પણ દાંત થરથરવાના બંધ થતાં નથી.

## ઓવર સાઈઝ જેકેટ્સ



ઓવર સાઇઝ જેકેટ્સ અને હૂડીઝ પણ શિયાળાની ઠંડી માટે એક સારો વિકલ્પ છે. પરંતુ સારી વાત એ છે કે ઓવર સાઇઝ જેકેટ્સ માત્ર ઠંડીથી જ નથી બચાવતા પણ એક બોલ્ડ ફેશન સ્ટેટમેન્ટ પણ છે. જે યોગ્ય સ્ટાઈલીંગ એપ્રોચ સાથે કોઈપણ બોડી શેપને સુટ કરે છે. આજકાલ, ઓવર સાઇઝ જેકેટ્સમાં માત્ર એક જ નહીં પરંતુ ઘણા શ્રેષ્ઠ વિકલ્પો છે, જેને તમે બેગી પેન્ટ સાથે પહેરી શકો છો. લૂઝ ફિટિંગ ટ્રાઉઝર અને ઓવર સાઇઝના પેન્ટ પણ સ્ટાઇલિશ લુક આપે છે. છોકરીઓ ખાસ કરીને બોયફ્રેન્ડ શર્ટ અને ઓવર સાઇઝ જેકેટ્સ પસંદ કરે છે કારણ કે તે ખૂબ આરામદાયક અને ઢીલા હોય છે. તેને જીન્સ, શર્ટ અને ડ્રેસ સાથે પણ પહેરી શકાય છે. ઓવરસાઇઝ દેખાવને બિંદાસ અને બોલ્ડ બનાવવા માટે પેન્ટને બદલે શર્ટ પર બેલ્ટ પહેરો. જો કોઈ છોકરી તેને પાર્ટીમાં પહેરવા માગે છે, તો તેણે તેના ગળામાં લેયર નેકલેસ પણ પહેરવો જોઈએ અને ફૂટવેર માટે હાઈ હીલ્સ પસંદ કરવી જોઈએ.



## લેધર બૂટ-મફલર

ગોઠણ સુધીના ચામડાના બૂટ અથવા લાંબા બૂટ આજકાલ વેસ્ટર્ન અને ઈન્ડો વેસ્ટર્ન આઉટફિટ્સ સાથે પરફેક્ટ લાગે છે અને ઠંડીથી સંપૂર્ણ રાહત આપે છે. ગળામાં મફલર પહેરવાના પણ આ જ ફાયદા છે. મફલર હંમેશાં ફેશનમાં હોય છે. તેને ફોર્મલ અને કેઝ્યુઅલ કપડાં સાથે પહેરી શકાય છે. શિયાળામાં મફલર આપણને ગરમ રાખે છે અને સ્ટાઇલિશ પણ બનાવે છે.

## એવરગ્રીન સ્કાર્ફ-શોલ

ઠંડીના આ દિવસોમાં સ્કાર્ફ અને શોલ પણ ફેશનનો મહત્ત્વનો ભાગ છે. આ આઉટફિટને ખૂબ જ સુંદર બનાવે છે. સ્કાર્ફ સામાન્ય રીતે ૪૦ થી ૫૦ ઇંચ લાંબો હોય છે અને ગળા અથવા ખભાની આસપાસ રાખી શકાય છે. જ્યારે શોલ એ ચોરસ, ત્રિકોણાકાર અથવા લંબચોરસ ઊનનો ટુકડો છે, જેને મહિલાઓ માથા અને ખભા પર ઢાંકે છે. શોલ કોટ અથવા ટોપીની જગ્યાએ પહેરવામાં આવે છે,



ઘરની અંદર પણ ઠંડીથી બચવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. શોલનું હળવું અને ઔપચારિક સંસ્કરણ એટલે

સ્ટોલ. શોલ અને સ્ટોલ વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે સ્ટોલ શોલ જેટલી પહોળી નથી હોતી, પરંતુ તેને ગળાથી શરીરની આસપાસ ચુસ્તપણે લપેટી પણ શકાય છે. આ ઠંડીના દિવસોમાં, વાઇબ્રન્ટ પ્રિન્ટ્સ અને ઊનના સ્કાર્ફ

ફેશનેબલ અને સ્ટાઇલિશ બનાવે છે. ખાસ કરીને ટાર્ટન અથવા ચેક પ્રિન્ટ ટ્રેન્ડમાં રહે છે. જ્યારે કાશ્મીરી શાલ ભારતીય શૈલી માટે યોગ્ય છે અને યુવાનોમાં તે એથનીક અને મોડર્ન બંને લુકમાં સારી લાગે છે. ■



લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# જયારથી જે જાગ્યા એની એ સવાર...



‘રીમા, કેમ છે? આ વખતે હેપ્પી ક્રિસમસની કેક લઈને તું નહીં આવી, એટલે હું આવી છું. લે, આ કેક.’

‘રજની, આ વરસથી અમે ક્રિસમસ ટ્રીની જગ્યાએ તુલસીપૂજન શરૂ કર્યું છે.’

‘કેમ કોઈ ખાસ કારણ?’

‘હા, ગયે વરસે એક એવી ઘટના બની કે અમારા આખા પરિવારે કરેલી ભૂલના પશ્ચાતાપ અમે સહુએ સાથે બેસીને તુલસી પૂજન અને ભજન કરીને કર્યો. તારે જાણવું છે ને કે એવું તે શું થયેલું? તો સાંભળ...’

* * *

‘મને તો ૩૧ ડિસેમ્બરે રાતના જે નાચગાન થાય છે, એ જરાય ગમતું નથી.’ રીમા નાકનું ટેરવું ચડાવીને બોલી.

સોહમ એનાથી વધુ મોટું નાકનું ટેરવું ચડાવીને બોલ્યો, ‘એટલે જ તો મેં કંપનીને કામે એક અંદરના ગામડામાં જવાનું આવ્યું છે, એ કામ હાથ પર લઈ લીધું છે. સાથે મૅનેજર સાહેબ છે એટલે ૩૧ અને પહેલી જાન્યુઆરી એમ બે દિવસ બહાર રહીશ. દેખવું નહીં ને દાઝવું નહીં. ગામડામાં તો લોકોને ૩૧ ડિસેમ્બરે નાચગાન થાય ને લોકો ક્લબમાં જાય એવી ખબર પણ ના હોય.’

‘બસ, બોલી રહ્યા? તો હવે સાંભળો. ગામડે જવાના બહાને બે દિવસ કોઈ ક્લબમાં જશો તો એમ નહીં માનતા કે મને-અમને ખબર નહીં પડે. હમારે આદમી ચારો ઓર ફૈલે હુએ હૈ... સમજે?’

‘તું એક કામ કર. એક સી.આઈ.ડી. જ હાયર કરી લે. જોઈએ તો એનો ખર્ચો હું આપી દઉં.’

‘એક કામ કરો. વીસ હજાર આપી રાખો. નાતાલ છે એટલે છોકરાઓ તો મિત્રો માટે ગિફ્ટ લેવા પૈસા માગશે અને મારે પણ બાળકોને તેમ જ સગાંવહાલાંને કંઈ ને કંઈ ગિફ્ટ આપવી પડશે. આ વખતે તો પેલી રમલીને જલાવવા માટે એક મોંઘામાં મોંઘું ક્રિસમસ ટ્રી પણ વેચાતું લાવવું છે. એને શણગારવા માટે પ્રોફેશનલ આર્ટિસ્ટને લાવવા છે. ઘરને પણ ઉપરથી નીચે સુધી શણગારવું છે. મારે પણ સરસ હેવી સિલ્કનો ગાઉન લેવો છે.’

‘એક બાજુ કહે છે કે નાચગાન પસંદ નથી અને બીજી બાજુ વીસ હજાર જાણે રસ્તામાં પડ્યા હોય એમ ઉડાડવા છે! તારું મગજ કામ કરે છે ખરું? કે પછી મગજની બધી નસ સુકાઈ ગઈ છે? ને સાંભળ. છોકરાંઓને જરા પણ ચગાવીશ નહીં. પૈસાદાર લોકોના ચાળે ચાલવાની જરૂર નથી. આમે કૉલેજમાં ગયા પછી બંને થોડા છાકટા તો થઈ જ ગયાં છે. એને પવન આપીને ઊડતાં ના કરી દેતી.’

‘એમાં એવું છે કે બંનેમાં તમારા જ ગુણ આવેલા છે એટલે મને નથી લાગતું કે ક્રિસમસ પર છોકરા આપણા હાથમાં રહેશે. સોહમ, એક કામ કરીએ. આ ક્રિસમસ પર આપણે આપણા આખા ફૅમિલીને આપણે ત્યાં બોલાવીને ગુજરાતી થાળીનો બહાર ઑર્ડર આપીને ઘરે કેક કાપીએ તો છોકરાંઓ પણ એન્જોય કરશે અને આપણી નજર સામે રહેશે.’

‘નો મીન્સ નો મમ્મા...’ એમ કહેતો રાજ ઘરમાં દાખલ થયો. ‘મમ્મી, હું અને તારી લાડલી નીકી બંને તમારી સાથે ઘરમાં બેસીને દાળ-ભાત અને શાક (તારી ગુજરાતી થાળી) ખાવાનાં નથી. ને તમારી સાથે તો... નો વે મમ્મા. ને પાછું આખું ફૅમિલી પણ... એટલે આમ ના કરો, તેમ ના કરો. આ નહીં ખાવ, ને તે નહીં ખાવ. પપ્પાનું ભાષણ તો ખરું જ ખરું.’

‘રાજ, આપણે દિવાળી, હોળી વગેરે તહેવારોની જેમ જ નાતાલની મજા કરીશું. બેટા, ટ્રસ્ટ મી.’

‘પપ્પા, તમે તમારે એકત્રીસ ને પહેલી તારીખે ગામડે જવાના છો તો ત્યાં જાવ ને મમ્મી એની ફ્રેન્ડ સાથે ઘરે જ ક્રિસમસ ટ્રીની ફરતે ડાન્સ પાર્ટી કરશે. હું અને નીકી અમારાં કૉલેજ ફ્રેન્ડ જોડે ડિસ્કો ડાન્સ માટે કોઈ એકાદ સારી હોટલ બુક કરીશું. હજી હોટલ નક્કી નથી, પણ નજીકની જ કોઈ હોટલમાં.’

‘જોયું સોહમ, તારો લાડલો હવે તારા હાથમાં નથી રહ્યો.’ રાજના ગયા પછી રીમા બબડવા લાગી.

‘અને રીમા, તારા હાથમાં પણ ક્યાં રહ્યો છે?’

‘ડાર્લિંગ, આ વરસે આપણે બધાં એકબીજા ઉપર પૂરો ટ્રસ્ટ મૂકીને, ફ્રીલી જેણે જે કરવું હોય અને જેમ એન્જોય કરવું હોય એમ કરીએ, પણ કંટ્રોલમાં અને નો ડ્રિંક.’

‘સોહમ, અમે તો કંટ્રોલમાં જ રહીશું. તું જ બોલેલું પાળજે એટલે પત્યું.’

‘ધાર્યું તો ધણીનું જ થાય છે. આપણે તો બસ, પ્યાદું જ છીએ.’ એમ આપણે વારંવાર કહીએ છીએ. એ વાત પણ ઘણીવાર અનાયાસે સાચી પડી જાય છે. મૅનેજર સાથે ગામડે જનારા સોહમે મિત્રો સાથે બે દિવસ માટે હોટલ બુક કરાવેલી. એકત્રીસની રાતે બાર વાગ્યે અંધારું થયું અને એ પછીના અજવાળામાં ડિસ્કો હોલમાં ચિયર્સના ગ્લાસ એકબીજા સાથે અથડાયા અને હેપ્પી ન્યુ યર પણ કહેવાયું, પણ સામે રાજ, નીકી અને રીમાને પણ એનાં ફ્રેન્ડ સાથે ગ્લાસ અથડાવતાં જોઈને સોહમના પગ નીચેથી જમીન સરકી ગઈ.

પુત્રનાં- પુત્રીનાં અને પત્નીનાં લખ્ખણ એક સાથે ડિસ્કો બારમાં એવાં ઉઘાડાં પડ્યાં કે ચારેય ચૂપચાપ વારાફરતી પાછલા બારણેથી સરકી ગયાં... જાણે કે કોઈએ કોઈને જોયાં જ નહોતાં!

ઘરે આવીને રીમા બોલી, ‘મારી ભૂલ થઈ ગઈ. હું આવી હતી, પણ મારા હાથમાં તો કોકનો ગ્લાસ હતો.’

અને પેલા ત્રણેય નંગો એકસાથે બોલ્યાં, ‘અમારા હાથમાં પણ કોક જ હતી...’

‘દેર સે આયે દુરસ્ત આયે.’

‘હવે મમ્મી, આવતા વરસથી ઘરમાં જ દાળ-ભાતની થાળી જમીશું ને કેક કાપીને નવું વર્ષ ઊજવીશું.’

‘મિસ્ટર સોહમ, હેપ્પી ક્રિસમસ એન્ડ હેપ્પી ન્યુ યર!

* * *

‘તો રજની, હવે સમજાયું ને કે અમે કેવી મોટી ભૂલ કરેલી?’

‘હા, તારી વાત સાચી છે. હવેથી હું પણ તુલસી પૂજન જ કરીશ. આપણી સંસ્કૃતિનું ગૌરવ આપણે નહીં કરીશું, તો કોણ કરશે?! હમ્મ, જ્યારથી જે જાગ્યા એની એ સવાર...!’ ■



પ્રકરણ: ૨

# ચહેરા મોહરા

**ભગવાનને ખાતર આવા શબ્દો ન બોલો.. આ દીકરો બધું જુએ છે તેને કેવા સંસ્કાર પડશે? આમ પણ આ સોની નોટ સોહમની ભણવાની ચોપડીઓ લાવવા માટે જ રાખી છે અને તમે એનો દારૂ પીવા મારી પાસેથી ઝૂંટવી લીધી!**





**પ્રફુલ્લ કાનાબાર**

સોહમને જેલમાંથી છૂટ્યાને હજુ તો ચોવીસ કલાક જ થયા હતા. ગઈકાલે આ સમયે તો તે કેદીનાં કપડાં જેલમાં જમા કરાવીને બ્લેક જીન્સ અને સફેદ ટીશર્ટમાં સજ્જ થઈને જેલના તોતિંગ દરવાજાની બહાર નીકળ્યો હતો. થોડી વાર પહેલાં ગોહિલ સાહેબે તેની મજૂરીના હિસાબ પેટે આપેલા થોડાક રૂપિયા સોહમની મુઠ્ઠીમાં હતા. સોહમે ખિસ્સામાંથી વોલેટ કાઢીને એ રૂપિયા તેમાં મૂક્યા. વોલેટમાં માનો ફોટો હતો. સોહમે ફોટાને મનોમન વંદન કરીને આકાશ સામે જોયું. સવારનાં સૂર્યકિરણો સોહમના ચહેરા પર પડી રહ્યાં હતાં. જેલમાંથી નીકળતાં પહેલાં જ કરેલી ક્લિન શેવવાળો સોહમનો ગોરો ચહેરો ચમકી રહ્યો હતો. આકાશમાં પક્ષીઓનું ઝૂંડ ઊડી રહ્યું હતું. સોહમ પણ આજે આઝાદ હતો...બિલકુલ એ ઊડી રહેલાં પંખીઓની જેમ જ. સોહમ વિચારી રહ્યો. પીંજરું આખરે તો પીંજરું જ હોય છે ચાહે એ સોનાનું કેમ ન હોય? એમ જેલ પણ આખરે જેલ જ હોય છે, ભલેને જેલર ગમે તેટલા સારા કેમ ન હોય?

સોહમે થોડું ચાલીને જોયું તો તે ત્રિભેટે ઊભો હતો. સામે બે રસ્તા ફંટાતા હતા. એક રસ્તો ઘર તરફ જતો હતો... જ્યાં જીવાઈ ગયેલી જિંદગીના ભૂતકાળના વેરવિખેર ટુકડાઓ તેની રાહ જોતા હતા.

જોકે, અહીં પણ એના કાન પર પેલુ વાક્ય: 'આ તક ઝડપી લે ચપટી વગાડતાં તું કરોડોનો માલિક થઈ જઈશ!' અફળાઈ રહ્યું હતું.'

આ બીજો રસ્તો સોહમ માટે તદ્દન અજાણ્યો હતો. એ રસ્તે જવામાં જોખમ પણ હતું. આમ છતાં, જો નવેસરથી જ જિંદગી શરૂ કરવી હોય તો સોહમ માટે બીજો રસ્તો શ્રેષ્ઠ વિકલ્પ હતો... એક તદ્દન નવી જ દુનિયા જાણે કે સોહમની રાહ જોઈ રહી હતી.. જ્યાં તેને અલગ જ ઓળખ બનાવવાની હતી. જોખમથી ભરેલો એ રસ્તો સાચો છે કે ખોટો એ નક્કી કરવા માટે સોહમનું મન બિલકુલ તૈયાર નહોતું. જો હવે નવી જ શરૂઆત કરવી હોય તો જોખમથી ડરવું પાલવે તેમ પણ ક્યાં હતું? આખરે સોહમે બીજો રસ્તો પસંદ કર્યો.. જે હતો તદ્દન અજાણ્યો! દુનિયાની દરેક વ્યક્તિ તેની નિયતિ તરફ ગતિ કરે છે. સોહમને પણ તેની નિયતિ જ આ બીજા રસ્તે જવા માટે મજબૂર કરી રહી હતી. સોહમે ફરીથી પહેલા રસ્તા તરફ નજર કરી, જે ઘર તરફ જતો હતો. સોહમને ઘર યાદ આવતાં જ તેનું મન વિષાદથી ઘેરાઈ ગયું. એ તરફ જવા માટે સોહમના પગ ઊપડતા નહોતા. ખુદના ઘરે જવાનો મતલબ પણ ક્યાં હતો? જે ઘરમાં ભારે ગરીબી વચ્ચે બાળપણ વીત્યું હતું ..અરે ૨૦ વર્ષનો થયો ત્યાં સુધી સતત દારૂડિયા પિતાનો માનસિક ત્રાસ વેઠ્યો હતો.. માતાએ તો શારીરિક ત્રાસ પણ વેઠ્યો હતો. એ ઘરને ઘર કઈ રીતે કહેવાય? સોહમની આંખો ભીની થઈ ગઈ. ધૂંધળું દૃશ્ય નજર સામે ઊભરાવા લાગ્યું.

નરોડાની એ લોઅર મિડલ ક્લાસ ચાલી.. જ્યાં સોહમનું બાળપણ વીત્યું હતું. સોહમની નજર સમક્ષ આઠ વર્ષનો સોહામણો અને નિર્દોષ બાળક દેખાવા લાગ્યો.. હા એ ખુદ સોહમ જ હતો! સોહમને બરોબર યાદ હતો એ દિવસ જયારે માએ શ્રીનાથજીના ફોટાની પાછળ સંતાડીને રાખેલી સો રૂપિયાની નોટ પિતાના હાથમાં આવી ગઈ હતી. બાપુ કામધંધો કરતા નહિ. મા જ પારકા ઘરે કામ કરીને ઘર ચલાવતી હતી. રોજ રાત્રે દારૂના નશામાં ઝૂમતા બાપુ ઘરે આવીને માનું અપમાન કરતા. એ સો રૂપિયા માએ સોહમની સ્કૂલની ચોપડીઓ ખરીદવા માટે સંતાડીને રાખ્યા હતા. એ દિવસે માતાપિતા વચ્ચે સો રૂપિયા માટે થયેલો ઝઘડો સોહમને અક્ષરશઃ યાદ હતો.

'સાલી કમજાત, તારા કયા યાર માટે આ મોટી નોટ મારાથી સંતાડીને રાખી છે?' મા માટે બાપુના મોઢામાં આવાં સંબોધનો તદ્દન સામાન્ય હતાં. માએ કરગરીને કહ્યું હતું:

'ભગવાનને ખાતર આવા શબ્દો ન બોલો.. આ દીકરો બધું જુએ છે તેને કેવા સંસ્કાર પડશે? આમ પણ આ સોની નોટ સોહમની ભણવાની ચોપડીઓ લાવવા માટે જ રાખી છે અને તમે એનો દારૂ પીવા મારી પાસેથી ઝૂંટવી લીધી!'

'સરકારી સ્કૂલોમાં તો બધું મફત હોય છે.. મને બનાવે છે.. સા..?' બાપુ તાડૂક્યા હતા.

'સરકારી સ્કૂલમાં ફી નથી ભરવાની હોતી, પણ અમુક ચોપડાં તો બાળકોને લાવી આપવાં પડે કે નહીં?' માએ બાપુના હાથમાંથી ત્વરિત ગતિએ સોની નોટ લઈ લેતાં કહ્યું હતું. બાપુએ ચિત્તાની ઝડપે એ નોટ માના હાથમાંથી ઝૂંટવી લીધી હતી. મા કરગરતી રહી હતી, પણ દારૂની તલપ દારૂના વ્યસનીને ભાન ભુલાવતી હોય છે. મા ઘરના દરવાજા સુધી બાપુની પાછળ દોડી હતી, પણ બાપુ તેને ધક્કો મારીને ચૂપચાપ બહાર નીકળી ગયા હતા.

મા રડતી રહી. આઠ વર્ષના સોહમને એટલી તો સમજ હતી કે પિતા ખોટે રસ્તે છે અને મા સાચા રસ્તે છે. સોહમ સ્તબ્ધ બનીને માની પીડાનો સાક્ષી બની રહ્યો હતો!

'મા, એ સો રૂપિયા માટે જ જો તું દુઃખી થતી હોય તો ચિંતા ન કરતી. હું ભણવાનું છોડી દઈશ.'

'અરે દીકરા, એ શું બોલ્યો? સારું ભણીશ તો જ સારી નોકરી મળશે. હું કાલે જ બંગલાવાળાં શેઠાણી પાસે સો રૂપિયા ઊછીના લઈ આવીશ. કાલે જ તારી ચોપડીઓ પણ આવી જશે.' માએ મક્કમતાથી કહ્યું હતું.

થોડી વાર બાદ માએ સાડીના છેડાથી આંસુ લૂછીને સોહમને વહાલ કરીને કહ્યું હતું: 'બેટા, તને ભૂખ લાગી હશે. રસોડામાં જઈને માએ સવારની વધેલી રોટલી અને શાક થાળીમાં કાઢ્યાં હતાં. જોગાનુજોગ તે જ દિવસે મા જેને ત્યાં કામ કરતી હતી એ બંગલાવાળાં શેઠાણીએ મોહનથાળના વધેલા બે ટુકડા ખોખામાં આપ્યા હતા. માએ બંને ટુકડા સોહમની થાળીમાં મૂકીને કહ્યું હતું કહ્યું હતું: 'આજે તો મારો દીકરો મીઠાઈ પણ ખાશે.'

સોહમે મોહનથાળનો એક ટુકડો માની થાળીમાં મૂકીને કહ્યું હતું: 'મા, એક તારે ખાવાનો છે.' મા કાંઈ બોલી નહિ. સોહમે એક ટુકડો ખાઈ લીધો પછી માએ બીજો ટુકડો સોહમના મોઢામાં મૂકતાં કહ્યું હતું: 'બેટા, મારે તો મીઠાઈની બાધા છે.' સોહમને ખબર હતી કે મા ખોટું બોલી રહી છે. દુનિયાની દરેક મા પોતાના દીકરા માટે મને ભૂખ નથી અથવા મારે ઉપવાસ છે, જેવું ખોટું સદીઓથી બોલતી આવી છે! મોહનથાળનો બીજો ટુકડો ખાતી વખતે સોહમે અનાયાસે જ મા સામે જોયું હતું. મા ભીની આંખે અમી નજરે તેને તાકી રહી હતી.

થોડી વાર બાદ દારૂના નશામાં ધૂત બાપુ ડોલતાં ડોલતાં ઘરે આવી પહોંચ્યા હતા. એક એક શબ્દ છૂટો પાડીને એ બોલ્યા: 'રોજ રોજ ગણપત ઉધારીમાં દારૂની પોટલી નથી આપતો. આજે તો વટથી તેનો બાકી હિસાબ ચૂકતે કરીને જ પીધો છે.'


'તમને દીકરાનું ભવિષ્ય બગાડીને દારૂ પીતાં શરમ નથી આવતી?' માએ ગુસ્સાથી કહ્યું હતું.

બાપુએ નશામાં જ હસતાં હસતાં કહ્યું: 'તારા દીકરાનું ભવિષ્ય ઊજળું જ છે.' સોહમે સમજણો થયો ત્યારથી બાપુના મોઢે મારો દીકરો શબ્દ સાંભળ્યો નહોતો. તે કાયમ મા પાસે સોહમનો ઉલ્લેખ કરતી વખતે તારો દીકરો એમ જ કહેતા.

થોડી વારમાં જ બાપુ જમ્યા વગર જ બહાર ઓસરીમાં ખાટલો પાથરીને ઘસઘસાટ ઊંઘી ગયા હતા.

'જોયું ને, સોહમ? દારૂ પીને આવે એટલે તારા બાપુને જમવાનું પણ યાદ આવતું નથી.' સોહમને નવાઈ લાગી કે જે પિતા માને આટલી હદે પરેશાન કરતા હતા તેના જમવા માટે મા ચિંતા કરતી હતી. સોહમને વિચારમાં પડી ગયેલો જોઈને માએ નીચે બેસીને નાનકડા સોહમને ગળે લગાડયો હતો. સોહમ સજળનેત્રે માની ફાટેલી સાડીમાં આંગળીઓ ભરાવી રહ્યો. ગરીબી એવો શ્રાપ છે જે ભલભલાને ઈશ્વર સામે ફરિયાદ કરતાં કરી દે છે. સોહમની આંખો પણ આક્રોશભરી નજરે સામે દીવાલ પર લટકાવેલા ભગવાનના ફોટાને તાકી રહી હતી!

(ક્રમશઃ)■





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી – ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| लाट | દીકરી |
| लस | સ્પષ્ટ |
| लक्ख | ભરતી |
| लेक | ઝગમગાટ |
| लकाकी | રસી |

## ઓળખાણ પડી?

એક જ વર્ષમાં ચારેચાર ગ્રેન્ડ સ્લેમ ટેનિસ સ્પર્ધામાં વિજેતાપદ અને ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ મેળવનારી જર્મન મહિલા ટેનિસ ખેલાડીની ઓળખાણ પડી?

અ) મોનિકા સેલેસ
બ) સ્ટેફી ગ્રાફ
ક) ક્રિસ એવર્ટ
ડ) માર્ટિના નવરાતિલોવા



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | સ્ત | ૨ લિ | ખિ | ત | | ૩ બી | ૪ ડા | ણ | |
| સ્તા | | ન | | | ૫ પૂ | જા | ય | | ૬ અ |
| ૭ મ | ૮ ન | ન | | ૯ કા | છ | | રો | | નુ |
| ૧૦ લ | ટ | | ૧૧ અ | ન | પ | ૧૨ ઢ | | ૧૩ વા | રો |
| ૧૪ ક | વ | ૧૫ ન | | ૧૬ ન | ર | બ | ૧૭ લિ | | ધ |
| ૧૮ વ | ર | દા | ૧૯ ન | | છ | | ૨૦ ટ | પ્પો | |
| ત | | ૨૧ ર | ચા | ૨૨ વ | | ૨૩ કા | મ | | ૨૪ અ |
| | ૨૫ પ | દ | વી | ધા | ૨૬ રી | | ૨૭ સ | ૨૮ પ | નુ |
| ૨૯ મ | ગ | | | ૩૦ ઇ | સા | ઇ | | ૩૧ ર | વા |
| ૩૨ તિ | લાં | જ | લિ | | વું | | ૩૩ વિ | વા | દ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | |
| | | ૬ | | ૭ | | | | | ૮ |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | | ૧૨ | |
| ૧૩ | | | ૧૪ | | | | ૧૫ | | |
| | ૧૬ | ૧૭ | | | | ૧૮ | | | |
| ૧૯ | | | | | ૨૦ | | | ૨૧ | |
| | | ૨૨ | ૨૩ | | | | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | | | | ૨૭ | | | ૨૮ | |
| | | | ૨૯ | ૩૦ | | | ૩૧ | | |
| | ૩૨ | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. ઉપોદ્‌ઘાત, આયુખ (૪)
૪. ઓળખીતું, જાણીતું (૪)
૬. ખાવું પીવું તે (૪)
૯. ચામડાનું કામ કરનાર (૩)
૧૧. વાઘની માદા (૩)
૧૨. મડદાં (૨)
૧૩. અભિનેતા (૨)
૧૫. સમયમર્યાદા (૩)
૧૬. લૂંટવું તે (૪) (જો.છૂ.)
૧૮. કબીર ..... કમાલકો (૨)
૨૦. આતુરતા, તરફડાટ (૪)
૨૨. તૈયાર, સરસ ((૪)
૨૪. મોટું શહેર (૩)
૨૬. મુંબઈમાં ટેક્સીને ..... કહે (૪)
૨૭. તાજું ના હોય એવું (૨)
૨૮. ધૂળ (૨)
૨૯. જમાઈ (૩)
૩૨. મૂંઝવણ (૪)
૩૩. ..... વાવ ને નવઘણ કૂવો (૪)

**ઊભી ચાવી**

૧. વ્યાખ્યાન, પ્રબોધન (૪)
૨. સામાન ભરવાની જગા (૩)
૩. ઈરાની રોટી (૨)
૪. પાણી ભરવાની જગા (૪)
૫. લાંબા વખત સુધી (૨)
૭. મેળામાં જોડિયા ..... વાગે (૨)
૮. શોધેલું, શુદ્ધ કરેલું (૪)
૧૦. માટીનું જલપાત્ર (૩)
૧૨. 'લાવવું'નું આજ્ઞાર્થ (૨)
૧૪. બેસવા માટે જોઈએ (૨)
૧૫. ઋણ, ઉપકાર (૪)
૧૭. બોલાચાલી, લડાલડી (૪)
૧૮. એક અવાજ, ગુંજન (૨)
૧૯. નકારવું તે (૪)
૨૦. તક પ્રમાણે વર્તવાનું કહેતો વાદ (૪)
૨૧. એક જાતનાં ફૂલ (૨)
૨૩. 'મેઘદૂત' કાવ્યનો કવિ (૪)
૨૫. રાજાને અનુરૂપ (૪)
૩૦. આખ્યાનમાં વાગતું તાલવાદ્ય (૨)
૩૧. નાનો દડો (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના એકમાત્ર સગા જેઠાણીના સસરાનો નાનો દીકરો સ્ત્રીને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) જેઠ  બ) ભાઈ  ક) પતિ  ડ) દિયર

## જાણવા જેવું

અખરોટનું વૃક્ષ હિમાલયમાં ભુતાનથી માંડીને કાશ્મીર અને અફઘાનિસ્તાન સુધીના ડુંગરાળ પ્રદેશમાં મુખ્યત્વે જોવા મળે છે. તેનાં પાંદડાં ગોળ, લાંબા અને મોટાં કદના હોય છે, અને ફૂલ ધોળાં, નાનાં અને ઝૂમખામાં હોય છે. આ ઝાડ ૩૦થી ૪૦ વર્ષ પછી ફળ આપવા માંડે છે.

## સુડોકુ-૭૦૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | | ૩ | | |
| | ૩ | ૧ | ૯ | | ૮ | | | ૭ |
| | ૯ | ૫ | ૬ | ૧ | | | | ૪ |
| | | | ૭ | ૬ | | | | ૮ |
| ૮ | | ૭ | | ૪ | | ૧ | | ૫ |
| ૩ | | | | ૮ | ૧ | | | |
| ૫ | | | | ૯ | ૨ | ૭ | ૪ | |
| ૯ | | | ૧ | | ૪ | ૬ | ૫ | |
| | | ૪ | | | | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૫ | ૮ | ૭ | ૩ | ૪ |
| ૧ | ૩ | ૫ | ૪ | ૯ | ૭ | ૬ | ૮ | ૨ |
| ૬ | ૭ | ૮ | ૨ | ૧ | ૯ | ૩ | ૪ | ૫ |
| ૯ | ૫ | ૧ | ૬ | ૪ | ૩ | ૨ | ૭ | ૮ |
| ૪ | ૨ | ૩ | ૮ | ૭ | ૫ | ૯ | ૬ | ૧ |
| ૫ | ૮ | ૯ | ૭ | ૩ | ૧ | ૪ | ૨ | ૬ |
| ૭ | ૬ | ૪ | ૯ | ૮ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ |

## ચતુર આપો જવાબ

**માથું ખંજવાળો**

આપેલા વાક્યમાં ઘડપણ સંતાઈ બેઠું છે એ શોધી કાઢો
પુસ્તકો, ખાસ કરી ગુજરાતી પુસ્તકો વાંચવા જોઈએ.

## નોંધી રાખો

જે માણસનો પોતાના ક્રોધ પર કાબૂ નથી હોતો તે માણસ ખરી પડેલા સૂકા પાન જેવો છે, જે પવનના સામાન્ય જોરથી પણ ઉડી જાય છે.

## માઈન્ડ ગેમ

સંખ્યા ૮ નો ઉપયોગ આઠ વખત કરી માત્ર સરવાળાની મદદથી સંખ્યા ૧૦૦૦ કઈ રીતે આવે એ ગણિતનું જ્ઞાન વાપરી કહી શકશો?

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| मंद | ધીરું |
| मऊ | મુલાયમ |
| मग | પછી |
| मिठी | બાથ |
| भिरवणूक | સરઘસ |

**ગુજરાત મોરી મોરી રે**
પિતા

**ઓળખાણ પડી?**
સ્મૃતિ મંધાના

**માઈન્ડ ગેમ**
૨

**ચતુર આપો જવાબ**
**માથું ખંજવાળો**
ઘડ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુરેખા દેસાઈ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) વિભા મહેશ્વરી (૭) ભારતી બુચ (૮) નુતન વિપીન (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) પુષ્પા પટેલ (૧૩) વિણા સંપટ (૧૪) લજિતા ખોના (૧૫) ધીરેન ઉદેશી (૧૬) ગીતા ઉદેશી (૧૭) પ્રતિમા પમાણી (૧૮) પ્રવીણ વોરા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) મીનળ કાપડિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) હર્ષા મહેતા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) અંજુ ટોલિયા (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) મુલરાજ કપૂર (૩૭) સુરેખા દેસાઈ (૩૮) અરવિંદ કામદાર (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) નિતિન બજરિયા (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) જગદીશ ઠક્કર

# પુરુષ

# નવા વર્ષના સંકલ્પ? અલ્યા, ગો વિથ ધ ફ્લો!

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

નવું વર્ષ આવે કે તરત જ આપણા મનમાં એક જ વિચાર આવે છે, 'આ વર્ષે હું નવો સંકલ્પ કરીશ અને મારું જીવન બદલી નાખીશ.' આપણે વજન ઓછું કરવા, ફિટ રહેવા, નિયમિત થવા, નવી ભાષા શીખવા, પુસ્તકો વધુ વાંચવા કે કારકિર્દીમાં નવી ઊંચાઈઓ સર કરવા જેવા અનેક સંકલ્પો કરીએ છીએ, પરંતુ દર વખતે આપણે પ્રારંભે શૂરાની જેમ સંકલ્પો સાથે વર્ષ શરૂ કરીએ અને બે-ત્રણ કે પાંચ દિવસમાં એ સંકલ્પોનું કાસળ કાઢી નાખીએ છીએ!

ઈનશોર્ટ, આપણે સંકલ્પ પૂરા નથી કરી શકતા એ આપણા સૌનું સત્ય છે. એથીય આગળ વધીને અને એક પ્રશ્ન થયો કે આપણે દર વર્ષે જે સંકલ્પ લઈએ છીએ એ આપણને ખરેખર ખુશ કરે છે કે એનાથી આપણો સ્ટ્રેસ વધે છે?

આવો સવાલ કેમ થયો એ હવે તમને સમજાવું. સામાન્ય રીતે, આપણે નવા વર્ષના સંકલ્પોને એક પ્રકારનું દબાણ સમજીએ છીએ. આપણે સમાજમાં અન્ય લોકોને જોઈએ છીએ કે એ બધા કેટલા સફળ છે અને પછી આપણે પણ એમની જેવા બનવાની ઇચ્છા રાખીએ છીએ, પરંતુ દરેક વ્યક્તિ અલગ હોય છે અને દરેકની સફળતાની વ્યાખ્યા અલગ હોય છે. તો પછી આપણને આપણી અંદર સતત કશુંક ખૂટતું કેમ જણાય છે? શું આપણે જે પામ્યા હોઈશું એ બીજાને માટે સપનું નહીં હોય?

સી, નવા વર્ષના સંકલ્પ કરવામાં કંઈ ખોટું નથી, પરંતુ જ્યારે આપણે આ સંકલ્પોને એક 'ટુ ડુ લિસ્ટ' અથવા આપણા જીવનની અધૂરપ માનીએ છીએ ત્યારે આપણે તણાવમાં પડીએ છીએ. આપણે એ ભૂલી જઈએ છીએ કે જીવન એક યાત્રા છે અને આપણે આ યાત્રાનો આનંદ માણવો જોઈએ.

કેટલીક વાર આપણે આપણા જીવનને એક પ્રોજેક્ટ સમજી લઈએ છીએ, જેને આપણે પૂર્ણ કરવાનો છે. આપણે એક ચોક્કસ પરિણામ મેળવવાની ઇચ્છા રાખીએ છીએ અને આપણે એ ભૂલી જઈએ છીએ કે જીવન અનિશ્ચિત છે અને આપણે હંમેશા આપણાં લક્ષ્યો સુધી પહોંચી શકીએ એવું શક્ય પણ નથી ને જરૂરી પણ નથી.

જીવનમાં અમુક આયોજન કરવા જરૂરી છે, પરંતુ આપણે એ પણ ભૂલવું ન જોઈએ કે જીવન એક પ્રવાહ છે. આપણે આ પ્રવાહ સાથે વહી જવું જોઈએ. જ્યારે આપણે વહેતાં પાણીની જેમ જીવીએ છીએ ત્યારે આપણે વધુ ખુશ અને સંતુષ્ટ રહીએ છીએ.

અલબત્ત, આનો અર્થ એ નથી કે આપણે કોઈ પ્રયત્ન ન કરવો જોઈએ. માત્ર આપણા પ્રયત્નોને એક બોજ ન બનાવવો જોઈએ. આપણાં લક્ષ્ય તરફ આગળ વધવા માટે મહેનત કરવી જોઈએ, પરંતુ આપણે આપણી આસપાસની દુનિયાનો આનંદ માણવાનું પણ ભૂલવું ન જોઈએ.

નવા વર્ષના સંકલ્પો કરવાને બદલે, આપણે આ વર્ષે આપણા જીવનમાં શું સારું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી શકીએ. આપણા પરિવાર, મિત્રો અને આપણાં કામ પર આભાર માની શકીએ. આપણી જાતને થોડો સમય આપી શકીએ અને આપણા શોખને પૂરા કરી શકીએ.

જ્યારે આપણે વહેતાં પાણીની જેમ જીવીએ છીએ ત્યારે આપણે આપણી જાતને વધુ સારી રીતે જાણી શકીએ છીએ. આપણે આપણી શક્તિઓ અને નબળાઈઓને સમજી શકીએ છીએ. આપણી જાતને સ્વીકારી શકીએ છીએ અને આપણા જીવનનો આનંદ માણી શકીએ છીએ.

- તો આ નવા વર્ષે, નવા સંકલ્પો કરવાને બદલે, આપણે વહેતાં પાણીની જેમ જીવવાનો પ્રયાસ કરીએ. આપણી જાતને અને આપણી આસપાસની દુનિયાને સ્વીકારીએ અને આપણા જીવનનો આનંદ માણીએ.

હા, આપણામાં પણ અમુક ક્ષતિ હશે જ અને જો એ ક્ષતિઓ દેખાય તો એના પર કામ પણ કરવાનું. ખાસ તો નવું નવું શીખતા જવાનું અને નવી આદતો પાડવાની, પરંતુ એ બધું જ સ્ટ્રેસ વિના - ત્રાસ વિના કરવાનું તો જ આપણે આ જીવનને માણી શકીશું, નહીંતર જીવન આપણે માટે ટાસ્ક થઈ જશે! ■






## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# આવો સંબંધ કેટલો ટકે?

ડિયર હની,

આપણા સામાજિક સંબંધોમાં જે રીતે પરિવર્તન આવી રહ્યું છે એ ગળે ઊતરે એવું નથી. આ પરિવર્તન સામાજિક તાણાવાણા તોડી શકે એવી શક્યતા પૂરી પૂરી છે. કેટલાક કિસ્સા સાંભળીએ કે જાણીએ ત્યારે એમ લાગે છે કે, સામાજિક સંબંધો ક્યાં જઈ પહોંચશે? ખાસ કરીને, આજની યુવા પેઢી આ વિષે શું વિચારે છે અને સમજે છે એ જાણી લેવા જેવું છે. બે કિસ્સાની વાત કરવી છે જેમાં આ વાતનું પ્રતિબિંબ પડે છે.

છોકરા અને છોકરી જ્યારે સંબંધ મુદ્દે એકબીજાંને મળે છે ત્યારે શું વાતચીત થાય છે? કેવા પ્રશ્નો એકબીજાને પુછાય છે? આપણે આપણા સંબંધ માટે મળેલા ત્યારે જે પૂછ્યું હતું એવું આજે હવે રહ્યું નથી. આજની પેઢી શિક્ષિત છે અને સારું કમાતી-ધમાતી થઈ છે એ જરા જુદી રીતે વિચારે છે. આપણે કલ્પના કરીએ નહિ એવા પ્રશ્નો પુછાય છે.

એક છોકરી અને છોકરો મળ્યાં અને એમની વચ્ચે બન્નેની નોકરી અંગે વાતચીત થઈ. શોખની વાત થઈ અને છેલ્લે છોકરીએ સવાલ કર્યો કે, 'ઘરમાં ડસ્ટબિન કેટલાં?' પેલો છોકરો સવાલ ના સમજ્યો. એણે વળતો સવાલ કર્યો કે, 'ડસ્ટબિન એટલે?' છોકરીના ચહેરા પર જે ભાવ આવ્યા એ દર્શાવતા હતા કે છોકરો કાંઈ જાણતો નથી. છોકરી કહે: 'એટલી ખબર નથી?' છોકરો કહે: 'ના.' છોકરીએ ફોડ પાડતાં કહ્યું કે, 'હું એમ પૂછું છું કે, ઘરમાં વૃદ્ધો કેટલાં?' એ પછી છોકરાને ખ્યાલ આવ્યો કે, આ તો એનાં મા-બાપ અને મા-બાપનાંય મા-બાપ વિષે પૂછે છે. છોકરો એ વિશે વાત કરે છે ત્યારે છોકરી આશ્ચર્ય સાથે કહે છે: 'ઓહ, એટલાં બધાં?! તો તો મને નહિ ફાવે....' અને ત્યાં વાત અટકી પડે છે.

તનેય થતું હશે કે આવું કોઈ કઈ રીતે કહી શકે? પણ આવું સાંભળવા મળે છે. આજની યુવા પેઢી માટે પરિવારની વ્યાખ્યા સીમિત બનતી જાય છે. એ હુતો-હુતી અને બહુ બહુ તો એમનું એકાદ સંતાન. ઘણાં તો સંતાન પણ ઇચ્છતાં નથી. અલબત્ત, એ એમની પસંદગી છે, પણ મા-બાપની એમાંથી બાદબાકી થઈ જાય એ કેવું! આજે છોકરીઓ બહુ ડિમાન્ડિંગ થઇ ગઈ છે એવી ફરિયાદ છે. હા, છોકરીઓ ભણે છે, સારું કમાય છે એટલે એ ડિમાન્ડ કરી શકે છે, પણ મા-બાપની બાદબાકી?

જોકે, આવું માત્ર છોકરીઓમાં છે એવું નથી. છોકરા પક્ષે પણ છે. એક કિસ્સામાં એવું બન્યું કે, છોકરાં-છોકરી વચ્ચે બધી વાતચીત થઈ. બંને એકબીજાને પસંદ પડ્યાં અને વધુ મીટિંગ માટે સહમત થયાં એમાં છોકરીના પિતાની વાત આવી. પિતા પથારીવશ અને એમનો રોગ એવો કે, એમાંથી રિકવરી થવાના ચાન્સ ઓછા હતા. છોકરીએ આ વિષે વાત કરી. એનું કહેવાનું એમ હતું કે, મારી એ જવાબદારી છે કે, પિતાની સારસંભાળ કરું. છોકરીની વાત વાજબી હતી, પણ છોકરાને વાત ગળે ના ઊતરી. એણે ઘેર જઈ માતાને વાત કરી તો એમનેય પસંદ ના પડી. માતાએ કહ્યું કે, 'એ ના પોસાય....' માતા કહે: 'મારો દીકરો વહુના મા-બાપની સેવા કરતો રહે એ કેવું!'

અરે! આ તે કેવી માનસિકતા...? કોઈ યુવતી તમારે ઘેર આવી અને એડજસ્ટ થાય છે, તમને સ્વીકારે છે તો એનો પતિ એનાં સાસરિયાંની સારસંભાળ કેમ ના લઈ શકે? આ તો સાવ સામાન્ય સમજણનો સવાલ છે, પણ પુરુષપ્રધાન સમાજની આ માનસિકતા છે. એ બદલાતી નથી અને મહિલાઓ પણ એનાથી ગ્રસ્ત છે. આવા કિસ્સાઓનો પાર નથી.

એક કિસ્સામાં છોકરીને છોકરો ગમ્યો. બે ત્રણ મીટિંગ પણ થઈ અને વાત ક્યાં અટકી ખબર છે? છોકરો ધનવાન પરિવારનો અને બિઝનેસમાં કાકા-બાપાનાં સંતાનો સાથે. છોકરીએ પૂછ્યું : 'તારા નામે કોઈ સંપત્તિ ખરી? ફ્લૅટ કે પછી બીજું કંઈ?' છોકરો કહે: 'ના અમારી બધી મિલકત સંયુક્ત છે.' છોકરી કહે: 'આપણે અલગ થવાની સ્થિતિ આવી તો તારા નામે કાંઈ ન હોય તો આપણે ક્યાં જઈએ?' અને એ વાત અટકી પડી.

આ રીતે કોઈ બેની સાથે જિંદગી કઈ રીતે શરૂ કરી શકે? આવી શરતો હોય તો એ સંબંધ કઈ રીતે ટકે? અને ટકે તો કેટલો સમય? કદાચ આવી જ ખોટી સમજણનાં કારણે લગ્નો ટકતાં નથી અથવા તો પરિવારો તૂટે છે. પશ્ચિમમાં વિભક્ત પરિવાર એ સામાન્ય ઘટના છે. ત્યાં પતિપત્ની સાહજિકતાથી છૂટા પડે છે, પણ ભારતમાં સામાજિક વ્યવસ્થા અલગ છે. આજે સંયુક્ત પરિવારના નુકસાન કરતાં ફાયદા વધુ છે. ઘણાને એમ થાય છે કે, એમાં વ્યક્તિને પૂરતી સ્પેસ મળતી નથી, પણ એ વાત દરેક કિસ્સામાં સાચી નથી હોતી. સંયુક્ત પરિવારના ફાયદા શું? એ વિષે ક્યારેક નિરાંતે લખીશ.

મને તો છોકરા-છોકરી આજે જે રીતે વિચારે છે એની વાત કરવી હતી અને આ વાત ક્યાં જઈ અટકશે? એની ચિંતા છે.

તારો બન્ની




feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# - અને રચાયું એક સાચકલું 'બાગબાન'

હસમુખભાઈ અને હંસાબહેન સિક્સ્ટી પ્લસનાં. બંનેને એકમેક પર બહુ જ લાગણી. એકમેક વિના બિલકુલ ચાલે નહીં. લગ્ન બાદ હંસાબહેન ભાગ્યે જ પિયર રોકાવા ગયાં હશે. હસમુખભાઈ જવા જ ન દે. હંસાબહેન વગર એમને ગમે નહીં. હંસાબહેન પણ હસમુખભાઈની લાગણીને માન આપીને પિયર રોકાય નહીં. જોકે અંદરખાને એમને પણ હસમુખભાઈ વગર ગમતું નહીં. એમને જોઈને 'કલાપી'ની પંક્તિ:

'અહો! કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે!'

યાદ ન આવે તો નવાઈ. આ દંપતીને બે દીકરા. બંને નોકરી કરે ને સારું કમાય. સુખી પરિવાર હતો. બંને દીકરાને પરણાવ્યા. શરૂશરૂમાં તો બધું જ સારું ચાલ્યું, પણ થોડા જ સમયમાં બંને વહુ વચ્ચે ચણભણ શરૂ થઈ ગઈ. હંસાબહેન બંનેને સમજાવવા પ્રયત્ન કરે, પણ બેમાંથી કોઈ માને નહીં. બે વહુમાંથી એકેયને કામ કરવું ગમે નહીં. બેઉ નોકરી કરે. ઘરમાં ધ્યાન આપે નહીં. હંસાબહેન ચાર જણનું કામ કરતાં હતાં. હવે છ જણનું વૈતરું કરવું પડતું હતું, છતાંય હંસાબહેન ચૂપ રહેતાં. એમને થતું કાંઈ બોલીશ તો ઘરની શાંતિ ડહોળાઈ જશે. બેમાંથી એક પણ પુત્રવધૂ ઘરનું કાંઈ કામ ન કરતી હોવા છતાં એકબીજી સામે ઘૂરકિયાં કરતી. હંસાબહેન વચ્ચે કાંઈ બોલવા જાય તો એમનું પણ અપમાન કરીને ચૂપ કરી દેતી. આ બંને દેરાણી-જેઠાણીના ઝઘડાની અસર બંને ભાઈના સંબંધ પર પણ પડવા લાગી. બંને પોતાના પતિના કાન ભરતી, જેના કારણે બંને ભાઈ વચ્ચે પણ બોલાચાલી થઈ જતી.

હસમુખભાઈ પણ આ બધું જોતા હતા, પણ કાંઈ કરી શકતા ન હતા. મનોમન અકળાતા હતા. શું કરવું કાંઈ સમજાતું ન હતું. બંને વહુઓને સાથે રહેવું ન હતું. જુદા થવું હતું. બેઉ ભાઈએ પણ નિર્ણય કર્યો કે હવે સાથે નહીં ચાલે. જુદા થઈ જઈએ. આ નિર્ણયમાં બંને ભાઈ અને બંનેની પત્નીનો મત એક જ હતો.

ચારેય સાથે મળીને દીવાનખાનામાં આવ્યાં. ત્યાં એક હીંચકો હતો. તેના પર હસમુખભાઈ અને હંસાબહેનની બેઠક. બંને હીંચકે બેઠાં બેઠાં ગમતાંનો ગુલાલ કરતાં હતાં અને આ ચારેય આવ્યાં. સામે સોફા પર ચારેયે બેઠક લીધી. હસમુખભાઈએ હંસાબહેન સામે જોયું. હંસાબહેને ઈશારાથી 'મને કાંઈ ખબર નથી' એમ જણાવ્યું. મોટા દીકરાએ હસમુખભાઈ સામે જોઈને કહ્યું, 'પપ્પા, તમારી સાથે વાત કરવી છે.'

'હા, શું છે બોલને...' હસમુખભાઈએ કહ્યું.

'વાત એમ છે કે ઘરમાં કંકાસ થયા કરે છે એનો તમને પણ ખ્યાલ છે જ. દેરાણી-જેઠાણી વચ્ચે તકરાર થાય છે તેની અસર બંને ભાઈના સંબંધ પર પણ થાય છે. આવી રીતે તો ઘરમાં અશાંતિ થઈ ગઈ છે અને મજા આવતી નથી. કાંઈક રસ્તો કાઢવો પડશે.'

'શું રસ્તો કાઢવો છે?'હસમુખભાઈએ પૂછ્યું.

'જુદા થઈ જઈએ....' નાના પુત્રે કહ્યું.

'તો થઈ જાવ જુદા, એમાં મને શું કહેવાનું?' હસમુખભાઈ બોલ્યા એટલે હંસાબહેને એમને અધવચ્ચે અટકાવીને કહ્યું, 'ના, ઘર હોય તો બે વાસણ ખખડેય ખરાં એમાં જુદા થોડા થવાય? અભરાઈ પરનાં વાસણ અથડાય તો એમાં આપણે અભરાઈ તોડી નાખીએ છીએ?'

'ના, ના મમ્મી હવે સાથે રહેવું તો શક્ય જ નથી' મોટી વહુએ કહ્યું.

'હા, મમ્મી એમને હવે સાથે ફાવતું નથી' નાની વહુએ ટાપસી પૂરી એટલે હસમુખભાઈએ તરત જ હંસાબહેનને કહ્યું, 'એ લોકોને જુદા થવું હોય તો થવા દે, તું શું કામ વચ્ચે પડે છે?' અને પછી પેલાં ચારેય સામે જોઈને કહ્યું, 'થઈ જાવ તમે બંને ભાઈ જુદા અમારી મંજૂરી છે - બસ?'

'પપ્પા, પણ એક મુશ્કેલી છે.' મોટા દીકરાએ કહ્યું.

'શું?'

'અમને બંનેને પૈસાની જરૂર પડશે.'

'તો એમાં હું શું કરું? લોન લઈ લો.'

'ના, પપ્પા લોનથી પણ બે ઘર નહીં લઈ શકાય. ઘરના ભાવ આસમાન પર છે.'

'પપ્પા, એક કામ કરીએ આપણું આ ઘર વેચી નાખીએ એ પૈસા આવશે એમાં લોન લઈને પૈસા ઉમેરીશું તો બે ઘર આવી જશે.' એક ભાઈએ ઉકેલ સૂચવ્યો.

'તો અમે બે જણ ક્યાં જઈશું?' પિતાએ પૂછ્યું.

'અરે, પપ્પા તમે કેવો સવાલ પૂછો છો? તમારે તો બેમાંથી જેને ત્યાં રહેવું હોય ત્યાં રહેજો. અમને ચારમાંથી કોઈને તમારી કે મમ્મી સાથે ક્યાં પ્રોબ્લેમ છે?' નાના દીકરાએ કહ્યું.

'ના, ભાઈ ના. તમારે જવું હોય તો જાવ. હું કાંઈ મારું ઘર વેચું નહીં!' હસમુખભાઈએ રોકડું પરખાવી દીધું.

'પપ્પા, પ્લીઝ. આવી રીતે હવે નહીં રહેવાય. મમ્મી, તું પપ્પાને સમજાવને મોટા દીકરાએ કહ્યું અને ચારેય ત્યાંથી પોતાના રૂમમાં ચાલી ગયાં.

હસમુખભાઈ અને હંસાબહેન અપસેટ થઈ ગયાં. બીજે દિવસે સવારે દેરાણી-જેઠાણી વચ્ચે મોટો ઝઘડો થયો. બંને ભાઈ વચમાં પડ્યા અને એ પણ ઝઘડ્યા.

હસમુખભાઈ-હંસાબહેન જોતાં રહ્યાં. હવે કકળાટ, ઝઘડા રોજના થઈ ગયા. દીકરાઓ મા-બાપને સંભળાવતા પણ ખરાં કે તમારું ઘર છાતીએ બાંધીને બેસો. અમારે ભલે રોજ લોહીઉકાળા થતા.

રોજની આ પરિસ્થિતિને કારણે એક દિવસ હંસાબહેને સામેથી હસમુખભાઈને કહ્યું, 'આ રોજના લોહીઉકાળા મારાથી જોવાતા નથી. રોજના તમાશા. વેચી નાખો આપણું ઘર અને આપી દો બંનેને અડધા પૈસા.'

'તું કાંઈ સમજતી નથી. ઘર વેચીને પૈસા આપી દઈશું તો રઝળી પડીશું. આ બંનેમાંથી કોઈ આપણને રાખશે નહીં!'

'ના, ના એ આપણા દીકરા છે, સાવ એવા નથી અને વળી હવે આપણે બોનસનાં વર્ષો જીવી રહ્યાં છીએ. હજુ કેટલાં વર્ષ જીવવાનાં? આ લોકોને આખી જિંદગી કાઢવાની છે. આપી દો એમને પૈસા રોજનો કકળાટ મટે. આપણે બેઉને ત્યાં વારાફરતી રહીશું.'

હસમુખભાઈને આ વાત પસંદ ન હતી, પણ પછી ક-મને પોતાનું ઘર વેચેની બંને ભાઈને સરખે હિસ્સે પૈસા વેચી દીધા. થોડા પૈસા પોતાની માટે પણ રાખ્યા. દીકરાઓને એ ગમ્યું નહીં, પણ કાંઈ બોલી શક્યા નહીં. બે ભાઈના બે ફ્લૅટ લેવાઈ ગયા. શરૂઆતમાં હસમુખભાઈ-હંસાબહેન મોટા દીકરાને ઘરે રહેવા ગયા. થોડો વખત ઠીક ચાલ્યું પછી મોટી વહુએ પોત પ્રકાશ્યું, 'હું શા માટે આ બંનેને રાખું? મારી એકલીની થોડી ફરજ છે? નાની તો છૂટી ગઈ અને હું બંધાઈ ગઈ. બે-બે જણને હું સાચવી શકતી નથી. એક જણને હું રાખીશ અને એક જણ નાનીને ત્યાં જાય.' અંતે નક્કી થયું: 'મમ્મી, તમે અમારી સાથે રહો ને પપ્પા નાનાને ત્યાં રહેવા જાય.'

'થોડો વખત અમે બંને નાનાને ત્યાં જઈ આવીએ.' હંસાબહેને કહ્યું.

'ના, અમને એ મંજૂર નથી. હું તમને રાખીશ. પપ્પા નાનાને ત્યાં જાય. વહુએ કહ્યું. હવે પોતાનું ઘર ન હોવાને કારણે બંને નિઃસહાય હતાં. હસમુખભાઈએ કહ્યું પણ ખરું,

'મેં તને કહ્યું હતું ઘર વેચીને આપણે મુસીબતમાં આવીશું.' હંસાબહેન રડી પડયાં એટલે હંસાબહેનની પીઠ પસવારતાં એમણે કહ્યું:

'ઠીક છે, હું નાનાને ત્યાં જઈશ.'

હસમુખભાઈ ગયા. બેઉને એકબીજા વગર જરાય ન ગમે. બંને મૂંઝાય. શું કરવું? આખરે હસમુખભાઈએ તોડ કાઢ્યો. ગુજરાતના એક વ્યવસ્થિત વૃદ્ધાશ્રમમાં રહેવા જવાનો. અહીંનો ખર્ચ પણ તેમને પોષાય તેમ હતો. હસમુખભાઈ બધી સગવડ કરીને હંસાબહેનને લઈને વૃદ્ધાશ્રમમાં ચાલી ગયા.

હવે ડોસો-ડોસી એકમેકને વહાલ કરે છે અને ગમતાંનો ગુલાલ કરે છે. ■

# નવા વર્ષના પહેલા સત્રમાં પીછેહઠને બ્રેકઃ બ્લુચીપ શૅરોની લેવાલીને સહારે સેન્સેક્સ રિબાઉન્સ થઈ ૭૮,૫૦૦ની અને નિફ્ટી ૨૩,૭૦૦ની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવા વર્ષના પહેલા સત્રમાં શરૂઆત સહેજ નરમગરમ રહી હતી, પરંતુ બ્લુચીપ શેરોના સહારે રિબાઉન્સ થઈ બુધવારે સત્રના અંત સુધીમાં સેન્સેક્સ ૭૮,૫૦૦ની અને નિફ્ટી ૨૩,૭૦૦ની ઉપર પહોંચ્યો હતો. સેન્સેક્સ ૨૦૨૫ના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં ૩૬૮.૪૦ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા વધીને ૭૮,૫૦૭.૪૧ પોઇન્ટની સપાટીએ સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૬૧૭.૪૮ પોઈન્ટ્સ અથવા ૦.૭૯.૭૯.૪૭ ટકા વધીને ૭૮,૫૦૭.૪૧ સુધી આગળ વધ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૮.૧૦ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકા વધીને ૨૩,૭૪૨.૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

મોટાભાગના નિષ્ણાતો માને છે કે ૨૦૨૫માં રોકાણકારોને આગલા વર્ષો જેવું વળતર મળવું મુશ્કેલ છે. અત્યારે બજારને આગળ વધવા માટે કોઈ ટ્રીગર નથી. અમેરિકામાં નવા પ્રમુખની નીતિ અને ખાસ કરીને વિદેશી સંસ્થાકીય રોકાણકારોના વલણને આધારે બજારમાં ઊથલપાથલ થતી રહેશે.

મારુતિ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો, બજાજ ફાઇનાન્સ, ટાટા મોટર્સ, ઇન્ડસઇન્ડ બેન્ક, એશિયન પેઇન્ટ્સ, પાવર ગ્રીડ, એચડીએફસી બેન્ક અને એક્સિસ બેન્ક ટોપ ગેઇનર્સ રહ્યાં હતા. જ્યારે ટાટા સ્ટીલ, અદાણી પોટ્ર્સ, ઝોમેટો, એચસીએલ ટેક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, હિન્દુસ્તાન યુનિલિવર અને ટેક મહિન્દ્રા ટોપ લૂઝર્સની યાદીમાં હતા.

પ્રાઇમરી માર્કેટમાં સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઇનિંગ આઇપીઓ છઠી જાન્યુઆરીએ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને આઠ જાન્યુઆરીએ બંધ થશે. શેરની ફાળવણી નવમી જાન્યુઆરીએશેરનું લિસ્ટિંગ ૧૩મી જાન્યુઆરીએ થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૩થી ૧૪૦ પ્રતિ શેર છે. એપ્લિકેશન માટે લઘુત્તમ લોટ સાઈઝ ૧૦૭ શેરની છે. એ વન સ્ટીલ ઇન્ડિયાએ રૂ. ૬૫૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

મારુતિનું વેચાણ ડિસેમ્બરમાં ૩૦ ટકા વધીને ૧,૭૮,૨૪૮ યુનિટ સુધી પહોંચ્યું છે. જોબ વર્ક ધોરણે અને એફએમસીજી ડિસ્ટ્રિબ્યુશન દ્વારા ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગમાં નિષ્ણાત ડેવિન સન્સ રિટેલ લિમિટેડ, ૧૫.૯૬ લાખ ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ દ્વારા રૂ. ૮.૭૮ કરોડ એકત્ર કરવાના લક્ષ્ય સાથે આજે બીજી જાન્યુઆરીએ પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડી બજારમાં પ્રવેશી રહી છે. આ ભરણાં માટે શેર દીઠ પંચાવન રૂપિયાની કિંમત નક્કી થઈ છે.

ફાર્મા, હેલ્થકેર અને બાયોટેક સેક્ટર માટે ક્લીનરૂમ સોલ્યુશન્સમાં નિષ્ણાત ફેબટેક ટેક્નોલોજી ક્લિનરૂમ્સ લિમિટેડ, ત્રીજી જાન્યુઆરીએ ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ લાવી રહી છે. આ ભરણાંનું કદ રૂ. ૨૭.૭૪ કરોડ છે. ઈશ્યુની સાઇઝ ૩૨.૬૪ લાખ ઇક્વિટી શેરની છે અને પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૮૦થી રૂ. ૮૫ છે. જર્મન કાર મેકર ઓડી ઇન્ડિયાએ ૨૦૨૪માં ૨૭ ટકાના ઘટાડા સાથે ૫૮૧૬ કારનું વેચાણ નોંધાવ્યું છે.

કોપર સ્ક્રેપમાંથી કોપર વાયર અને રોડ બનાવતી પરમેશ્વર મેટલ લિમિટેડનો આઇપીઓ આજે બીજી જાન્યુઆરીએ ખુલશે. ઇશ્યૂનું કદ ૪૦.૫૬ લાખ ઇક્વિટી શેર અથવા રૂ. ૨૪.૭૪ કરોડ જેટલું છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૭થી રૂ. ૬૧ પ્રતિ ઇક્વિટી શેર છે અને લોટ સાઈઝ - ૨૦૦૦ ઈક્વિટી શેરની છે. ભરણા મારફત મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ ફર્નેસના નવીનીકરણ ઉપરાંત દહેગામ ખાતે કોપર વાયર માટે નવી ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે કરવામાં આવશે.

કોર્પોરેટ પરિણામ પર ખાસ નજર રહેશે અને તેને કારણે શેરલક્ષી કામકાજ જોવા મળશે. એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડે કાઇઝેન લોજિસ્ટિક્સમાં મેજર સ્ટેક હસ્તગત કરી રહી છે. કાઇઝેન ભારતની કેટલીક જાણીતી કંપનીઓને રોડ ટ્રાન્સપોર્ટેશન, મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન, વેરહાઉસિંગ સહિતની સેવાઓની વિશાળ શ્રેણી પૂરી પાડે છે. કંપની વેદાંતા જૂથ, આદિત્ય બિરલા જૂથ, રિલાયન્સ, હિન્દુસ્તાન ઝિંક, સહિતના ક્લાયન્ટ ધરાવે છે.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૪,૬૪૫.૨૨ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. નવા વર્ષની રજાઓ માટે મોટાભાગના એશિયન અને યુરોપિયન બજારો બંધ રહ્યા હતા.

મંગળવારે યુએસ બજારો નીચા મથાળે બંધ રહ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૮ ટકા વધીને ૭૪.૬૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ મંગળવારે ૧૦૯.૧૨ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૭૮,૧૩૯.૦૧ પર સેટલ થયો હતો. નિફ્ટી સાધારણ ૦.૧૦ પોઈન્ટ ઘટીને ૨૩,૬૪૪.૮૦ પર સેટલ થયો હતો. સમગ્ર ૨૦૨૪માં સેન્સેક્સ ૫,૮૯૮.૭૫ પોઈન્ટ અથવા ૮.૧૬ ટકા ઉછળ્યો હતો અને નિફ્ટી ૧,૯૧૩.૪ પોઈન્ટ અથવા ૮.૮૦ ટકા ઉછળ્યો હતો.

શેરબજારે પાછલું વર્ષ અનેક પડકારોને વટાવીને પાર કર્યું છે અને આગામી વર્ષમાં પણ ઉછાળા અને પછડાટ સાથે જ આગળ વધવું પડે એવા આર્થિક અને વૈશ્વિક સંયોગો રચાયા છે. આ સપ્તાહે બજાર એકંદરે રેન્જબાઉન્ડ રહેવાની ધારણાં છે. ટેક્નિલકલ નિષ્ણાતો માને છે કે અંતિમ સપ્તાહમાં બજારે ભલે સુધારો દાખવ્યો હોય પરંતુ બજારનો અંડર ટોન નરમ છે. કોઇ નક્કર ટ્રીગરના અભાવ વચ્ચે ટુંકા ગાળામાં કોઇ મોટા ઉછાળાની અપેક્ષા રાખી શકાય નહીં. આ સપ્તાહ માટે, મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ ડેટા અને માસિક ઓટો વેચાણ ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરીને બજાર રેન્જબાઉન્ડ રહેવાની ધારણા છે, જ્યારે ટૂંકા ગાળામાં, ધ્યાન ધીમે ધીમે ડિસેમ્બર ક્વાર્ટરના કોર્પોરેટ શ્રેક્ષના પરિણામ અને કેન્દ્રીય અંદાજપત્ર અંગેની અટકળો પર શિફ્ટ થઈ શકે છે.

આગામી સમયમાં કોર્પોરેટ ક્ષેત્રના ત્રીજા ત્રિમાસિક સમયગાળાના પરિણામો પર બજારનું નોંધપાત્ર ધ્યાન અપેક્ષિત છે, જે બજારની આગામી ચાલને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. રોકાણકારો તેમના પોર્ટફોલિયામાં અંદાજપત્ર પૂર્વની અપેક્ષાઓના આધારે ફેરફાર કરે તેવી શક્યતા છે. ભારત, યુએસ અને ચીન માટેના પીએમઆઈ ડેટા તેમજ યુએસ બેરોજગારી દાવા જેવા મુખ્ય ડેટા પોઈન્ટ્સ રોકાણકારોના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરશે.

સ્થાનિક મોરચે, નવેમ્બર માટે રાજકોષીય ખાધ, અને માળખાકીય ઉત્પાદન, તેમજ કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટર માટે વિદેશી કરજના આંકડા ૩૧ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે, જ્યારે ડિસેમ્બર માટે એચએસબીસી મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ ફાઇનલ ડેટા બીજી જાન્યુઆરીએ જાહેર કરવામાં આવશે. મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ વધીને કામચલાઉ આંકડાઓ મુજબ, નવેમ્બરના ૫૬.૫ સામે વધીને ડિસેમ્બરમાં ૫૭.૪ સુધી પહોચ્યા હોવાનો અંદાજ વર્ષના છેલ્લા મહિનામાં ફેક્ટરી પ્રવૃત્તિમાં મજબૂતીનો સંકેત આપે છે

૨૦૨૪માં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૭૭.૬૬ લાખ કરોડનો વધારો નોંધાયો છે. ૨૦૨૪માં શેરબજારના રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૭૭.૬૬ લાખ કરોડથી વધુનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ આઠ ટકાથી વધુ વધ્યો હતો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, આ વર્ષે આખલા અને રીંછ વચ્ચે સારીએવી ખેંચતાણ જોવા મળી હતી, જેને પરિણામે બજારે જોરદાર ઉછાળા અને પછડાટનો સામનો કર્યો હતો.

ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં હોવા છતાં ભારતીય બજારોએ ઉત્તમ નફો આપ્યો છે. વર્ષ ૨૦૨૪માં આઠમી એપ્રિલે પ્રથમ વખત બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલ રૂ. ૪૦૦ લાખ કરોડના સ્તરે પહોંચ્યું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની એકધારી વેચવાલી, અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી પછી વિવિધ દેશો વચ્ચેની લશ્કરી અથડામણો સતત ચાલુ રહી હોવાથી વૈશ્વિક અનિશ્ચિતતામાં થયેલા વધારા અને વધતા જતા ફુગાવાના દબાણને કારણે ભારતીય બજાર ઝડપથી ઘટ્યું હતું. માત્ર ઓક્ટોબરમાં એક જ મહિનામાં જ સેન્સેક્સ ૪,૯૧૦.૭૨ પોઈન્ટ અથવા ૫.૮૨ ટકાનો કડાકો નોંધાયો હતો.

# ખાંડમાં ₹ ચારથી 30નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ .૩૪૦૦થી ૩૪૫૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે વર્ષ ૨૦૨૫ના આરંભિક સત્રમાં સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની લેવાલી અને રિટેલ સ્તરની પ્રબળ માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૪થી ૩૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે મથકો પરના પ્રોત્સાહક અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૦ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની પ્રબળ માગને ટેકે ઉપાડ લગભગ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ વધીને રૂ. ૩૫૪૬થી ૩૬૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ વધીને રૂ. ૩૬૦૨થી ૩૮૩૨માં ગુણવત્તાનુસાર થયા હતા.

# સોનામાં ઘટ્યા મથાળેથી ₹ ૪૨૧નો સુધારો, ચાંદી ₹ ૩૨ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગઈકાલે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા, જ્યારે આજે લંડન ખાતે નવા વર્ષ નિમિત્તે બજારો બંધ રહ્યાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે મધ્યસત્ર દરમિયાન ખાસ કરીને સોનામાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવમા ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૯થી ૪૨૧નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨નો સાધારણ સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને કારણે આયાત પડતરોમાં વધારો થવાથી ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૯ના સુધારા સાથે રૂ. ૭૬,૨૭૬ના મથાળે અન ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૨૧ વધીને રૂ. ૭૬,૫૮૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી મર્યાદિત રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ.૩૨ના સાધારણ સુધારા સાથે રૂ. ૮૬,૦૫૫ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે બજાર નવા વર્ષ નિમિત્તે સત્તાવાર ધોરણે બંધ રહી હતી, પરંતુ ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૦૪.૪૯ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા ઘટીને ૨૬૧૮.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૩ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૨૮.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ગઈકાલે રજાના માહોલમાં કામકાજો પાંખાં રહ્યા હતા અને તેમાં પણ વર્ષના અંતને કારણે પોઝિશન સરભર કરવા માટેના કામકાજો વધુ રહ્યા હોવાનું ઝેનર મેટલ્સના મેટલ સ્ટ્રેટેજિસ્ટ પીટર ગ્રાન્ટે જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે વર્તમાન વર્ષ ૨૦૨૫માં મુખ્યત્વે રાજકીય-ભૌગોલિક તણાવ ઊંચી સપાટીએ રહે તેવી શક્યતા અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી જળવાઈ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સોનામાં માગ જળવાઈ રહેશે.

આ ઉપરાંત ટ્રમ્પના વહીવટીતંત્રમાં અમેરિકામાં દેવાની સ્થિતિ દબાણ હેઠળ અને ખાધ ઊંચી રહે તેમ હોવાને કારણે પણ સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળતો રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં ૩૧મી ઑક્ટોબરે સોનાના ભાવ ઐતિહાસિક ઊંચી ઔંસદીઠ ૨૭૯૦.૧૫ ડૉલરની સપાટીએ પહોંચવાની સાથે વૈશ્વિક ભાવમાં વર્ષ ૨૦૧૦ પછીનો સૌથી મોટો ૨૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

હવે બજારની નજર જાહેર થનારા અમેરિકાના આર્થિક ડેટાઓ પર રહેશે અને આ ડેટાઓના આધારે ફેડરલ રિઝર્વ ભવિષ્યમાં કેવી નાણાં નીતિ અપનાવશે તેના તર્ક વિતર્કો પર સોનાના ભાવની વધઘટ અવલંબિત રહેશે. આ ઉપરાંત આગામી ૨૦મી જાન્યુઆરીથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિઓની પણ સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓની વધઘટ પર અસર જોવા મળશે, એવું બજાર વર્તુળોનું માનવું છે. જોકે ગોલ્ડમેન સાશે આગામી વર્ષ ૨૦૨૫ દરમિયાન સોનામાં રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સોનામાં સલામતી માટેની માગ અને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી જળવાઈ રહેતાં સોનાના વૈશ્વિક ભાવ વધીને ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર પહોંચવાની શક્યતા વ્યક્ત કરી છે.

# ડૉલર સામે રૂપિયામાં ટકેલું વલણ

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બેતરફી વધઘટે અથડાઈને ટકેલા ધોરણે ગઈકાલની ૮૫.૬૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીને કારણે રૂપિયામાં સુધારો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૬૪ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૫.૬૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૨ અને ઉપરમાં ૮૫.૬૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના ભાવ ટૂ ભાવ ૮૫.૬૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસાના ઘટાડા સાથે ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ૮૫.૭૨ આસપાસના મથાળે ડૉલરમાં વેચવાલી કરી હોવાથી વધુ ઘટાડો અટક્યો હતો અને ૮૫.૬૨ સુધી પહોંચ્યો હતો. અમેરિકી બજારો બંધ રહેવાની સાથે સ્થાનિક સ્તરે પણ ઘણી કોર્પોરેટ ઓફિસો બંધ હોવાથી પાંખાં કામકાજો વચ્ચે ટકેલા ધોરણે રૂપિયો બંધ રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સનાં ટ્રેઝરી વિભાગના હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અની કુમાર ભણસાલીએ જણાવતા ઉમેર્યું હતું કે હજુ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ અને ડૉલર ઈન્ડેક્સ પણ ઊંચી સપાટીએ હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન ગઈકાલે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૦૮.૪૮ આસપાસની સપાટીએ રહ્યો હતો અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૭૪.૬૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૬૮.૪૦ પૉઈન્ટનો અને ૯૮.૧૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો. તેમ છતાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૬૪૫.૨૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પબ્લિક નોટિસ

આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસીલ, ઓફિસ નં. D, ૧૨મો માળ, MBC પાર્ક ડિ-બિલ્ડીંગ ઘોડબંદર રોડ, કાસાર વડાવલી, થાણે (પશ્ચિમ), મહારાષ્ટ્ર-૪૦૦૬૧૫ ખાતે તેની નોંધાયેલ ઓફિસ ધરાવનાર કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની જોગવાઈઓ હેઠળ સ્થપાયેલ હોવાનું મનાતી તથા કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની જોગવાઈઓ હેઠળ સ્થપાયેલ એક પ્રાઈવેટ લિમિટેડ કંપની હરદેશ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડિંગ કંપની પ્રાઈવેટ લિમિટેડ (CIN: U70109MH1980PTC023075) એટલે કે પ્રિમાઈસિસના માલિક ["HITCPL"]ના કન્ફર્મેશન સાથે ધ સિક્યૂરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૫) (C) સાથે વંચાતા સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ હેઠળ ઓકશન દ્વારા **જનતા સહકારી બેંક લિમિટેડ, પૂણે** (મુંબઈ રિકવરી સેલ) પાસેથી અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ મોર્ગેજ કરાયેલ પ્રિમાઈસિસ ખરીદવા અને હસ્તગત કરવાનો ઈરાદો ધરાવે છે.

તમામ શખ્સો જે પ્રિમાઈસીસ કે તેના કોઈપણ ભાગના સંદર્ભમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઈક્વિટેબલ કે બીજી રીતે) ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, પાર્ટીશન, ભાગીદારી, જાળવણી, બિક્વેસ્ટ, કબજો, લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીઅન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પ્લેડઝ, ગેરેંટી, શેર ટ્રાન્સફર, ડિબેન્ચર ટ્રાન્સફર, ઈઝમેન્ટ, લોન્સ, એડવાન્સિસ, લીસ પેન્ડન્સ, ઈંજંક્શન અથવા જપ્તી અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડિક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યૂ કે સ્ટેચ્યૂટરી ઓથોરિટી કે આર્બીટ્રેશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમને સહાયક દસ્તાવેજી પુરાવાઓ સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આજ તારીખથી ૧૫ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા વ્યક્તિઓના દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો, તે ત્યજી દીધેલ અને/અથવા છોડી દીધેલ ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**

**(''પ્રિમાઈસીસ'')**

R.R. ઈન્વેસ્ટમેન્ટ એન્ડ એસ્ટેટ્સ પ્રાઈવેટ લિમિટેડ (''કંપની'')ના શેર સર્ટિફિકેટ નં. ૧૪૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૭૭ અને ૨૭૮ હેઠળ ધરાવાયેલ વિશિષ્ટ નં. ૭૨૬થી ૭૩૦ (બંને સહિત), ૯૮૧થી ૯૮૫ (બંને સહિત), ૯૮૬થી ૯૯૦ (બંને સહિત), ૯૯૧થી ૯૯૫ (બંને સહિત), ૯૯૬થી ૧૦૦૦ (બંને સહિત), ૭૬૦૧થી ૭૭૦૦ (બંને સહિત) અને ૭૭૦૧થી ૭૮૦૦ (બંને સહિત) ધરાવતી દરેક રૂ. ૧૦૦/-ના ૨૨૫ ઈક્વિટી શેર્સ તથા ડિબેન્ચર સર્ટિફિકેટ નં. ૭૨૨, ૭૨૩, ૭૨૪, ૭૨૫, ૭૨૬, ૭૨૭, ૭૨૮, ૭૨૯, ૭૩૦, ૭૩૧, ૭૩૨, ૭૩૩, ૭૩૪ અને ૭૩૫ હેઠળ ધરાવાયેલ દરેક રૂ. ૧૦,૦૦૦/-ના તે તમામ ૧૪ ડિબેન્ચર્સ તથા તેને લગતા તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૭૨, ૨૫મી ઓગસ્ટ ૧૯૭૨ અને ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૭ના કરાર હેઠળ લાભો તેમજ અને કંપનીના આર્ટીકલ્સ ઓફ અસોસીએશનના આર્ટીકલ ૪A હેઠળ HITCPL અપાયેલ કાર પાર્કિંગ જગ્યા સાથે પ્લોટ નં. ૧૦ (હવે નં. ૩૧૬), બ્લોક-III, બેકબે રિકલેમેશન, મુંબઈ- ૪૦૦૦૨૧ ખાતે આવેલ, પડેલ અને રહેલ ''ચંદરમુખી'' તરીકે જાણીતી બિલ્ડીંગની બેઝમેન્ટ પ્રિમાઈસિસમાં કુલ એરિયા ભરતમાં **૭૭૦૦** ચો. ફૂટ કાર્પેટ/ બિલ્ટ અપ એરિયામાંથી ૩૮૫૦ ચો. ફૂટ કાર્પેટ/ બિલ્ટ અપ એરિયા એટલે કે ૫૦% અવિભાજિત હિસ્સો, હક્ક, ટાઈટલ અને હિતનો ઉપયોગ કરવાના, ભોગવટો કરવોના અને કબજો ધરાવાના હક્ક.

આજ તારીખ ૨ જી જાન્યુઆરી, ૨૦૨૫

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ,
ઈન્કમ ટેક્સ ઓફિસ સામે,
બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઈમેલઃ **response@lawpointindia.com**

સ્પોર્ટ્સ

# હું શાંત છું એનો અર્થ એવો નથી કે બધાએ મન ફાવે એ કરવાનુંઃ હેડ-કોચ ગંભીર

### રોહિતસેનાના ફ્લૉપ-શૉ પછી ડ્રેસિંગ-રૂમમાં ગુસ્સો બતાવ્યોઃ ગૌતમ ખરેખર તો પુજારાને ટીમમાં લેવા માગતો હતો

મેલબર્નઃ અહીં ઑસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસકર ટ્રોફીની ચોથી ટેસ્ટમાં સોમવારના આખરી દિને ભારતીય ટીમને (યશસ્વી જયસ્વાલને ખોટો આઉટ અપાયો હોવાની ચર્ચા વચ્ચે) મૅચ ડ્રૉમાં લઈ જવાનો મોકો હતો, પરંતુ ૨૦.૪ ઓવરમાં ફક્ત ૩૪ રનમાં ટીમ ઇન્ડિયાએ છેલ્લી સાત વિકેટ ગુમાવી એને પગલે હેડ-કોચ ગૌતમ ગંભીરે ડ્રેસિંગ-રૂમમાં આખી ટીમને કડક શબ્દોમાં ઠપકો આપ્યો હતો. ગંભીરે તેમને 'બહુત હો ગયા' એવું કહીને આડકતરી રીતે દરેક ખેલાડીને તેની ભૂલ અને કચાશ બતાવી હતી. આ સિરીઝમાં ખાસ કરીને પીઢ બૅટર રોહિત શર્મા અને વિરાટ કોહલી સદંતર નિષ્ફળ રહ્યા છે.

ગંભીરે કોઈનું નામ નહોતું લીધું, પણ તેની સ્પીચનો ભાવાર્થ એ હતો કે ખેલાડીઓ પરિસ્થિતિને અનુરૂપ રમવાને બદલે 'નૅચરલ ગેમ'ના નામે પોતાની રીતે રમે છે.

ગંભીરે જુલાઈમાં ટીમ ઇન્ડિયાના હેડ-કોચનો હોદ્દો સંભાળ્યો હતો. પહેલા છ મહિના તેણે ટીમને એની રીતે રમવા દીધી હતી, પણ હવે પોતે ઇચ્છશે એ રીતે ખેલાડીઓએ રમવું પડશે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગંભીરે પ્લેયર્સને કડક ચેતવણી આપી છે કે ટીમ વિશે જે વ્યૂહરચના અપનાવાઈ છે એ મુજબ જે ખેલાડી નહીં રમે તેને કહી દેવાશે કે 'તમારો ખૂબ ખૂબ આભાર.'

બીજી રીતે કહીએ તો ટીમની સ્ટ્રેટૅજી મુજબ નહીં રમનાર ખેલાડીને ટીમમાંથી ગુડબાય કરી દેવાશે.

ગંભીરનું કહેવું છે કે અમુક ખેલાડીઓ ટીમ માટે નક્કી થયેલા પ્લાનને અનુસરવાને બદલે પોતાની રીતે રમી રહ્યા છે.

સોમવારના અંતિમ દિવસે વિરાટ કોહલી લંચ પહેલાં ખૂબ જ બહારના બૉલ સાથે છેડછાડ કરવા ગયો અને વિકેટ ગુમાવી બેઠો હતો જેને પગલે ટીમ બૅક-ફૂટ પર આવી ગઈ હતી. પહેલા દાવમાં રિષભ પંત ખોટા સાહસમાં અને બેજવાબદારીભર્યા અભિગમમાં સ્કૂપ શૉટમાં કૅચ આપી બેઠો હતો. બીજા દાવમાં પણઅ તેણે વિકેટ આપી દીધી હતી. રોહિત શર્મા બીજી ઇનિંગ્સમાં અક્રોસ-ધ-લાઇન રમવામાં વિકેટ ગુમાવી બેઠો હતો. તે ન્યૂ ઝીલૅન્ડ સામેની ઘરઆંગણાની સિરીઝથી ખરાબ ફૉર્મમાં છે.

કેટલાક સૂત્રોના જણાવ્યા મુજબ ઑસ્ટ્રેલિયા સામેની પહેલી ટેસ્ટ અગાઉથી જ ભારતીય ડ્રેસિંગ-રૂમમાં વાતાવરણ ખૂબ તંગ રહ્યું છે.

એવું જાણવા મળ્યું છે કે ગૌતમ ગંભીરે ૧૦૦-પ્લસ ટેસ્ટ રમી ચૂકેલા ચેતેશ્વર પુજારાને ટેસ્ટ ટીમમાં સામેલ કરવા દબાણ કર્યું હતું, પરંતુ સિલેક્ટર્સે એ માગણી નકારી હતી. કહેવાય છે કે પર્થમાં પ્રથમ ટેસ્ટ જીત્યા પછી પણ ગંભીરે પુજારા માટે આગ્રહ કર્યો હતો.

# કાંબળીને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળ્યા, પણ બરાબર ચાલી નથી શક્તો

### સારવાર બાદ નાગરિકોને સંદેશ આપ્યો કે 'શરાબ અને અન્ય નશાથી દૂર રહેજો'

થાણેઃ ભારતના ભૂતપૂર્વ બૅટર વિનોદ કાંબળીને ભિવંડીની હૉસ્પિટલમાંથી રજા મળી ગઈ છે, પણ તે હજી બરાબર ચાલી નથી શક્તો એટલે તેણે હજી સારવાર જાળવી રાખવી તેમ જ ઘરમાં શરીરની ખાસ કાળજી રાખવી પડશે.

આકૃતિ હૉસ્પિટલમાં ૧૦ દિવસ તેની સારવાર ચાલી હતી. હાલમાં તેની હાલત સ્થિર છે, પરંતુ અન્ય વ્યક્તિની મદદથી તેણે ચાલવું પડતું હોવાથી તે હજી પૂરેપૂરો સાજો નથી થયો એમ કહી શકાય. બાવન વર્ષના કાંબળીએ સફળ સારવાર બાદ સંદેશ આપ્યો છે કે 'નવા વર્ષમાં નાગરિકોએ શરાબ અને અન્ય નશાથી દૂર રહેવું જોઈએ. કોઈ પણ લત જિંદગી બરબાદ કરી નાખે છે.'

કાંબળીની ઇન્ટરનૅશનલ ક્રિકેટ રમવાની ઉંમર તો હવે જતી રહી છે, પરંતુ તે મેદાન પર પાછા આવવા ઉત્સાહિત છે. બની શકે કે આવનારા વર્ષમાં લેજન્ડ્સ લીગ ક્રિકેટમાં તે જોવા મળી શકે. કાંબળી ટીમ ઇન્ડિયાની જર્સીમાં બૅટ સાથે ચાહકોને ૨૦૨૫ના નવા વર્ષની શુભકામના આપી હતી. તે સગાસંબંધીઓ અને મિત્રોની મદદથી હૉસ્પિટલની બહાર આવ્યો અને કારમાં બેઠો ત્યારે તેના ઘણા ચાહકોએ તેનો વિડિયો ઉતાર્યો હતો.

કાંબળીને યુરિન સંબંધિત તકલીફો હતી અને તેના મગજમાં ગાંઠ હોવાનું પણ નિદાન થયું હતું.

૧૯૯૧થી ૨૦૦૦ની સાલ સુધીમાં ૧૭ ટેસ્ટ અને ૧૦૪ વન-ડે રમનાર કાંબળીને ૧૯૮૩ની વર્લ્ડ ચૅમ્પિયન ટીમની આખી ટીમે આર્થિક મદદ કરવાની તૈયારી બતાવી હતી. જોકે ચૅમ્પિયન કૅપ્ટન કપિલ દેવે શરત મૂકી હતી કે કાંબળીએ પોતાની વર્ષો જૂની ખરાબ આદત (દારૂ) છોડવી પડશે.

એક અહેવાલ એવો પણ હતો કે તે ભિવંડીની જે હૉસ્પિટલમાં હતો એમાં તેને મફતમાં સારવાર મળી હતી.

### આવતી કાલથી સિડની-ટેસ્ટ

# પીએમ અલ્બનીઝે બુમરાહ વિશે મજાકમાં સરસ કહ્યું

સિડનીઃ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે અહીં શુક્રવાર, ત્રીજી જાન્યુઆરીએ પાંચમી અને છેલ્લી ટેસ્ટ શરૂ થશે. ઑસ્ટ્રેલિયાના ક્રિકેટપ્રેમી વડા પ્રધાન ઍન્થની અલ્બનીઝ બન્ને ટીમના ખેલાડીઓને મળ્યા હતા. તેમણે ખાસ કરીને વર્લ્ડ નંબર-વન રાઇટ-આર્મ ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહના ખૂબ વખાણ કર્યા હતા.

અલ્બનીઝે મજાકમાં કહ્યું હતું કે અહીં આપણે એક કાયદો જ બનાવી નાખવો જોઈએ કે બુમરાહે આપણી ટીમ સામે ડાબા હાથે બોલિંગ કરવાની અને તેની બોલિંગ-ઍક્શન જ એવી હોવી જોઈએ કે જેથી ઑસ્ટ્રેલિયન બૅટર્સને ફાયદો થાય.

વર્તમાન બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં બુમરાહ ૩૦ વિકેટ સાથે મોખરે છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

## ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| ડિપાર્ટમેન્ટ | ચીફ એન્જિનિયર (સ્યૂરેજ ઓપરેશન) |
| સેકશન | ડે. ચી. એન્જિ. (S.O.) શહેર<br>એક્ષી. એન્જિ. મીકે. (S.) બાંદ્રા ઝોન |
| ટેન્ડર નં. | **૧. ૨૦૨૪_MCGM_૧૧૩૧૪૦૦_૧** |
| વિષય | **કાડેશ્વરી પમ્પિંગ સ્ટેશનનું સંચાલન અને જાળવણી** |
| ટેન્ડરનું વેચાણ | ૦૨-૦૧-૨૦૨૫ના સ. ૧૧.૦૦ ક.થી<br>૧૩-૦૧-૨૦૨૫ના સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | એક્ષી. એન્જિ. મીકે. (S) બાંદ્રા ઝોન |
| એ) નામ | શ્રી એ. જે. ચવ્હાણ |
| બી) ટેલિફોન નં. | ૦૨૨-૨૪૪૬૪૭૫૦ |
| સી) મોબાઈલ નં. | ૮૭૭૯૨૭૦૫૭૫ |
| ડી) ઈ-મેલ ID | ipsbandra@gmail.com |

સહી/- તા. 26.12.2024
PRO/2114/ADV./2024-25 ડે. ચી. એન્જિ. (S.O.) શહેર

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# બુમરાહે રેટિંગ પૉઇન્ટમાં અશ્વિનનો ૯૦૭ પૉઇન્ટનો ભારતીય વિક્રમ તોડ્યો

દુબઈઃ ભારતના વર્લ્ડ નંબર-વન ટેસ્ટ બોલર જસપ્રીત બુમરાહે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. આઇસીસી ટેસ્ટ-રૅન્કિંગ્સમાં તેના નામે ૯૦૭ રેટિંગ-પૉઇન્ટ થયા છે અને એ સાથે તેણે ભારતીય ટેસ્ટ બોલર્સમાં સૌથી વધુ ૯૦૪ પૉઇન્ટનો રવિચન્દ્રન અશ્વિનનો વિક્રમ તોડી નાખ્યો છે.

તાજેતરમાં જ ઓચિંતી નિવૃત્તિ જાહેર કરનાર અશ્વિને ડિસેમ્બર, ૨૦૧૬માં (આઠ વર્ષ પહેલાં) આઇસીસી રેટિંગમાં ૯૦૪ પૉઇન્ટ નોંધાવ્યા હતા.

બુમરાહ ૯૦૭ પૉઇન્ટ સાથે વિશ્વમાં સંયુક્ત રીતે ૧૭મા સ્થાને છે. ભૂતકાળમાં ઇંગ્લૅન્ડના સ્પિનર ડેરેક અન્ડરવૂડે પોતાના નામે સૌથી વધુ ૯૦૭ પૉઇન્ટ નોંધાવ્યા હતા.

# પ્રધાનના ડ્રાઈવરે હોર્ન વગાડ્યો ને જળગાંવ સળગ્યું

## કારને કટ મારવાને મુદ્દે ટંટામાં તોફાનો-આગજનીઃ પાળધી ગામમાં કર્ફ્યુ





**જળગાંવમાં જ્વાળાઃ** પ્રધાન ગુલાબરાવ પાટીલ (જમણે)ના ડ્રાઈવરે હોર્ન વગાડવાને મુદ્દે થયેલી હિંસા બાદ વીફરેલા ટોળાએ અનેક ઠેકાણે તોડફોડ કરી હતી અને દુકાનોમાં આગ લગાડીને તોફાન મચાવ્યું હતું.

મુંબઈઃ શિવસેના શિંદે જૂથના વિધાનસભ્ય ગુલાબરાવ પાટીલના જળગાંવ જિલ્લાના પાળધી ગામમાં ૩૧મી ડિસેમ્બરના રોજ રાતના પથરાવ અને આગજનીની ઘટના બની હતી. પ્રધાન ગુલાબરાવ પાટીલના પરિવારને લઇને જતા વાહનના ડ્રાઈવરે હોર્ન વગાડ્યો અને એક કારને કટ મારતાં ટંટો ઊભો થયો હતો. આને કારણે પાળધી ગામના યુવાનો ભેગા થયા હતા અને બાદમાં ગામવાસીઓ અને શિંદે જૂથના કાર્યકર્તાઓએ પરિસ્થિતિને વણસાવી હતી. રોષે ભરાયેલા ગામવાસીઓએ પથરાવ કરીને આગ લગાવી હતી. આ ઘટનામાં ૧૨થી ૧૫ દુકાનો આગમાં સ્વાહા થઇ ગઇ હતી. આ ઘટના બાદ ગામમાં અજંપાભરી શાંતિ હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી એ પહેલાં ભાંગફોડ કરનારાઓ ભાગી ગયા હતા. નજીવી બાબતે ટંટાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યા બાદ પાળધીમાં કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો હતો. પોલીસે આ કેસમાં અમુક શંકાસ્પદને તાબામાં લીધા છે. ગામમાં શાંતિ જાળવવા અને અફવા પર વિશ્વાસ ન મૂકવાની અપીલ પોલીસે કરી હતી. દરમિયાન પોલીસે આ કેસમાં ૨૦થી ૨૫ જણ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. ઘટનાની માહિતી આપતાં પોલીસે જણાવ્યું હતું કે ૩૧મી ડિસેમ્બરના રોજ ગુલાબરાવ પાટીલનું કુટુંબ વાહનમાં જઇ રહ્યું હતું. પાટીલના ડ્રાઈવરે હોર્ન વગાડવાને કારણે રોષે ભરાયેલા બે જૂથ વચ્ચે બોલાચાલી થઇ હતી અને બંને જૂથ વચ્ચે છૂટા હાથની મારામારી થઇ હતી. વીફરેલા ટોળાએ વાહનો પર પથરાવ કરીને કાચ ફોડ્યા હતા અને દુકાનોમાં આગ લગાવી હતી. ગામમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઊભી થઇ હતી. જળગાંવના એસપીએ દરમિયાનગીરી કરીને મામલાને થાળે પાડ્યો હતો. કોઇ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને એ માટે પોલીસ તહેનાત કરી દેવામાં આવી છે. આગ લગાવનારી વ્યક્તિઓ કોણ હતી એ બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે. બેથી ચાર જણને પોલીસે તાબામાં લઇને પૂછપરછ હાથ ધરી હતી. એ લોકો પાસેથી જે માહિતી મળશે તેને આધારે કાર્યવાહી શરૂ કરવામાં આવશે, એવું એસપીએ જણાવ્યું હતું. ■

### દીકરીના હાથ પીળા થવાના હતા એ જ દિવસે દુકાન બાળી



પાળધી ગામમાં મંગળવારે થયેલી હિંસામાં તોફાની તત્ત્વોએ અનેક દુકાનોને આગ ચાંપી હતી. આ ઘટનામાં ફૂટવેરની દુકાન ધરાવનાર મહેશ શિંપીની દુકાન પણ બળીને ખાખ થઇ ગઇ હતી. દુકાનના આધારે પરિવારનું ભરણપોષણ ચાલતું હતું અને તોફાની તત્ત્વોએ તેને આગ ચાંપી હતી. એક તરફ શિંપી પરિવારમાં દીકરાનાં લગ્નનો ઉત્સાહ હતો, પણ નિયતિને એ મંજૂર નહોતું. તેના માટે કમનસીબ ઘટના એ હતી કે દીકરીના હાથ પીળા થવાના હતા એ જ દિવસે આખો પરિવાર રસ્તા પર આવી ગયો હતો. ■





**ક્યાંક સાધના, ક્યાંક મસ્તી તો ક્યાંક આનંદ...:** (ઉપર)આગામી વર્ષ વીતેલા વર્ષ કરતાં વધુ સારું જાય એવી પ્રાર્થના સાથે શહેરીજનોએ નવા વર્ષની વહેલી સવારે સિદ્ધિવિનાયકનાં દર્શન કર્યાં હતાં. (ઉપર જમણે) નવા વર્ષને આવકારવા માટે આગલા દિવસની પૂર્વ સંધ્યાએ ૩૧મી ડિસેમ્બરની થર્ટી ફર્સ્ટની નાઈટને યાદગાર બનાવી હતી. મરીન ડ્રાઈવ પર જમા થયેલી માનવમેદનીને જોતા એટલું જણાય છે કે શહેરના તમામ લોકો અહીં જ એકઠા થયા હતા. શહેરીજનોએ થર્ટી ફર્સ્ટના માહોલની વચ્ચે મજા અને મસ્તીનો આનંદ લૂંટ્યો હતો. (નીચે) થર્ટી ફર્સ્ટમાં દારૂનો નશો કરનારાઓને સબક શિખવાડવા શહેરના ઠેકઠેકણે પોલીસ બંદોબસ્ત ગોઠવી રાખવામાં આવ્યો હતો. તેના ભાગરૂપે પોલીસે અનેક કાર સામે કાર્યવાહી કરીને તેને જપ્ત કરી હતી. (નીચે જમણે) કાર્યરત કામા હોસ્પિટલમાં નવા વર્ષના સ્વાગત સાથે એક મહિલાએ ત્રણ બીટા બાળકને એક, બે નહીં પણ ત્રેવડી ખુશી માતા-પિતાને મળી હતી. બે દીકરા અને એક દીકરીને જન્મ આપનારી માતા અને સંતાનો હેમખેમ છે ૨૦૨૪ સુધી જન્મેલા બાળકોને આલ્ફા બાળકો કહેવાય છે જ્યારે ૨૦૨૫માં જન્મેલાં બાળકોને બીટા બાળકો કહેવાય છે. (અમય ખરાડે)



# નવા વર્ષે પોલીસનો જબરો સપાટો

## ૨૩,૪૭૦ ડ્રાઈવરો દંડાયા | ૮૯ લાખનો દંડ વસૂલાયો



મુંબઈઃ મહાનગરમાં નવા વર્ષની ઉજવણી વખતે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ૨૩,૪૭૦ વાહનચાલકો દંડાયા હતા, જેમાં દારૂ ઢીંચીને વાહન હંકારનારા ૩૩૩ ચાલકોનો સમાવેશ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ટ્રાફિક પોલીસે ૧૭,૮૦૦ વાહનચાલકો સામે કાર્યવાહી કરીને ચલાન દ્વારા ૮૯.૧૯ લાખનો દંડ વસૂલ્યો હતો, જ્યારે શહેર પોલીસે ૫,૬૭૦ ચાલકો સામે કાર્યવાહી કરી હતી.

નવા વર્ષની ઉજવણી દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થાની ખરાબ સ્થિતિ નિર્માણ ન થાય તે માટે શહેરમાં પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસે સંવેદનશીલ વિસ્તારોની તપાસ કરવા સાથે ૧૦૭ સ્થળોએ નાકાબંધી કરી હતી, જેમાં ૪૬,૧૪૩ વાહનોને ચકાસવામાં આવ્યાં હતાં.

બીજી તરફ ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રન્ક એન્ડ ડ્રાઇવ વિરુદ્ધ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જે બુધવાર સવાર સુધી ચાલી હતી.

ઉજવણીમાં દારૂ પીને વાહન નહીં હંકારવા માટે પોલીસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છતાં ૩૩૩ વાહનચાલક દારૂના નશામાં વાહન હંકારતા મળી આવ્યા હતા, જેમને પોલીસ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન વાહનવ્યવહારમાં અડચણ ઊભી કરવા બદલ ૨,૮૯૩ વાહનચાલકો સામે, હેલ્મેટ વિના વાહન હંકારનારા ૧,૯૨૩ વાહનચાલકો સામે, સિગ્નલ તોડવા બદલ ૧,૭૩૧ સામે, લાઇસન્સ વિના વાહન ચલાનારા ૫૮૧ સામે, સીટબેલ્ટ વગર વાહન ચલાવનારા ૪૩૨ સામે, ટ્રિપલ સીટ બાઇક ચલાવનાર ૧૨૩ સામે, ડ્રાઇવિંગ વખતે મોબાઇલ પર વાત કરનારા ૧૦૯ સામે, વિરુદ્ધ દિશામાં વાહન લઇ જનારા ૪૦ જણ સામે તેમ જ મોટર વેહિકલ એક્ટની અન્ય જોગવાઇઓ હેઠળ અન્ય વાહનચાલકો સામે કાર્યવાહી કરાઇ હતી. ■

# નવું વર્ષ, જૂના ધાંધિયા: રેલવેનું ટિકિટ બુકિંગ પોર્ટલ ઠપ, પ્રવાસીઓ પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતીય રેલવેમાં રિઝર્વેશન ટિકિટ બુકિંગના ઓનલાઈન આઈઆરસીટીસી (ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન)) પોર્ટલ પર આજે નવા વર્ષના પહેલા દિવસે ટિકિટ બુકિંગ કરવામાં મુશ્કેલી પડતા પ્રવાસીઓએ નારાજગી વ્યક્ત કરી હતી, જ્યારે અનેક સરકારી વેબસાઈટમાં પણ ટેક્નિકલ મુશ્કેલી ઊભી થઈ હતી.

છેલ્લા કેટલાક દિવસોથી ઓનલાઈન ટિકિટ બુકિંગ કરવામાં મુશ્કેલી પડી રહી છે. બુકિંગના સમયે ઑનલાઇન ટિકિટ બુક થઈ શકતી નથી. એક અઠવાડિયામાં ત્રીજી વખત બુકિંગ કરવામાં મુશ્કેલી પડી છે. દિવસે કે પછી સાંજે બુકિંગ કરી શકતા નથી. પહેલા કરતાં બુકિંગ કરવાની પ્રક્રિયા વધારે જટિલ બનાવી છે. ટિકિટ બુકિંગના રિઝર્વેશન પહેલા બે ત્રણ મિનિટ લાગતી હતી, જે હવે ચાર પાંચ મિનિટ લાગે છે, એમ બોરીવલીના રહેવાસી અનિલ પંડ્યાએ જણાવ્યું હતું.

દરેક વખત રેલવે પ્રશાસન તરફથી દિલગીરી વ્યક્ત કરવામાં આવે છે અને આજે પણ સવારથી ટિકિટ બુકિંગ નહિ થતા અમારી બહારગામ જવાની યોજના પર પાણી

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ૨૦૦૦ કરોડનું એસટી કૌભાંડ

## ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને વિધાનસભા ચૂંટણી પહેલા ૧૩૧૦ બસ ભાડે આપવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી

મુંબઈઃ રાજ્ય પરિવહન નિગમ (એસટી) દ્વારા ૧૩૧૦ બસને લીઝ પર લેવાના નિર્ણયને અંધારામાં રાખવામાં આવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે અને આ નિર્ણય વિવાદમાં સપડાયો છે. આ વ્યવહારમાં કોર્પોરેશને કોન્ટ્રાક્ટર પર વિશેષ મહેરબાની કરી હોવાનું કહેવાય છે અને તેના કારણે કોર્પોરેશનને અંદાજે બે હજાર કરોડનું આર્થિક નુકસાન થવાની શકયતા છે. હવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ નિર્ણયને સ્થગિત કરી દીધો છે અને સૂત્રોએ એવી માહિતી આપી છે કે, પરિવહન વિભાગના ઉચ્ચ સચિવ મારફતે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

મહત્ત્વની બાબત એ છે કે ગુજરાતમાં ૨૨-૨૪ રૂપિયા પ્રતિ કિલોમીટરના દરે વાતાનુકૂલિત બસ ભાડે લેવામાં આવી છે, ત્યારે મહારાષ્ટ્રમાં સાદી બસો ૩૪.૩૦ થી ૩૫.૪૦ રૂપિયા પ્રતિ કિલોમીટર ડીઝલ વગર ભાડે લેવામાં આવી હોવાથી મોટું કૌભાંડ થયાની આશંકા છે.

ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને વિધાનસભા ચૂંટણી પહેલા ૧૩૧૦ બસ ભાડે લેવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી. પ્રચલિત પ્રણાલી મુજબ, વિભાગવાર બસ ભાડે લેવાની પદ્ધતિ બંધ કરવામાં આવી હતી (જુઓ પાનું ૪) ▶▶

# વારંવાર કેમ નાપાસ થાય છે?: આવું પૂછનાર માતા-પિતાની હત્યા કરી એન્જિનિયરિંગના વિદ્યાર્થીએ

નાગપુરઃ કોલેજમાં વારંવાર નાપાસ થવા બદ્દલ માતા-પિતા દ્વારા પુછાતાં રોષે ભરેલા એન્જિનિયરિંગ વિદ્યાર્થીએ માતા-પિતાની હત્યા કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા યુવાન વારંવાર નાપાસ થતો હોવાથી તેના માતા-પિતાએ તેને આ અંગે પૂછ્યું હતું. માતા-પિતાનું પૂછવાનું સહન ન થતાં છોકરાએ તેના માતા-પિતાને મારી નાખ્યા.

નવા વર્ષના પહેલા જ દિવસે કપિલનગર પોલીસ સ્ટેશનની હદમાં આ ડબલ મર્ડરનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. મૃત દંપતીની ઓળખ લીલાધર ડાખોળે અને અરુણા ડાખોળે તરીકે થઈ છે. પોલીસે હત્યાની તપાસ કર્યા બાદ આરોપી ઉત્કર્ષ લીલાધર ડાખોળેની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર એન્જિનિયરિંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા ૨૪ વર્ષીય ઉત્કર્ષ છેલ્લા બે વર્ષથી વારંવાર નાપાસ થતાં તેની માતાએ તેને બેલકવાડાના તેમના ખેતરનો કબજો લેવા કહ્યું. પિતાએ પણ તેને એન્જિનિયરિંગ છોડી આયટીઆય કે પોલિટેકનિકમાં એડમિશન લેવાની સલાહ આપી હતી. ૨૫ ડિસેમ્બરે તેના પિતાએ ઉત્કર્ષને માર માર્યો હતો, જેના કારણે રોષે ભરાયેલા ઉત્કર્ષે તેના માતા-પિતાને મારવાનું કાવતરું ઘડ્યું હતું. ૨૬ મી ડિસેમ્બરે માતા પેપર ચેક કરવામાં વ્યસ્ત હતી, ત્યારે ઉત્કર્ષે તેની માતાનું બંને હાથ વડે ગળું દબાવી હત્યા કરી હતી. એક કલાક પછી તેના

(જુઓ પાનું ૪) ▶▶




### બીડના સરપંચની હત્યાનો કેસ

# એસઆઈટીની રચના

## ત્રણને સમન્સઃ વાલ્મિક કરાડને ૧૪ દિવસના રિમાન્ડઃ મસ્સાજોગના લોકોનું જળ સમાધિ આંદોલન

બીડઃ બીડના મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યાની તપાસ માટે મહારાષ્ટ્ર સરકારે ૧૦ સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ની રચના કરી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. હારાષ્ટ્રની સીઆઈડીએ ખંડણી કેસની તપાસ શરૂ કરી છે અને આ કેસમાં કડી ધરાવતા ત્રણ જણને સમન્સ મોકલવામાં આવ્યા છે, એવું સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું.બીડ જિલ્લામાં સરપંચની હત્યા સાથે જોડાયેલા ખંડણી કેસમાં ફરાર વાલ્મિક કરાડે પુણેમાં શરણાગતિ સ્વીકાર્યા બાદ તેને ૧૪ દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. તે મહારાષ્ટ્ર એનસીપીના પ્રધાન ધનંજય મુંડેના નજીકના સાથી હોવાનું માનવામાં આવે છે.

મંગળવારે સવારે પુણેની ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ્સ (સીઆઇડી)ની

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રદૂષણ પર લગામ તણાશે પછી જ ભાયખલામાં કન્સ્ટ્રકશન કામ શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે બહાર પાડેલી ગાઈડલાઈનને અમલમાં લાવીને જ ડેવલપરોને કામ કરવું પડશે અને જ્યાં સુધી વાયુ પ્રદૂષણ સંપૂર્ણ રીતે નિયંત્રણમાં આવતું નથી ત્યાં સુધી 'ઈ' વોર્ડ ભાયખલામાં તમામ પ્રકારનાં બાંધકામ પર પ્રતિબંધ રહેશે એવી ચોખ્ખા શબ્દોમાં પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ સ્પષ્ટતા કરી છે. એ સાથે જ બુધવારે તેમણે મુંબઈ સેન્ટ્રલમાં ચાલી રહેલા મેટ્રોના કામની સમીક્ષા કરીને વારંવારની સૂચના આપ્યા બાદ પણ નિયમોનું પાલન નહીં કરનારા પ્રોજેક્ટ સામે આકરાં પગલાં લેવાની સૂચના પણ આપી હતી. આ દરમિયાન સમગ્ર શહેરમાં ખાનગી અને સાર્વજનિક કન્સ્ટ્રકશન સાઈટ પર અત્યાર સુધી કુલ ૪૪૩ સ્પોટ વર્કની નોટિસ ફટકારવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું (જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.